MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । રવિવાર । તા. ૨૬-૦૧-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 ચીનમાં કોરોના વાયરસનો કાળો કેર: ૪૧ લોકોને ભરખી ગયો

5 પાકિસ્તાનની ભારતને ધમકી: અમારે ત્યાં એશિયા કપ રમો બાકી અમે WCમાં નહીં આવીએ

8 ઈસ્કોન મંદિરમાં પ્રજાસત્તાક દિને ૬૦૦ કિલો વિદેશી ફુલોથી શ્રીકૃષ્ણનો અભિષેક થશે

12 આર્મીમાં ફરજ બજાવતા પતિની અંતિમક્રિયામાં ભાગ લેવા પત્નીએ હેલ્પલાઈનના દ્વાર ખખડાવ્યા

બ્રાઝિલના રાષ્ટ્રપતિ દિલ્હીની રાજપથ પરેડમાં થશે સામેલ

આજે દેશભરમાં ૭૧મા ગણતંત્ર દિવસની ઉજવણી

સમગ્ર દિલ્હી લશ્કરી છાવણીમાં ફેરવાયુ, ભારે સુરક્ષા વચ્ચે રાષ્ટ્રપતિ રાજપથ પર તિરંગો ફરકાવશે, લશ્કરી પરેડમાં જોવા મળશે અપાચે અને ચિનૂક હેલિકોપ્ટરો, ૧૭ હજાર પોલીસની સાથે તમામ સુરક્ષા એજન્સીઓ એલર્ટ



ન્યુ દિલ્હી

વિશ્વની સૌથી મોટા લોકશાહી ધરાવનાર ભારત પોતાના ૭૧મા ગણતંત્ર દિનની રંગેચંગે ઉજવણી માટે સુસજ્જ બન્યું છે. આવતીકાલ ૨૬ જાન્યુઆરીના રોજ રાજધાની દિલ્હીના રાજપથ પર પારંપારિત લશ્કરી પરેડની સાથે ગુજરાત સહિતના વિવિધ રાજ્યોની કલા સંસ્કૃતિની ઝાંખી કરાવતા ટેબ્લો પણ નિહાળવા મળશે. ભારતના ૭૧ ગણતંત્ર દિવસના ખાસ મહેમાન તરીકે આ વખતે બ્રાઝીલના રાષ્ટ્રપતિ જેયર બોલસોનારોને

અનુસંધાન પાના નં. ૭

નાગરિકતા કાયદાની વિરુદ્ધ રાજસ્થાન વિધાનસભામાં પ્રસ્તાવ પાસ

કેરળ, પંજાબ બાદ પ્રસ્તાવ પાસ કરનાર રાજસ્થાન ત્રીજુ રાજ્ય



જયપુર – નાગરિકતા સંશોધન કાયદા વિરુદ્ધ પ્રસ્તાવ પાસ કરનાર રાજસ્થાન ત્રીજું રાજ્ય બની ગયું છે. આ પહેલા કેરલ અને પંજાબ વિધાનસભામાં પણ આ કાયદા વિરુદ્ધ પ્રસ્તાવ પાસ કરી દેવામાં આવ્યોછે. તો મમતા બેનર્જીના નેતૃત્વ વાળી પશ્ચિમ બંગાળની સરકાર પણ આ કાયદા વિરુદ્ધ ટૂંક સમયમાં પ્રસ્તાવ લાવવાની છે. આ સિવાય કોંગ્રેસ શાસિત અન્ય રાજ્યો પણ આ કાયદાનો વિરોધ કરી રહ્યાં છે અને તે પણ પ્રસ્તાવ લાવી શકે છે. સીએએની વિરુદ્ધ પ્રસ્તાવ પસાર કરાતા ભાજપના ધારાસભ્યોએ વિધાનસભામાં સૂત્રોચ્ચાર કર્યા હતા. રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહલોતે જણાવ્યું હતું કે, તેમની સરકાર કેન્દ્રના આ

અનુસંધાન પાના નં. ૭

પાકિસ્તાની અને બાંગ્લાદેશી મુસ્લિમોને પણ હાંકી કાઢોઃ શિવસેના

સામનાના અગ્રલેખમાં રાજ ઠાકરેની પણ ટીકા કરાઈ

મુંબઈ

કોંગ્રેસ અને એનસીપીના ટેકાથી મહારાષ્ટ્રમાં સરકાર રચનારી શિવસેનાએ પોતાનું અસલ સ્વરૂપ દેખાડતાં જણાવ્યું હતું કે પાકિસ્તાન અને બાંગ્લા દેશમાંથી આવેલા મુસ્લિમોને તગેડી કાઢો. પક્ષના મુખપત્ર સામનામાં લખેલા અગ્રલેખમાં આ માગણી કરવામાં આવી હતી.

અગ્રલેખમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના રાજ ઠાકરેની પણ મજાક ઊડાવવામાં આવી હતી. લખ્યું હતું કે પાકિસ્તાની અને બાંગ્લા દેશી મુસ્લિમોને હાંકી કાઢવા માટે કોઈ પક્ષને પોતાનો ધ્વજ બદલવાની ફરજ પડે એ કેવું કહેવાય.

રાજ ઠાકરેનું નામ લીધા વિના અગ્રલેખમાં જણાવ્યું હતું કે મરાઠા પ્રજાના સંવર્ધન મુદ્દે ૧૪ વર્ષ પહેલાં સ્થપાયેલા એક પક્ષે હવે હિન્દુત્વવાદ ઓઢવાનો નિર્ણય કર્યો હતો.

રાજ ઠાકરે રવિવારે શિવસેનાના સ્થાપક પ્રમુખ બાળાસાહેબ ઠાકરેના

અનુસંધાન પાના નં. ૭

જમ્મુ-કાશ્મીરમાં મોટી રાહતઃ ૨૦ જિલ્લાઓમાં 2G ઈન્ટરનેટ સેવા શરૂ

૩૦૧ વેબસાઈટ જ એક્સેસ કરી શકાશે

શ્રીનગર

પ્રજાસત્તાક દિવસ પર મોદી સરકારે જમ્મુ-કાશ્મીરના લોકોને મોટી ભેટ આપી છે. શનિવારે ઘાટીના ૨૦ જિલ્લાઓમાં ૨૪ ઈન્ટરનેટ સેવા શરૂ કરવામાં આવી છે. તમામ પોસ્ટપેડ અને પ્રી પેડ સબસ્ક્રાઈબર્સને ઈન્ટરનેટની સુવિધા મળશે. જમ્મુ-કાશ્મીરના લોકો ૩૦૧ વેબ સાઈટ ખોલી શકશે. જો કે સોશિયલ મીડિયાની એપ્લિકેશન પર પ્રતિબંધ યથાવત રહેશે. એક સત્તાવાર આદેશમાં ઈન્ટરનેટ મુક્તિ અંગેની ઉપરોક્ત જાહેરાત કરવામાં આવી છે. કાશ્મીર ઘાટીમાં શુક્રવાર મોડી રાતથી

અનુસંધાન પાના નં. ૭

ભીમા-કોરેગાંવ કેસની તપાસ NIAને સોંપાતા મહારાષ્ટ્ર સરકાર ભડકી

કેન્દ્રના નિર્ણયને મહારાષ્ટ્રે બંધારણના ભંગ સમાન ગણાવ્યો

મુંબઈ

ભીમા કોરેગાંવમાં થયેલી હિંસાની તપાસ હવે નેશનલ ઈન્વેસ્ટિગેટિવ એજન્સી કરશે એવો નિર્ણય કેન્દ્ર સરકારે જાહેર કર્યો હતો. જો કે કેન્દ્રની આ જાહેરાતથી મહારાષ્ટ્રની હાલની મિશ્ર સરકારના પેટમાં તેલ રેડાયું હતું. ખાસ કરીને એનસીપીના સભ્ય અને મહારાષ્ટ્રના ગૃહ પ્રધાન અનિલ દેશમુખે કહ્યું હતું કે હું કેન્દ્રના આ પગલાંનો વિરોધ કરું છું. આ તો રાજ્ય સરકારના અધિકાર પર તરાપ

અનુસંધાન પાના નં. ૭

તુર્કીમાં ભયાનક ભૂકંપઃ ૧૮ લોકોના મોત, ૫૦૦થી વધુ ઘાયલ

૬.૮ની તીવ્રતાના ભૂકંપે ભારે તારાજી સર્જી



અંકારા

તૂર્કીમાં શુક્રવારના રોજ આવેલા ભૂકંપે ખૂબ જ નુકશાન કર્યું છે. રિક્ટર સ્કેલમાં ભૂકંપની તીવ્રતા ૬.૮ માપવામાં આવી છે. ભૂકંપે શહેરમાં ખૂબ જ તારાજી સર્જી છે. આ પ્રાકૃતિક આફતમાં અત્યાર સુધીમાં ૧૮ લોકોને જીવ ગુમાવવા પડ્યા છે તેમજ ૫૦૦થી વધારે લોકો ઈજાગ્રસ્ત થયા છે. હજી પણ કેટલાક લોકો બિલ્ડિંગમાં ફસાયા હોવાનું મનાઈ રહ્યું છે.

ભૂકંપમાં સૌથી વધારે નુકશાન તુર્કીના પૂર્વી ભાગમાં આવેલા ઈલાજિગમાં થયું છે. સરકારી અધિકારીઓના જણાવ્યા અનુસાર પ્રભાવિત વિસ્તારોમાં તાત્કાલિક ધોરણે રાહત બચાવ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. પાડોશી રાજ્યોમાંથી રાહત-બચાવ અધિકારીઓ ભૂકંપ ગ્રસ્ત વિસ્તારોની મદદ માટે આવી ચૂક્યા છે. ભૂકંપ ગ્રસ્ત વિસ્તારમાં ઠંડીની સાથે-સાથે પૂર અને અંધારા સામે પણ ઝઝૂમવું પડી રહ્યું છે.

તુર્કીના રક્ષા મંત્રી હુલસી અકારે કહ્યું કે સેના આ પ્રાકૃતિક આપત્તિમાં મદદ

અનુસંધાન પાના નં. ૭

BANAS
Tel. Fax : 02646-245373(O)
241132(R)
Mob. : 98250 72839
SECURITY & PERSONAL FORCE
DETECTIVE CONSULTANT & SECURITY CONTRACTORS
OFFICE :
MAHAVIR SHOPPING CENTER, BHARUCHI NAKA, NEAR JALARAM TEMPLE, ANKLESHWAR - 393 001.

PHILIPS CARBON BLACK LIMITED
ISO/TS,16949 CERTIFIED COMPANY
MANUFACTURERS OF FURNACE GRADE CARBON BLACK
FACTORY
N.H.NO.-8 PALEJ-392220,DIST-BHARUCH
REGISTERED OFFICE
31, NETAJISUBHAS, ROAD, KOLKATA-700001

Durga
Fire & Safety Consultats
Fine Fighting, Maintenance, Safety & Security Consultants & Contractor
Branch Office: A/21, Indraprasth Shopping Centre, Gr. Floor, Nr. Railway Station, GIDC Ankleshwar Ph.: (O) 02646- 394582 (R) 02642- 260101 Mob.: 98241 76721
Resi.: Panch Fanas, M.G. Road, Bharuch- 392 001.

GOVERMENT RECOGNISED
BCM BETTER CAREER MANAGEMENT
LEARN FROM EXPERTS...
GET GOVT. CERTIFICATE...
100% JOB SUPPORT
JOB ORIENTED COMPUTER COURSE
• TALLY WITH GST
• DTP
• WEB DESIGN
• CCC
• SPOKEN ENGLISH
• PERSONALITY DEVELOPMENT
• IELTS
• FRENCH
NEW YEAR OFFERS
UP TO DISCOUNT 30% ON COURSE FEES
PATEL PARK 9825160603
HONEY PARK 9825042891
DELHI GATE 9979860058

યુરોપમાં કોરોના વાયરસની એન્ટ્રી, ફ્રાંસમાં ત્રણ કેસ પોઝિટિવ

ચીનમાં કોરોના વાયરસનો કાળો કેર: ૪૧ લોકોને ભરખી ગયો

કોરોના વાયરસ ૧૨ દેશોમાં પહોંચ્યો, ચીનમાં ૮૦૦થી વધુ લોકો આ વાયરસની ઝપેટમાં, ભારતમાં પણ ૧૨ દર્દીઓ હોસ્પિટલમાં ડોક્ટર્સના અન્ડર ઓબ્ઝર્વેશનમાં

બીજિંગ/પેરિસ

ચીનમાં ફેલાયેલા ભયાનક કોરોના વાયરસ હવે ધીમે ધીમે દુનિયાના અન્ય દેશોમાં પણ પગપેસારો કરી રહ્યો છે. ભારત, થાઈલેન્ડ, અમેરિકા, તાઈવાન, જાપાન, વિયેતનામ, સિંગાપુર બાદ હવે આ વાયરસે યૂરોપમાં પણ દસ્તક દીધી છે. ફ્રાંસમાં ૩ લોકો કોરોના વાયરસથી પીડિત હોવાની જાણ થતા જ ખળભળાટ મચી જવા પામ્યો છે. ચીનમાં આ વાયરસ અત્યાર સુધીમાં ૪૧ લોકોને મોતના મુખમાં ધકેલી ચુક્યો છે અને ૮૦૦થી વધુ લોકો આ વાયરસની ઝપેટમાં છે.

ફ્રાંસના આરોગ્ય પ્રધાન એગ્નેસ બુજિને જણાવ્યું હતું કે, પહેલો કેસ સાઉથ વેસ્ટર્ન સિટીમાં નોંધાયો છે, જ્યારે બીજો કેસ પેરિસમાં. કોરોના વાયરસગ્રસ્ત ત્રીજો વ્યક્તિ એક પીડિતનો જ એક સંબંધી છે. આ ત્રણેય તાજેતરમાં જ ચીનથી પાછા ફર્યા છે અને



મુંબઈમાં દાખલ ૩માંથી ૨ રિપોર્ટ નેગેટિવ

કોરોના વાયરસ ઈન્ફેક્શનની શંકાના કારણે ૩ લોકોને મુંબઈની કસ્તુરબા ગાંધી હોસ્પિટલના સ્પેશિયલ વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમાંથી ૨ના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે.

તેમને હાલ ડૉક્ટરોની દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે. એગ્નેસ કહ્યું કે યુરોપમાં પહેલીવાર કોરોના વાયરસના આ ત્રણ કેસ સામે આવ્યા છે. અમે જાણીએ છીએ કે જે દર્દીઓ ફ્રાંસમાં આવ્યા છે તેઓ જરુર કોઈ સંબંધી અને મિત્રોને મળ્યા હશે અમે તેમની પણ શોધ કરી રહ્યા છીએ.

એગ્નેસે જણાવ્યું હતુંકે, આગની માફક જ આ બિમારીનો સત્વરે ઉપયોગ કરવો પડે છે અને જેટલુ બને એટલુ જલ્દી તેનો સ્ત્રોત શોધવો જરૂરી છે. પહેલો દર્દી ૨૨ જાન્યુઆરીએ ચીનના વુહાનથી પાછો ફર્યો હતો. વુહાન ચીનનો એ જ વિસ્તાર છે જ્યાં કોરોના વાયરસ સૌથી વધુ સક્રિય છે.

બીજી બાજુ ભારતમાં પણ કોરોના વાયરસના ભયથી સેંકડો લોકોની તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાંથી શંકાસ્પદ જણાતા ૧૨ લોકોની હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે. જેમાં સૌથી વધારે ૭ લોકો કેરળના છે. જ્યારે ૩ મુંબઈના. હૈદરાબાદ અને બેંગલુરુનો ૧-૧ દર્દી પણ સારવાર હેઠળ છે. આ લોકો તાજેતરમાં જ ચીન અને હોંગકોંગમાંથી પાછા ફર્યા છે. આ ઉપરાંત ૧૦૦થી વધુ લોકો પર તેમના ઘરમાં જ નજર રાખવામાં આવી રહી છે.

ભારત સરકારના આરોગ્ય મંત્રાલયના એક ઉચ્ચ અધિકારીએ કહ્યું કે અત્યાર સુધીમાં અલગ અલગ દેશમાંથી આવતા ૯૬ પ્રવાસીઓની તપાસ કરવામાં આવી રહી છે. જે પૈકી લગભગ તમામ પ્રવાસીઓ કોરોના વાયરસથી પૂર્ણ રીતે સુરક્ષિત છે.

ચીનમાં ફેલાયેલા કોરોના નામના વાયરસથી દુનિયાભરમાં ફફડાટ ફેલાયો છે. આ વાયરસના કારણે અત્યાર સુધીમાં ચીનમાં ૪૧ લોકોના મોત નિપજ્યા છે. વાયરસના ભયના પગલે ચીને પોતાના ૧૩ જેટલા શહેરોમાં પબ્લિક ટ્રાન્સપોર્ટ બંધ કરવાની ફરજ પડી છે. જેના કારણે ૪ કરોડો લોકોના અવરજવર પર પ્રતિબંધ આવી ગયો છે. ચીનના નેશનલ આરોગ્ય વિભાગે જણાવ્યું દેશના કુલ ૨૦ પ્રાંતીય સ્તરેથી કુલ ૧૦૭૨ જેટલા શંકાસ્પદ કેસ સામે આવ્યા છે.

શું છે કોરોના વાયરસ?

તમને જણાવી દઈએ કે કોરોના વાયરસ બેક્ટેરિયાનો સમૂહ છે. જે સામાન્ય શરદીથી લઈને શ્વસન તંત્રની ગંભીર સમસ્યા પેદા કરી શકે છે. કોરોના વાયરસથી સંક્રમિત થતા વ્યક્તિમાં તાવ, શરદી, શ્વાસ લેવામાં તકલીફ, હાંફી જવુ જેવા લક્ષણ નજરે પડે છે. કોરોના વાયરસ માટે હજુ સુધી કોઈ ઈલાજ શોધી શકાયો નથી. તેમજ કોઈ રસી પણ હાલ ઉપલબ્ધ નથી.

ચીનમાં કોરોના વાયરસની ચપેટમાં ભારતીય શિક્ષિકા: ભાઈએ સારવાર માટે મદદ માંગી

બીજિંગ

ચીનમાં કોરોના વાયરસનું ઈન્ફેક્શન સતત વધી રહ્યું છે. આ દરમિયાન ચીનમાં ૪૧ વર્ષના ભારતીય શિક્ષક પ્રીતિ મહેશ્વરી પણ કોરોના વાયરસના ઈન્ફેક્શનમાં સપડાઈ ગયા છે. પ્રીતિની હૌઝોંગ યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી એન્ડ શેનઝેન હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. તેમને અહીં ૧૧ જાન્યુઆરીના રોજ દાખલ કરવામાં આવ્યા છે. ગઈ કાલે (શુક્રવારે) તેમની હાલત ગંભીર થતાં તેમને આઈસીયુમાં શિફ્ટ કરવામાં આવ્યા છે.

પ્રીતિ મહેશ્વરીને હાલ વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા છે. પ્રીતિ મહેશ્વરી શેંજેનવની ઈન્ટરનેશનલ સ્કૂલમાં ટીચર છે. ચીનમાં તેમની સારવાર માટે ૧૦ લાખ યુઆનનો ખર્ચ જણાવવામાં આવ્યો છે. મહેશ્વરીની સારવાર માટે એમેઝોન બેંગલુરુમાં નોકરી કરતા તેના ભાઈ મનીષ થાપાએ રૂ. ૧ કરોડના ફંડની મદદ માંગી છે. અત્યાર સુધી ૯૯૨ દાતાઓ દ્વારા મહેશ્વરીની સારવાર માટે રૂ. ૨૯.૪૩ લાખનું દાન પણ ભેગુ કરી દેવામાં આવ્યું છે.

૯૯૨ દાતાએ પ્રીતિ મહેશ્વરીની સારવાર માટે રૂ. ૨૯.૪૩ લાખનું દાન આપ્યું

પ્રીતિના પતિ આયુષ્માન કોવાલના જણાવ્યા પ્રમાણે, પ્રીતિને વાયરસ હોવાનું ડોક્ટર્સે પણ સ્વીકાર્યું છે. શુક્રવારે પ્રીતિની ગંભીર સ્થીતિને ધ્યાનમાં રાખીને તેમને હોસ્પિટલના આઈસીયુ વોર્ડમાં જ રાખવામાં આવ્યા છે. પ્રીતિના પતિએ જણાવ્યું કે, ડોક્ટર્સે કહ્યા પ્રમાણે, પ્રીતિ હાલ બેભાન છે અને તેમને મળવા માટે ડોક્ટર્સ અમુક કલાકનો જ સમય આપ્યો છે. ડોક્ટર્સે કહ્યું છે કે, તેમની સારવારમાં ઘણો સમય લાગે તેમ છે.

જેલમાં દોષિત વિનય શર્માને ધીમું ઝેર આપવામાં આવી રહ્યું છે: વકીલ

નિર્ભયા કેસ: દિલ્હી કોર્ટે દોષિતોના વકીલની અરજી ફગાવી દેતાં મોટો ફટકો

નિર્ભયાના દોષિતો પોતાને ઈજા ન પહોંચાડે તેથી ટોયલેટમાં પણ તેમના પર નજર

ન્યુ દિલ્હી

નિર્ભયા ગેંગરેપ અને હત્યાના કેસમાં દિલ્હીની એક કોર્ટે દોષિતોના વકીલની અરજી રદ કરી નાખી છે. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે તિહાડ જેલ દસ્તાવેજ નથી આપી રહી. બચાવપક્ષના વકીલે કોર્ટને સૂચના આપી હતી કે તિહાડ જેલના અધિકારીઓએ વકીલ તરફથી માંગવામાં આવેલા સંબંધિત તમામ દસ્તાવેજો પહેલાથી જ આપી દીધા છે. જે અંગે દિલ્હીની કોર્ટે કહ્યું હતું કે આ મામલે કોઈ આદેશની જરૂરિયાત નથી અને કોર્ટે આ અરજી રદ કરી નાખી હતી.

હકીકતમાં, નિર્ભયા ગેંગરેપ મામલાના દોષિત પવન, અક્ષય અને વિનયે પોતાના વકીલના માધ્યમથી એક અરજી દાખલ કરી હતી. ત્રણેયના સંયુક્ત વકીલ એ.પી. સિંહે પટિયાલા હાઉસ કોર્ટમાં કહ્યુ કે તિહાડ જેલ તંત્રએ અત્યાર સુધી તેમને દોષી પવન, અક્ષય અને વિનયના દસ્તાવેજ સોંપ્યા નથી, આ માટે ક્યૂરેટિવ પિટિશન અને રાષ્ટ્રપતિ પાસે દયા અરજી કરવામાં મોડું થઈ રહ્યું છે.

ફાંસીની સજા ટાળવા માટે નિર્ભયાના દોષિત અને તેના વકીલ એક પછી એક નવા નવા કિમિયા અજમાવી રહ્યાં છે. દોષિતોની સાથો સાથ તેમના વકીલ ઓપી સિંહે પણ કોથળામાંથી બિલાડુ કાઢ્યું છે. વકીલે દાવો કર્યો છે કે, જેલમાં દોષિત વિનય શર્માને ધીમું ઝેર આપવામાં આવી રહ્યું છે.

નિર્ભયા મામલામાં ત્રણેય દોષિત તરફથી રજૂ થયેલા વકીલ એસ.પી.સિંહે શુક્રવારે કોર્ટમાં જતા આરોપ લગાવ્યો હતો કે તિહાડ જેલના અધિકારીઓ અમુક દસ્તાવેજ નથી આપી રહ્યા. આ માટે જ તેઓ દયા કે સુધારાત્મક અરજી દાખલ નથી કરી શકતા. તેમણે આરોપ લગાવ્યો કે દોષી વિનય કુમાર શર્મા માટે દયા અરજી અને અક્ષય કુમાર સિંહ અને પવન સિંહ માટે સુધારાત્મક અરજી દાખલ કરવા માટે જરૂરી દસ્તાવેજો જેલના તંત્રએ હજુ સુધી આપ્યા નથી.

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં બે અન્ય દોષિત વિનય અને મુકેશ સિંહની સુધારાત્મક અરજી રદ કરી નાખી છે. રાષ્ટ્રપતિએ શરૂઆતમાં મુકેશની દયા અરજી રદ કરી નાખી છે. કોર્ટના આદેશ પ્રમાણે ચારેય દોષિતોને પહેલી ફેબ્રુઆરીના રોજ સવારે છ વાગ્યે ફાંસી આપવામાં આવશે.

નિર્ભયાના દોષિતોની ફાંસીની તારીખ નજીક આવી રહી છે. પોલીસ પ્રશાસને જણાવ્યું કે ફાંસીની તારીખ નજીક આવતા જ આજકાલ દોષિતોના વર્તનમાં ફેરફાર જોવા મળ્યો છે. ફાંસીની સજાથી બચવા માટે તેઓ પોતાની જાતને નુકશાન ન પહોંચાડી લે તે જેલ પ્રશાસન માટે સૌથી મોટો પડકાર છે. આ માટે જેલ પ્રશાસન ખૂબ જ સાવધાની વર્તી રહ્યું છે. દોષિતો ટોયલેટમાં જાય તે વખતે પણ તેમને એકલા મુકવામાં નથી આવી રહ્યા.

નેપાળ સાર્કનું અધ્યક્ષ પદ પાકિસ્તાનને સુપરત કરવા તૈયાર

કાઠમાંડૂ

નેપાળના વિદેશ પ્રધાન પ્રદીપકુમાર ગ્યાવલીએ જણાવ્યું હતું કે અમે (દક્ષિણ એશિયાના દેશોનાં સંગઠન) 'સાર્ક'નું અધ્યક્ષપદ પાકિસ્તાનને સુપરત કરવા તૈયાર અને ઉત્સુક છીએ. તેમણે આશા વ્યક્ત કરી હતી કે ભારત અને પાકિસ્તાન દ્વિપક્ષી મતભેદ મંત્રણા દ્વારા ઉકેલશે.

નેપાળના વિદેશ પ્રધાને ભારતીય પત્રકારોને જણાવ્યું હતું કે અમે (નેપાળ) છેલ્લાં ચાર વર્ષથી 'સાર્ક'નું અધ્યક્ષપદ સંભાળીએ છીએ અને તે પાકિસ્તાનને સોંપવા આતુર છીએ. તેમણે 'સાર્ક'ની શિખર પરિષદ જલદી યોજાવાની આશા પણ વ્યક્ત કરી હતી.

અગાઉ, 'સાર્ક'ની શિખર પરિષદ ૨૦૧૬માં ઈસ્લામાબાદમાં યોજાવાની હતી, પરંતુ જમ્મુ અને કાશ્મીરમાં ઊંડી ખાતે ભારતીય લશ્કરની છાવણી પરના ત્રાસવાદીઓના હુમલા બાદ તે રદ કરાઈ હતી.

બંગલાદેશ, ભુતાન અને અફઘાનિસ્તાને પણ આ પરિષદમાં ભાગ લેવાનો ઈનકાર કર્યો હતો.

છત્તીસગઢ સરકારે શિક્ષણ સંસ્થાઓમાં દેશના બંધારણ પર ચર્ચા ફરજિયાત કરી

રાજસ્થાન સરકારે સ્કૂલના પુસ્તકોમાં બંધારણની પ્રસ્તાવના ફરજિયાત કરી

જયપુર

રાજસ્થાનની અશોક ગેહલોત સરકારે સ્કૂલના પુસ્તકોમાં બંધારણની પ્રસ્તાવનાને ફરજિયાત કરી દીધું છે. રાજ્ય સરકારે આ નિર્ણય યુવાઓમાં ભારતીય બંધારણ અંગેની જાણકારી વધારવાને લઈને લીધો છે. મુખ્યમંત્રી અશોક ગેહલતોની જાહેરાત બાદ પ્રાઈમરી અને સેકેન્ડરી એજ્યુકેશન વિભાગના મંત્રી (સ્વતંત્ર પ્રભાર), ગોવિંદ સિંહ દોતાસ્રાએ રાજ્યના ટેક્સબુક બોર્ડને આદેશ કર્યો છે કે ધોરણ ૧ થી ૧૨ સુધીની બધી ટેક્સબુકના પહેલા પાના પર બંધારણની પ્રસ્તાવના છાપવામાં આવે.

જ્યારે બીજી તરફ છત્તીસગઢની ભૂપેશ બુઘેલ સરકારે રાજ્યની દરેક શિક્ષણ સંસ્થાઓમાં બાળકો માટે દેશના બંધારણ પર ચર્ચાને ફરજિયાત કરી દીધી છે. ગત શુક્રવારના રોજ આ અંગનો પરિપત્ર બહાર પાડી જણાવામાં આવ્યું છે કે દરેક શૈક્ષણિક સંસ્થામાં બાળકોને એક કલાક ફરજિયાત ભારતીય બંધારણ પર ચર્ચા કરવાની રહેશે. આ ચર્ચા દર સોમવારે કરવાની રહેશે.

છત્તીસગઢ શિક્ષણ વિભાગ તરફથી જે પત્ર જાહેર કરવામાં આવ્યો છે તેમાં જણાવામાં આવ્યું છે કે કયા અઠવાડિયે કયા અધ્યાય પર ચર્ચા કરાશે. ઉલ્લેખનીય છે કે શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવેલા નિર્દેશ અનુસાર આ અઠવાડીયે બંધારણની પ્રસ્તાવના પર ચર્ચા કરાશે.

સીએએ-એનઆરસીના વિરોધમાં સીપીએમ કાર્યકર્તાએ પોતાને આગ ચાંપી

ઈન્દોર

નાગરિકતા સુધારણા કાયદા (સીએએ)-એનઆરસીના વિરોધમાં શુક્રવારે એક સીપીએમ કાર્યકર્તાએ મધ્ય પ્રદેશના ઈન્દોરમાં પોતાને આગ લગાવી દીધી હતી. સીપીએમ કાર્યકર્તાએ આગ લગાવવાની સાથે તેના હસ્તાક્ષર સાથેના પેમ્ફલેટ પણ ફેંક્યા હતા. તેના પર લખવામાં આવ્યું છે કે, આ કાયદો ભારતની સ્વતંત્રતા અને બંધારણને જોખમમાં નાખી દેશે.

૬૫ વર્ષીય રમેશ પ્રજાપતે પહેલા રોડ પર ઉભા રહેલા લોકોને પેમ્ફલેટ વહેંચ્યા હતા ત્યારબાદ પોતાને આગ લગાવી દીધી હતી. હાલ તેની સ્થિતિ ગંભીર છે. 'લાલ સલામ' લખેલા આ પેમ્ફલેટમાં સ્વતંત્રતા સેનાની ભગત સિંહ અને અશફાકઉલ્લા ખાન અને બી આર આંબેડકરની તસ્વીર હતી.

તુકોગંજ પોલીસ સ્ટેશનના ઈન્સપેક્ટર નિર્મલ કુમાર શ્રીવાસે જણાવ્યું છે કે, હાલ કંઈ સ્પષ્ટ નથી કે તેણે ક્યા કારણે પોતાને આગ લગાવી હતી. સ્ટેટ સીપીએમ સેક્રેટરી કૈલાશ લિમ્બોદિયાએ પુષ્ટિ કરી છે કે પ્રજાપત એક પાર્ટીનો કાર્યકર્તા હતો. તેમણે જણાવ્યું હતું કે, અમને માહિતી મળતાની સાથે અમે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. સીપીએમના ડિસ્ટ્રિક્ટ સેક્રેટરી છોટેલાલ શેરાવતે જણાવ્યું હતું કે, પ્રજાપતે ઈન્દોરમાં પાર્ટી દ્વારા આયોજીત વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો.

અભિનેતા એઝાઝ ખાનનું મુખ્યમંત્રી પર વિવાદાસ્પદ નિવેદન

યોગી મુસ્લિમ મહિલાના હાથની થપ્પડ ખાશે તે પછી સાચા સંન્યાસી બની શકશે

મુંબઈ/લખનૌ

અવારનવાર વિવાદાસ્પદ વિધાનો કરવા માટે પંકાયેલા અભિનેતા એઝાઝ ખાને કહ્યુ હતું કે ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ મૂસ્લિમ મહિલાના હાથની થપ્પડ ખાશે તે પછી સાચા સંન્યાસી બની શકશે.

તાજેતરમાં યોગીએ કહ્યું હતું કે મુસ્લિમ પુરુષો ઘરમાં ધાબળા ઓઢીને સુતા છે અને મહિલાઓ ધરણા કરે છે. આ મહિલાઓ કહે છે કે અમે હવે કમજોર થઈ ગયા છીએ એવું પુરુષો કહે છે અને અમને ધરણા કરવા મોકલે છે.નાગરિકતા અંગેના નવા કાયદાની વિરુદ્ધ થઈ રહેલા દેખાવોના સંદર્ભમાં યોગી બોલી રહ્યા હતા.

એના જવાબમાં એઝાઝ ખાને ભડકામણું વિધાન કર્યું હતું કે કોઈ મુસ્લિમ મહિલાના હાથની થપ્પડ ખાધા પછી યોગીની સાન ઠેકાણે આવી જશે. એ ખરા અર્થમાં સંન્યાસી બની જશે. ગયા વરસે એઝાઝ ખાને ટીક ટૉક પર પણ આવું ભડકામણું વિધાન કર્યું હતું કે મુસ્લિમોએ બહાર નીકળીને હિન્દુઓ પર હુમલા કરવાનુ શરૂ કરી દેવું જોઈએ. આપણે આ દેશ પર ૮૦ વર્ષ રાજ કર્યું છે. અત્યારે મૂગા કેમ બેઠા છો. બહાર નીકળો અને હિન્દુઓને કાપી નાખો. ત્યારબાદ એઝાઝની ધરપકડ પણ થઈ હતી.

૧૧,૦૦૦ રૂપિયાના ચક્કરમાં કિન્નરોએ નવજાત બાળકનો ભોગ લીધો...!!

ઝારગ્રામ

પશ્ચિમ બંગાળ સ્થિત ઝારગ્રામમાં એક નવજાત બાળકનું તે સમયે મૃત્યુ થઈ ગયું, જ્યારે તેને કિન્નરોના એક સમૂહે બાળકને માતા પાસેથી ખેંચી લીધુ. પોલીસે જણાવ્યું કે, કિન્નરો નવજાત બાળકની માતા પાસે રૂપિયાની માંગણી કરી રહ્યા હતા. સ્થાનિક લોકો દ્વારા આપવામાં આવેલી જાણકારી અનુસાર બિન્નર થાનાન્તર્ગત ઉત્તર શિલ્ડા નિવાસી ચંદન ખિલાડીના જુડ્વા બાળકોનો જન્મ થયો હતો. જેમા એક બાળકને હૃદય સંબંધી પ્રોબ્લમ હોવાના કારણે તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યુ હતું. જન્મના ૨૦ દિવસ બાદ જ્યારે બાળકને હોસ્પિટલથી ઘરે લાવવામાં આવ્યું, તો ખબર સાંભળી કિન્નરો પણ તેમના ઘરે પહોંચી ગયા. તેમણે ૧૧,૦૦૦ રૂપિયાની માંગણી કરી અને ઈકાર કરવા પર પરિવારજનોને ગાળો આપવા લાગ્યા.

પોલીસે જણાવ્યું કે, કિન્નરોએ માતા પાસેથી બાળકને ઝુંટવી લીધુ અને તેને લઈ ડાન્સ કરવા લાગ્યા. તેના પછી પરિવારજનો ૨૦૦૦ રૂપિયા આપવા પર રાજી થઈ ગયું. આ દરમિયાન બીમાર બાળકને મુશ્કેલી આવી તો તેને તરત જ હોસ્પિટલ લઈ જવામા આવ્યું, જ્યાં તેને મૃત ઘોષિત કરી દેવામાં આવ્યું.

આ ખબર વાયુવેગે ફેલાતા પાડોસિયોએ કિન્નરોને ઘેરી લીધા, જેથી તેઓ ભાગી ના શક્યા. આ પછી પોલીસે ત્રણે કિન્નરોને ટોળાથી છોડાવ્યા. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે, ત્રણે કિન્નરની ધરપકડ કરી લેવામાં આવી છે અને તપાસ ચાલી રહી છે.

જર્મનીના રોટ શહેરમાં ગોળીબાર: છ લોકોના મોત

રોટ

જર્મનીના દક્ષિણ-પશ્ચિમ શહેર રોટમાં ગોળીબારીની ગંભીર ઘટના બની છે. જેમાં છ લોકોના મોત નીપજ્યા છે. પ્રાપ્ય માહિતી મુજબ આ હુમલાના આરોપીને પણ પોલીસે ઝડપી લીધો હતો. આ ઘટના રોટ એમ સી શહેરના રેલવે સ્ટેશન પાસે સ્થિત એક ઈમારતમાં ઘટી હતી. એક સ્થાનિક વેબસાઈટ મુજબ આ ગોળીબારીમાં એક જ પરિવારના છ સભ્યોના મોત નીપજ્યા છે. પરંતુ આ મામલે પોલીસ દ્વારા કોઈ ચોક્કસ માહિતી આપવામાં આવી નથી. પોલીસ હાલમાં તપાસ કરી રહી છે. આ હુમલા પાછળનું કારણ પણ જાણવા મળ્યું નથી, પરંતુ અંગત અદાવતને કારણે આરોપીએ આ સામૂહિક હત્યાને અંજામ આપ્યો હોવાનું માનવામાં આવે છે. આ હુમલામાં કેટલાક લોકો ઘાયલ પણ થયા હતા.

કનેક્ટ ઈન્ડિયન્સ www.connectindians.inમાં જોડાઈ નિયમ મુજબ કામ કરો અને સોળ વર્ષ જુના સમાચારપત્ર (news paper) જંગ એ ગુજરાત www.jungegujarat.inના
PRESS પ્રતિનિધિ બની સમાજમાં પ્રતિષ્ઠા સાથે સંપત્તિ કમાવા તાત્કાલિક વહેલા તે પહેલાંના ધોરણે નિયુક્તિ માટે સંપર્ક કરો. ૯૯૭૮૪૦૬૨૫૭

જોજો ચૂકી જતા આ મોકો

MARKET 4U ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૫૫૦/- ભરી શકે તેવા અને
પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા
૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને
મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો
(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને **જીતો**



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

૨૬ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ

(શરતો લાગુ રહેશે)

9978406257

'આપની પ્રગતિ એજ અમારો નિર્ધાર'

શુ આપ **Market4u** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/-ભરાવી **Market4u**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **Market4u**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U** ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

અને હા જેને **PRESS** માં જોડાવામાં રસ હોય તેઓ પણ સંપર્ક કરી શકશે
PRESS પ્રતિનિધિ બનાવવામાં આવશે (નિયમ લાગુ રહેશે)

MARKET 4U **ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO Mrket4u, Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850
www.jungegujarat.in

Market4u રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી
(રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત
Market4u
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ
Market4u
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U**નું નવું સાહસ
WWW.CONNECTINDIANS.IN

Market4uના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **Market4u** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૫૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **Market4u**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **market4u** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૫૫૦/- ભરો અને અન્યોને **Market4u**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૫૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in • www.market4u.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ *મોકલવાનો ખર્ચ રૂ.૧૦૦/- અલગથી ચૂકવવાનો રહેશે*

CONNECT INDIANS : MLM Plan Rs. 550
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૧ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨
૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૫૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ રૂપિયા ૧૦૦/- એમ કુલ ૬૫૦/- ટ્રાન્સફર કરો . ટ્રાન્જેક્સનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **Market4u**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.jungegujarat.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી સ્થાનેથી...

ભારતના યુવાનો લાંબા સમય બાદ જાગી રહ્યા છે : જાગરુકતાને વધારવાની જરૂર

નાગરિક સુધારા કાનુન સહિત આવા જ અનેક મુદ્દાને લઈને દેશના જુદા જુદા ભાગોમાં ચાલી રહેલા વ્યાપક જનઆંદોલન પર હાલમાં દેશની જુદી જુદી હસ્તીઓ દ્વારા તેમની પ્રતિક્રિયા આપવામાં આવી હતી. જે હસ્તીઓ દ્વારા પ્રતિક્રિયા આપવામાં આવી હતી તેમાં એક પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી પણ છે. બીજા યોગ ગુરૂ બાબા રામદેવ છે. એકબાજુ મુખર્જીએ આ જનઆંદોલન અંગે પ્રતિક્રિયા આપતા કહ્યુ હતુ કે આના કારણે ભારતીય લોકશાહીની જડો વધારે મજબુત બનશે. બીજી બાજુ યોગ ગુરૂ બાબા રામદેવે પ્રતિક્રિયા આપતા કહ્યુ છે કે યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં ભણી રહેલા વિદ્યાર્થીઓએ તેમના કેરિયર પર ધ્યાન આપવાની જરૂર છે. તેમના કહેવા મુજબ ધરણા પ્રદર્શન કરવાનુ કામ રાજનેતાઓ અને રાજકીય પક્ષોના છે. તેમને આવા કામ કરવા દેવાની જરૂર છે. પ્રશ્ન એ થાય છે કે કોની વાત માનવામા આવે તે જરૂરી છે. આંશિક રીતે બાબાની વાતમાં દમ છે. ચોક્કસપણે સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓનુ કામ શિક્ષણ મેળવી તેમના કેરિયર પર ધ્યાન કેન્દ્રિત કરવાનુ છે. પરંતુ શુ તેમની આજ એકમાત્ર જવાબદારી છે. જો આવુ છે તો કેમ દેશની સ્વતંત્રતા માટે લાખોની સંખ્યામાં યુવાનો મેદાનમાં આવ્યા હતા. જેમાં ભગતસિંહ, ચન્દ્રશેખર જેવા લોકો હતા. શુ તેમને તેમના પરિવારના સભ્યોએ કેરિયર બનાવવા માટે કહ્યુ ન હશે. કેમ આ લોકોએ સ્કુલ અને કોલેજ તેમજ ઘર પરિવારને છોડી દઈને સ્વતંત્રતા માટેની લડાઈમાં કુદી પડવાનો નિર્ણય કર્યો હતો. પોતાની પ્રાણોની આહુતિ આપી હતી. વાસ્તવિકતા તો એ છે કે તેમની કુરબાનીના કારણે જ જ આઈજે દેશ ગુલામીથી બહાર આવ્યુ છે. આજે અમે ખુલ્લામાં જે શ્વાસ લઈ રહ્યા છીએ તે તેમના કારણે જ છે. જ્યારે અમે કહીએ છીએ કે આજના બાળકો આવતીકાલના ભાવિ છે તો લોકશાહી માટેની ટ્રેનિંગ પણ તેમને આઈજે જ લેવાની છે. દેશના વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને દેશના મોટા ભાગના બિન કોંગ્રેસી નેતા તો જયપ્રકાશ આંદોલનના કારણે જ આગળ આવ્યા છે. ભારત જ નહી બલ્કે દુનિયાના કેટલાક દેશોમાં આંદોલન થતા રહ્યા છે. હોંગકોંગમાં ચાલી રહેલા આંદોલનનુ નેતૃત્વ કોના હાથમાં છે. મલાલા અથવા તો ગ્રેટા કોણ છે. લોકશાહી માટે ચીનમાં થયેલા આંદોલનમાં પણ યુવાનોની જ ભૂમિકા હતી. ભારતમાં પણ કેટલાક પ્રકારના આંદોલન ચાલી રહ્યા છે. આ બાબત તો કહી શકાય છે કે દેશનુ ભાવિ યુવાનોના હાથમાં છે. આ સારી બાબત છે કે જેપી આંદોલન બાદ લાંબા સમય પછી છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતના યુવાનો જાગી ગયા છે. યુવાનો આગળ આવીને મતદાન પણ કરી રહ્યા છે. જુદા જુદા મુદ્દા પર પોતાના અભિપ્રાય પણ રજૂ કરી રહ્યા છે. આ જાગરુકતા અકબંધ રહે તે જરૂરી છે. તમામયુવાનો જાગૃત બનીને આગળ આવે તે જરૂરી છે. જો કે કાનુનને હાથમાં લઈને દેખાવો કરવા, તોડફોડ કરવાની બાબત યોગ્ય નથી. આના કારણે કાનુન અને વ્યવસ્થાની જટિલ સ્થિતી ઉભી થાય છે. વિષયોને લઈને ડિબેટ કરવાની જરૂર હોય છે. તર્કદાર દલીલો કરવાની હોય છે. ગેરમાર્ગે દોરાઈ જવાની બિલકુલ જરૂર નથી.

વર્તમાન રીટેલ ફુગાવાનો દર સાત ટકા કરતા વધારે છે

આરોગ્ય-શિક્ષણ બજેટ વધારવાની જરૂર

શિક્ષણ -આરોગ્યમાં નવી યોજના લાવવા માટેયોગ્ય સમય દેખાઈ રહ્યો નથી છતાં પહેલ કરવાની જરૂર : જુની યોજનાને અમલી કરવાની જરૂર



બજેટ આજે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે આરોગ્ય અને શિક્ષણના બજેટ પર વધારે ખર્ચ કરવાની જરૂર દેખાઈ રહી છે. જો કે કેટલાક પરિબળોના કારણે હાલત ખરાબ દેખાઈ રહી છે. વર્તમાન સમયમાં રીટેલ ફુગાવાનો દર સાત ટકા કરતા વધારે પહોંચી ગયો છે. આવી સ્થિતીમાં શિક્ષણ અને આરોગ્યમાં નવી યોજના લાવવા માટેનો સમય નથી. જો કે હાલમાં તો જુની જાહેરાતોને જ યોગ્ય રીતે અમલી કરવાની જરૂર દેખાઈ રહી છે. સામાન્ય રીતે જોવામાં આવે તો એવા કાર્યક્રમ પર વધારે ખર્ચ કરવામાં આવે છે જેમના લોકોના કલ્યાણ સાથે સીધા કોઈ સંબંધ રહેલા નથી. જ્યારે સામાજિક યોજનાઓના બજેટમાં કાપ મુકવામાં આવે છે. સરકાર પર એક સંતુલિત બજેટ રજૂ કરવાનો પડકાર રહેલો છે. આરોગ્ય અને કલ્યાણકારી કેન્દ્રો માટે પણ બજેટમાં વધારો કરવાની જરૂર દેખાઈ રહી છે. સરકારે ૨૦૨૦ સુધી એક લાખ ૫૦ હજાર કેન્દ્ર ખોલવા માટેના લક્ષ્ય નક્ક કરેલા છે. આ લક્ષ્યને હાંસલ કરવા માટે બજેટ વૃદ્ધિને જારી રાખવાની જરૂર દેખાઈ રહી છે. કેટલાક રાજ્યોમાં નવા એમ્સ સંચાલન માટે પણ વધારે ફંડની જરૂર દેખાઈ રહી છે. આ ઉપરાંત ટીવી નિયંત્રણ કાર્યક્રમને પણ જારી રાખવા માટે ભારત સરકારની સામે પડકારો રહેલા છે. આરોગ્ય ક્ષેત્રમાં માળખાગત સુવિધાને વધારે મજબુત કરવાની જરૂર દેખાઈ રહી છે. ગ્રામીણ ક્ષેત્રો અને નાના શહેરોમાં ખાસ કરીને વિશેષ ફંડની ફાળવણીને વધારી દેવાની જરૂર દેખાઈ રહી છે. ત્યાં વધુ સંખ્યામાં હોસ્પિટલ ખોલી શકાય તે માટે ત્યાંના લોકોના આરોગ્યને ધ્યાનમાં લેવાની જરૂર દેખાઈ રહી છે. ગ્રામીણ વિસ્તારો અને નાના શહેરોના લોકોને સારવાર લેવા માટે શહેરો તરફ ભાગવુ ન પડે તે માટે પગલા જરૂરી બન્યા છે. વર્તમાન સમયમાં સરકાર માટે આરોગ્ય સુવિધા પર ખર્ચને વધારી દેવા માટે પડકાર છે. જીડીપી વૃદ્ધિ દર ખુબ ઓછો છે. સાથે સાથે આવકવેરા સંકલન પણ ઓછા આંકડામાં છે. બીજી તરફ સરકારની સામે બીજી પ્રાથમિકતા પણ રહેલી છે. કારણ કે પૂર્ણ રીતે આરોગ્ય સુવિધા આપતા પહેલા લોકોની આવકને વધારી દેવા માટેની પણ જરૂર છે. આ દિશામાં પગલા લેવાની જરૂર દેખાઈ રહી છે. આના માટે માળખાગત સુધારા કરવાની જરૂર છે. સાથે સાથે કૃષિ ક્ષેત્રમાં મોટા પાયે રોકાણને વધારી દેવાની જરૂર છે. જો આવુ થશે તો જ ખેડુતો અને સામાન્ય લોકોની આવકમાં વધારો થઈ શકે છે. આવક થશે નહીં તો લોકોને આરોગ્યની સુવિધા કઈ રીતે મળી શકે છે. જેથી વર્તમાન સ્થિતીમાં આ તમામ પરિબળોમાં સંતુલન જાળવી રાખવા માટેની જરૂર દેખાઈ રહી છે. હાલમાં રીટેલ ફુગાવાનો દર સાત ટકા કરતા વધારે છે. આવી સ્થિતીમાં શિક્ષણ અને આરોગ્યના ક્ષેત્રમાં નવી નવી યોજના લાગુ કરવાની બાબત મુશ્કેલ છે. જેથી ની યોજનાઓને જમીન પર યોગ્ય રીતે અમલી કરવાની જરૂર દેખાઈ રહી છે. મોદી સરકારે સ્વચ્છ ભારત અભિયાન બાદ વર્ષ ૨૦૨૪ સુધી પાઈપલાઈન મારફતે ઘર ઘર સુધી પીવાનુ પાણી પહોંચાડવા માટે તૈયારી કરી છે. આ એક વધારે સારી યોજના સાબિત થઈ શકે છે. કારણ કે દેશમાં એક મોટી વસ્તી દુષિત પાણીથી પરેશાન છે. દુષિત પાણી પીવાના કારણે જીવલેણ બિમારીઓ થઈ રહી છે. જો કે આ પ્રકારની યોજના માટે વધારે પૈસાની જરૂર હોય છે. આવી જ રીતે સરકારની પૌષણ સંબંધિત યોજનાઓ પર સરકારને બજેટની ફાળવણીને વધારી દેવાની જરૂર દેખાઈ રહી છે. જો સરકાર બજેટમાં કોર્પોરેટ ક્ષેત્રને ટેક્સમાં મોટી રાહત આપે છે તો તેનાથી મોટા ઉદ્યોગ અને કારોબારી પરિવારોને ફાયદો થશે અને આના કારણે સામાજિક ક્ષેત્રની યોજનાઓને મોટો ફટકો પડી શકે છે. જેથી નાણાં પ્રધાન પાસેથી આવી અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ કોર્પોરેટ ટેક્સમાં મોટી રાહત ન આપે. મેડિકલ ટ્યુરીઝમને પ્રોત્સાહન આપવાની બાબત સારી છે પરંતુ આ રાહતથી શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે સરકારના ખર્ચ પર માઠી અસર થઈ શકે છે. લાંબા સમયથી શિક્ષણ અને આરોગ્યના ક્ષેત્રમાં જીડીપીની વધારે રકમ ખર્ચ કરવાની માંગ ઉઠીરહી છે.

સામાજિક ક્ષેત્રે બજેટમાં વધારો કરવાની જરૂર...

બજેટમાં કેવા પગલા જરૂરી

બજેટ આજે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે આરોગ્ય અને શિક્ષણના બજેટ પર વધારે ખર્ચ કરવાની જરૂર દેખાઈ રહી છે. જો કે કેટલાક પરિબળોના કારણે હાલત ખરાબ દેખાઈ રહી છે. વર્તમાન સમયમાં રીટેલ ફુગાવાનો દર સાત ટકા કરતા વધારે પહોંચી ગયો છે. આવી સ્થિતીમાં શિક્ષણ અને આરોગ્યમાં નવી યોજના લાવવા માટેનો સમય નથી. જો કે હાલમાં તો જુની જાહેરાતોને જ યોગ્ય રીતે અમલી કરવાની જરૂર છે. બજેટમાં નાણાં પ્રધાને કેવા પગલા લેવા જોઈએ તે નીચે મુજબ છે.

- સામાજિક ક્ષેત્ર માટે બજેટમાં વધારો કરવાની તાકીજની જરૂર છે
- સપ્ટેમ્બર ૨૦૧૯ સુધી આયુષ્માન ભારત યોજના હેઠળ ૪૭ લાખ લોકો સારવાર કરાવી ચુક્યા છે અને બજેટમાં વધારો થાય છે તો આ આંકડો વધારે વધી શકે છે
- કોર્પોરેટ ક્ષેત્રને ટેકમાં મોટી રાહત આપવી જોઈએ નહીં કારણ કે રાહત આપવાની સ્થિતીમાં મોટા ઉદ્યોગો અને કોર્પોરેટ પરિવારને ફાયદો થશે પરંતુ સામાજિક ક્ષેત્રની યોજનાઓના ફંડિંગને માઠી અસર થઈ શકે છે
- સંરક્ષણ ક્ષેત્રમાં વધારે રોકાણ કરવાની જરૂર દેખાઈ રહી છે
- મેડિકલ ટ્યુરિઝમને પ્રોત્સાહન આપવાથી કોઈ નુકસાન નથી, આના કારણે રાજસ્વ વધે છે પરંતુ આ રાહતના કારણે શિક્ષણ અને આરોગ્ય સેવામાં સરકારના ખર્ચ પર માઠી અસર થાય છે
- આરોગ્ય સુવિધા પર ખર્ચ વધારી દેવાની બાબત પડકારરૂ છે પરંતુ તે જરૂરી બાબત છે
- પૂર્ણ રીતે આરોગ્યની સુવિધા આપતા પહેલા લોકોની આવકને વધારી દેવા માટે વિવિધ પગલા જરૂરી
- કૃષિ ક્ષેત્રમાં મોટા પાયે રોકાણ કરવાની પણ તાકીદની જરૂર દેખાઈ રહી છે
- આવક નહીં વધે તો લોકોની આરોગ્યની સુવિધા વધી શકે તેમ નથી
- ટીવી નિયંત્રણ કાર્યક્રમને જારી રાખવાની બાબત પણ પડકારરૂપ છે
- ગ્રામીણ ક્ષેત્રો અને નાના શહેરોમાં ખાસ કરીને વિશેષ ફંડ ની ફાળવણીમાં વધારો કરવાની જરૂર છે
- આરોગ્ય અને કલ્યાણકારી કેન્દ્રો માટે બજેટમાં વધારો કરવાની જરૂર દેખાઈ રહી છે
- કેટલાક રાજ્યોમાં નવા એમ્સના સંચાલન માટે વધારે નાણાંની જરૂર છે

બેરોજગારીનો આંકડો રેકોર્ડ સપાટી પર છે

જોબ વધારવા પર ધ્યાન જરૂરી

કેન્દ્રિય નાણાંપ્રધાન તરીકેની જવાબદારી સંભાળી રહેલા નિર્મલા સીતારામન આર્થિક સુસ્તીની સ્થિતી વચ્ચે પહેલી ફેબ્રુઆરીના દિવસે બજેટ રજૂ કરનાર છે ત્યારે બજેટમાં ક્યા ક્યા પગલા લેવામાં આવનાર છે તેના પર તમામનુ ધ્યાન કેન્દ્રિત થઈ ગયુ છે. બજેટમાં રોજગારીની વધુ તક ઉભી કરવાના મામલે મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવનાર છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે બજેટ ઐતિહાસિક સાબિત થાય તેવી શક્યતા છે. બજેટમાં જવાનો, યુવાનો, ખેડુતો અને કર્મચારીઓ પર ખાસ ધ્યાન આપવામાં આવનાર છે. નરેન્દ્ર મોદી સરકારે બજેટને લોકલક્ષી બનાવવા માટે તૈયારી કરી છે.નિષ્ણાંતો કહી રહ્યા છે કે નોટબંધી અને જીએસટી બાદ સામાન્ય લોકોની તકલીફને ઓછી કરવા અને વધારે રાહત આપવા માટે બજેટમાં ઈન્ડસ્ટ્રીઝ અને ખેડુતો પર ખાસ ધ્યાન આપવામાં આવનાર છે. તેમની અપેક્ષાને પૂર્ણ કરવા માટે જુદા જુદા સેક્ટરોના પ્રતિનિધીઓ પોત પોતાની રજૂઆત કરી ચુક્યા છે. અગાઉ ક્યારેય નહી લેવામાં આવેલા પગલા હવે લેવાઈ રહ્યા છે. ગરીબ વર્ગને વધારે પ્રાથમિકતા બજેટમાં આપવામાં આવનાર છે. ટેક્સ ટાઈલ, એન્જિ., મેન્યુફેકચરિંગ, પ્રોસેસિંગ, પંપ મોટર્સ સહિતના ક્ષેત્રો દ્વારા તેમની રજૂઆત કરવામાં આવી ચુકી છે. સરકાર બજેટમાં મુખ્યરીતે સુધારા પર ધ્યાન કેન્દ્રિત કરનાર છે. એલપીજી સબસિડી છોડી દેવા પર પણ ધ્યાન આપવામાં આવે તેવી શક્યતા છે. દેશમાં સામાન્ય લોકો બજેટને લઈને ઉત્સુકત છે. સાથે સાથે યુવાનો રોજગારીને લઈને પરેશાન દેખાઈ રહ્યા હતા. આવી સ્થિતીમાં વર્તમાન સરકારના બીજા બજેટમાં મોદી સરકાર તમામ વર્ગને પ્રભાવિત કરવાના ઈરાદા સાથે બજેટ રજૂ કરી શકે છે. રોજગારીને લઈને નિરાશાજનક ચિત્ર રહ્યુ છે. રોજગારીના મોરચે સરકારને અનેક પહેલ કરવાની તાકીદની જરૂરીયાત દેખાઈ રહી છે.

જરૂર : શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વધારે તબીબો જરૂરી છે

ઓરલ કેન્સર : નિષ્ણાંત તબીબ ઓછા

દેશમાં મેડિકલ ક્ષેત્રને સર્વોચ્ચ પ્રાથમિકતા અપાઈ રહી છે અને વધુ હોસ્પિટલો બની રહ્યા છે છતાં સ્પેશિયાલિસ્ટ તબીબો ઓછા છે



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર છેલ્લા કેટલાક વર્ષોથી મેડિકલ ટ્યુરિઝમને સતત પ્રોત્સાહન આપી રહી છે અને આના કારણે આવક પણ આવી રહી છે. આ બાબત ખુબ સારી છે. બીજી બાજુ દેશના જુદા જુદા રાજ્યોમાં વધારે પ્રમાણમાં એમ્સની શરૂઆત કરવામાં આવી ચુકી છે. નવી નવી મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં બની રહી છે. તબીબોની સીટો પણ વધી રહી છે. તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં પણ સ્પેશિયાલિસ્ટ તબીબોની અછત દેશમાં જોઈ શકાય છે. વસ્તીની સામે તબીબોની સંખ્યા પણ ઓછી રહેલી છે. ગ્રામ્ય વિસ્તારોમાં તબીબો નહીંવત સ્થિતીમાં હોવાના કારણે ગ્રામ્ય લોકોને સારવાર માટે શહેરોમાં આવવાની ફરજ પડે છે. બીજી બાજુ કેન્સર સહિતના રોગના કેસોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. આવી સ્થિતીમાં પણ તબીબો પુરતા પ્રમાણમાં નથી.તાજેતરમાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતમાં મોના કેન્સરને રોકવા અને તેની સારવાર માટે વધુ સર્જનોની જરૂર છે. દેશમાં સર્જનોની ભારે અભાવ દેખાઈ રહ્યો છે. શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં વધુ મેડિકલ સ્પેશિયાલિસ્ટ તબીબોની જરૂર છે. નિષ્ણાંતો અને તબીબોએ આ પ્રકારની પ્રતિક્રિયા આપી છે. ઓરલ એન્ડ મેક્સીલોફેસિયલ સર્જન ડેના પ્રસંગે જાણીતા તબીબ શ્રીરોજ મુખરજીએ કહ્યું હતું કે એસોસિએશન ઓફ ઓરલ એન્ડ મેક્સીલોફેસિએલ સર્જન્સ ઓફ ઈન્ડિયા (એઓએમએસઆઈ)માં આશરે ૩૦૦૦ સર્જન જોડાયેલા છે. આ સંખ્યા એંકદરે ખુબ ઓચી છે. ઓરલ કેન્સર અથવા તો મોના કેન્સરને ભારતમાં સામાન્ય કેન્સર ગણવામાં આવે છે. દર્દીઓમાં જોવા મળતા કેન્સરમાં મોના કેન્સરના દર્દીઓ સૌથી વધારે જોવા મળે છે. આ કેન્સરને રોકવા માટે અમને વધારે સર્જનની જરૂર છે. મુખરજીએ એમ પણ કહ્યું હતું કે મેટ્રો શહેરોમાં ખાનગી સેક્ટરમાં સંખ્યા પ્રમાણમાં સારી છે. પરંતુ મોટા શહેરો સિવાય આ પ્રકારના સ્પેશિયાલિસ્ટ તબીબોની સંખ્યા ઓછી છે. ગ્રામીણ વિસ્તારોમાં મેક્સીલોફેસિયલ તબીબો જોવા મળતા નથી. તેમણે કહ્યું હતું કે આ પ્રકારના તબીબો ચહેરા પર ટિસ્યુ ઈન્જરી અને હાર્ડ ઈન્જરીની સારવાર આપે છે. મોના તમામ પ્રકારના ટ્યુમર, ગળાના ટ્યુમર અને મોના અન્ય કેન્સરની સારવાર કરે છે. જન્મ વખતે રહી ગયેલી ખામીઓમાં પણ સારવાર આપે છે. જાણીતા ઓરલ સર્જન અમિત રોયે કહ્યું છે કે આગામી પાંચ અને આઠ વર્ષના ગાળામાં મોટી સંખ્યામાં આ પ્રકારના તબીબો તૈયાર કરવા પડશે. આના માટે મોટી સંખ્યામાં તબીબોને વિશેષ તાલીમ આપવી પડશે. અમને મોના કેન્સરની સારવાર કરતા તબીબો વધારવા પડશે. પોસ્ટ ગ્રેજુએટ ટ્રેની આની જરૂરીયાત પૂરી કરી શકે છે. આતરરાષ્ટ્રીય ધારાધોરણની દર્ષ્ટિએ મુખરજી માને છે કે ભારતમાં ખુબ સારી સારવાર થાય છે. ક્વાલિટી યુનિફોર્મ નથી જેથી આ દિશામાં આગળ વધવાની જરૂર છે. સારવાર આજે પણ ભારતમાં સૌથી વિકસિત દેશો જેવી જ થાય છે છતાં પગલાની જરૂર છે. ગળાકાપ સ્પર્ધાના સમયમાં વ્યક્તિ ૨૪ કલાક ભાગદોડમાં રહે છે. આવી સ્થિતીમાં તેની લાઈફસ્ટાઈલ ખરાબ થઈ જાય છે. જેના લીધે અનેક પ્રકારની બિમારી થવા લાગે છે. આ વાસ્તવિકતા છે કે અમે સામાન્ય રીતે ઘણી લાપરવાહી પણ રાખીએ છીએ. જમવા ઉપર ધ્યાન કેન્દ્રીત કરીને અમે ઘણી મુશ્કેલીઓને દૂર કરી શકીએ છીએ. ખાવા પીવાની ચીજવસ્તુઓ સાથે જોડાયેલી બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે તે ખૂબ જ જરૂરી છે. આના કારણે રોગપ્રતિકારક શક્તિમાં પણ વધારો થાય છે. આરોગ્ય નિષ્ણાંતોનું કહેવું છે કે સંતુલિત ભોજન ખૂબ જ જરૂરી છે. શરીરના પોષણ મુજબ ધ્યાન આપવામાં આવે તે ખૂબ મહત્વપૂર્ણ છે. કેટલીક એનર્જીની જરૂર છે તે પણ મહત્વપૂર્ણ છે. બિન જરૂરી આડેધડ ડાઈટીંગ કરવાથી નુકસાન થાય છે. લાંબા સમય સુધી ખાવાની કોઈ ખાસ ચીજથી દૂર રહેવાની બાબત પણ યોગ્ય નથી આનાથી અમારા શરીરમાં એ ચીજવસ્તુથી મળનાર પોષક તત્ત્વોની કમી થઈ જાય છે જેથી સંતુલિત ભોજન ખૂબ જ જરૂરી છે. જરૂર કરતા વધુ પ્રમાણમાં ખાવાથી શરીરને નુકસાન થાય છે. વધુ પ્રમાણમાં ભોજન કરવાથી બચી ગયેલી ચીજવસ્તુ શરીરમાં ફેટના રૂપમાં જમા થાય છે. વધુ પ્રમાણમાં કાર્બોહાઈડ્રેટ, પ્રોટીન અને ફેટ ખાવાની સ્થિતિમાં પણ યોગ્ય નથી.



સની લિયોનનો કેસ અકબંધ

બોલિવુડમાં સેક્સ બોમ્બ તરીકે જાણીતી અને સૌથી વધુ લોકપ્રિય હસ્તીઓમાં સામેલ સની લિયોનની બોલબાલા આજે પણ અકબંધ રહી છે. ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં મજબુતી સાથે પગ જમાવી ચુકેલી સની લિયોને ફિનેસને લઈને ક્યારેય બાંધછોડ કરતી નથી. તે ભોજન અને ડાયટના મામલે ખુબ કઠોર નિયમો પાળે છે. તે મોડલ અને અભિનેત્રી તરીકે છે. વર્ષ ૨૦૧૦માં તે ટોપ ૧૨ પોર્ન સ્ટાર પૈકી એક તરીકે રહી હતી. વર્ષ ૨૦૧૨માં તે બોલિવુડમાં પ્રવેશી ગઈ હતી. એ વખતે તે પુજા ભટ્ટની ઈરોટિક થ્રીલર ફિલ્મ જીસ્મ-૨માં દેખાઈ હતી. ત્યારબાદ મુખ્ય પ્રવાહની ફિલ્મોમાં પણ તે ચમકી હતી. તેની ચારેબાજુ પ્રશંસા આજે પણ શિસ્તના કારમે થઈ રહી છે. વર્ષ ૨૦૧૧માં સની લિયોને સંગીતકાર ડેનિયલ વેબર સાથે લગ્ન કર્યા હતા. તે હાલમાં મુંબઈમાં રહે છે. આઈટમ નંબર માટે નિર્માતા નિર્દેશકોની પ્રથમ પસંદ બની ચુકી છે. તે માત્ર હિન્દી ફિલ્મોમાં જ નહીં બલ્કે દક્ષિણ ભારતની ફિલ્મો પણ ઓફર મેળવી રહી છે. બંગાળી ફિલ્મમાં આઈટમ સોંગ કર્યા બાદ તેને અન્ય ભાષાની ફિલ્મની ઓફર મળી રહી છે. સની લિયોન બોલિવુડમાં પોતાની ઈનિંગ્સને લઈને ભારે ખુશ છે. તે બંગાળી ફિલ્મ મામલા, હમલા અને ઝમેલામાં આઈટમ સોંગ કરી ચુકી છે. કિંગ ખાન સાથે રઈસ ફિલ્મ બાદ તેને સતત હોટ આઈટમ સોંગ મળી રહ્યા છે.

ફિલ્મી ગપસપ...

કિશોરાવસ્થામાં એક છોકરો મારો પીછો કરતો હતો : દીયા મિર્ઝા



મુંબઈ

અભિનેત્રી-નિર્માતા દીયા મિર્ઝાએ પોતાની જિંદગીના તે સમયગાળા વિશે વાત કરી જ્યારે તેમને પણ સામાન્ય છોકરીની માફક છેડતીનો સામનો કરવો પડ્યો હતો. તેમણે તે સમયને યાદ કર્યો જ્યારે તેમણે કોઈ સ્ટોકર (પીછો કરનાર અથવા હંમેશા નજર રાખનાર)નો સામનો કર્યો હતો.

દિયા મિર્ઝાએ કહ્યું કે ''જ્યારે હું નાની હતી અને હૈદરાબાદમાં પોતાના ઘરમાં રહેતી હતી ત્યારે મેં પણ એક સ્ટોકરનો સામનો કર્યો હતો. મેં તેમનો સામનો કરતાં તેને તેનું નામ પૂછ્યું. તે સમયે તે છોકરા પાસે કોઈ જવાબ ન હતો. કોઈને પણ એવા લોકોથી ગભરાવવાનું અથવા તેમના વિશે બતાવતાં ડરવું જોઈએ. તેમાં કોઈ શરમની વાત નથી. આ તે સમસ્યાને ખતમ કરવાની ક્ષમતા સાથે આપણને સક્ષમ બનાવે છે અને તેનાથી એક મોટો ફેરફાર પણ આવે છે. આ પ્રકારની વસ્તુઓ બંધ થવી જોઈએ દીયા મિર્ઝાનું માનવું છે કે સુરક્ષા ફક્ત કાનૂની મુદ્દો નથી. તેમણે આગળ કહ્યું કે 'પિતૃસત્તાત્મકતા અને મગજમાં હાલના રૂઢિગત વિચારો સાથે આ ઘણું બધું છે. હિંસાની અભિવ્યક્તિ શારીરિક દુષ્કર્મનો એક ભયાનક મોડ લઈ શકે છે. કિશોરોને પણ આ પ્રકારની હિંસા ધૃણિત અપરાધોને કરતાં જોવાનું મને સ્તબ્ધ કરી દે છે. તેમણે બિન સરકારી સંગઠન સેવા ધ ચિલ્ડ્રન દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં પોતાની વાત રાખી જેની દીયા મિર્ઝા એંબેસડર છે.

'સ્ટ્રીટ ડાન્સર'ની પહેલાં દિવસે ૧૦ કરોડની કમાણી, 'પંગા'નું નબળું ઓપનિંગ

મુંબઈ

વરુણ ધવન-શ્રદ્ધા કપૂરની ફિલ્મ 'સ્ટ્રીટ ડાન્સર ૩ડી'એ પહેલાં દિવસે ૧૦.૨૬ કરોડની કમાણી કરી હતી તો બીજી બાજુ કંગના રનૌતની ફિલ્મ 'પંગા'એ પહેલાં દિવસે ૨.૭૭ કરોડ કમાયા હતાં. ટ્રેડ એનાલિસ્ટ તરન આદર્શની ટ્વીટ પ્રમાણે, રેમો ડિસોઝાની આ ફિલ્મની શરૂઆત વધુ કમાણીથી થવી જોઈતી હતી. કારણ કે આ ફિલ્મ યુથ સેન્ટ્રિક છે. સામાન્ય રીતે આ પ્રકારની ફિલ્મનું બિગ



ઓપનિંગ હોય છે. ફિલ્મ ડિસ્ટ્રીબ્યૂટર, એનાલિસ્ટ તથા મલ્ટીપ્લેક્સ ઓનર રાજ બંસલે કહ્યું હતું કે બંને ફિલ્મે અપેક્ષા પ્રમાણે શરૂઆત કરી નથી. 'પંગા'ના વખાણ કરવામાં આવ્યા પરંતુ કલેક્શન થયું નથી. માઉથ પબ્લિસિટીને કારણે આજે (શનિવારે) કલેક્શન વધી શકે છે. 'સ્ટ્રીટ ડાન્સર'માં વધુ કલેક્શન થાય તેમ લાગતું નથી. જો બીજા દિવસે ફિલ્મના કલેક્શનમાં વધારો નહીં થાય તો બંને ફિલ્મ માટે સર્વાઈવ કરવું મુશ્કેલ છે. તરન આદર્શે ટ્વીટમાં કહ્યું હતું કે મુંબઈ સર્કિટમાં રેમો ડિસોઝાની ફિલ્મ 'સ્ટ્રીટ ડાન્સર'ના કલેક્શન પર અજય દેવગનની ફિલ્મ 'તાનાજી' ભારે પડી છે. ૧૦ જાન્યુઆરીએ રિલીઝ થયેલી આ ફિલ્મ હજી પણ સારી ચાલી રહી છે.

અજયની 'તાન્હાજી'એ ધૂમ મચાવી, ફિલ્મ ૨૦૦ કરોડના ક્લબમાં સામેલ

મુંબઈ

અજય દેવગણ, કાજોલ અને સૈફ અલી ખાન અભિનિત બોલીવુડ ફિલ્મ તાન્હાજી બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી રહી છે. ફિલ્મ રિલીઝ થયાને બે સપ્તાહ પૂર્ણ થયા છે અને બોક્સ ઓફિસના શરુઆતના આંકડાઓને જોતા એવુ અનુમાન છે કે, તાન્હાજીએ ગયા શુક્રવારે ૬ કરોડ રૂપિયાની કમાણી કરી હશે. એ હિસાબે ફિલ્મનું અત્યાર સુધીનું કલેક્શન ૨૦૩.૪૫ કરોડ રૂપિયાની આસપાર પહોંચ્યું હોવાનું અનુમાન છે. જોકે, હજુ સુધી કોઈ સત્તાવાર આંકડાઓ નથી મળ્યા.

તાન્હાજી ૨૦૦ કરોડના ક્લબમાં સામેલ થઈ ગઈ છે. બોક્સ ઓફિસ ઈન્ડિયાની વેબસાઈટ અનુસાર અજય દેવગણની તાન્હાજીએ માત્ર મુંબઈમાં ૧૩ દિવસમાં ૮૮ કરોડ રૂપિયાની કમાણી કરી છે. મહારાષ્ટ્રમાં ફિલ્મનું ધમાકેદાર પ્રદર્શન હજુ પણ ચાલુ છે.

દેશમાં સીએએ અને એનઆરસીને લઈને ચાલી રહેવા વિવાદ છતાં તાન્હાજીએ બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી દીધી છે. અજય દેવગણની ફિલ્મ તાન્હાજીઃ ધ અનસંગ વોરિયરને અગાઉ વિવેચકો મિશ્રિત પ્રતિક્રિયા મળી હતી તેમ છતાં પણ ફિલ્મ બોક્સ ઓફિસ પર સારુ પ્રદર્શન કરી રહી છે.

નસીરુદ્દીનની પુત્રીની દાદાગીરી : ક્લિનિકમાં જઈને મહિલાઓને ઝૂડી નાખી

મુંબઈ

બોલિવૂડના પ્રખ્યાત અભિનેતા નસીરુદ્દીન શાહ અને અનુપમ ખેર વચ્ચેનો વિવાદ હજી થમ્યો નથી. ત્યાં જ તેમની પુત્રી હીબા શાહ પર વેટનરી હોસ્પિટલ તરફથી ગંભીર આરોપો લગાવવામાં આવ્યા છે. હીબા પર ૧૬ જાન્યુઆરીના રોજ વેટનરી ક્લિનિકની બે મહિલા કર્મચારીઓ પર હુમલો કરવાનો આરોપ મૂકાયો છે અને આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. જેનો વીડિયો પણ મુંબઈ



પોલીસને સોંપવામાં આવ્યો છે. એક ફાઉન્ડેશન દ્વારા ફરિયાદ કરવામાં આવી છે કે, જે પ્રાણીઓની સારવાર માટે ક્લિનિક ચલાવે છે. પોલીસે હીબા શાહ વિરુદ્ધ એનસી નોંધ્યો છે અને આ કેસની તપાસ શરૂ કરી છે.

૧૬ જાન્યુઆરીએ વર્સોવાના વાઈલ્ડ વુડ પાર્કમાં રહેતી હીબા શાહની મિત્ર સુપ્રિયા શર્માએ વેટનરી ક્લિનિકમાં નસબંધી માટે બે બિલાડીઓ માટે સ્લોટ બુક કરાવ્યા હતા. પરંતુ કેટલાક કારણોને લીધે તે જઈ શકી નહીં અને બંને બિલાડીઓને લઈ હીબા શાહ ત્યાં પહોંચી હતી. બપોરના ૨.૫૦ની આસપાસ હેબા બિલાડીઓ સાથે ક્લિનિક આવે છે. ત્યારબાદ ક્લિનિકનો સ્ટાફ તેમને ૫ મિનિટ રાહ જોવાનું કહે છે. કારણ કે ક્લિનિકમાં સર્જરી ચાલી રહી હતી. થોડીવાર પછી હીબા ગુસ્સાથી ત્યાં કામ કરતા લોકોને ધમકી આપે છે અને કહે છે કે, તમને ખબર નથી કે હું કોણ છું. હીબા કહે છે, 'તમે આટલા લાંબા સમય સુધી મને રાહ જોવાનું કેમ કહી શકો.

'દિલ તો હેપ્પી હૈ જી'ની અભિનેત્રી સેજલ શર્માએ આત્મહત્યા કરી

મુંબઈ

ટેલિવિઝનની વધુ એક યુવા કલાકારે આત્મહત્યા કરીને પોતાનું જીવન ટૂંકાવી દીધું છે. સેજલ શર્માએ મુંબઈના મીરા રોડ સ્થિત ફ્લેટમાં ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી છે. પોલીસને સેજલની સ્યુસાઈડ નોટ પણ મળી ચૂકી છે. જેમાં તેણે પોતાની મોત માટે કોઈને પણ જવાબદાર ગણાવ્યા નથી. જોકે, પોલીસ આ મામલામાં શક્ય એવી તમામ દિશાઓમાં તપાસ કરી રહી છે.

કાશમારા પોલીસે આ મામલે એક્સિડેન્ટલ ડેથની ફરિયાદ નોંધીને કેસ દાખલ કર્યો છે. પોલીસ સેજલના મિત્રો અને તેના રૂમમેટની પૂછપરછ કરી રહી છે. સેજલ શર્મા ટેલિવિઝનની ફેમસ સીરિયલ 'દિલ તો હેપ્પી હૈ જી'માં કામ કરી ચૂકી છે. આ શો ગયા વર્ષે જાન્યુઆરી મહિનામાં શરૂ થયો હતો અને અધવચ્ચેથી ઓગસ્ટ મહિનામાં શો બંધ થઈ ગયો હતો. સેજલ શર્મા હાલમાં મીરા રોડ સ્થિત એક સોસાયટીમાં ભાડાના મકાનમાં રહી રહી હતી. 'દિલ તો હેપ્પી હૈ જી' સીરિયલમાં તે લીડ એક્ટરની બહેન સિમ્મી ખોસલાનો રોલ પ્લે કરી રહી હતી. પોલીસે જણાવ્યું કે સેજલે સવારે પાંચ વાગ્યે પોતાના બેડરૂમમાં પંખે લટકીને આત્મહત્યા કરી હતી. નામ નહીં જણાવવાની શરતે સેજલના મિત્રોએ પોલીસને જણાવ્યું કે સેજલ ડિપ્રેશન સામે ઝઝૂમી રહી હતી.

રમત જગત વિશેષ

પાર્થિવ પટેલ ૧૦૦ રણજી મેચ રમનારો ગુજરાતનો પ્રથમ ક્રિકેટર બન્યો



નવ દિલ્હી

ગુજરાતના ગૌરવસમાન પાર્થિવ પટેલ સોમવારથી સુરત ખાતે શરૂ થઈ રહેલી વિદર્ભ સામેની મેચમાં રમશે તે સાથે એક નવી સિદ્ધિ હાંસલ કરશે. આ સાથે પાર્થિવ ૧૦૦ રણજી ટ્રોફી રમનારો ગુજરાતનો પ્રથમ ક્રિકેટર બની જશે. રણજી ટ્રોફીના ઈતિહાસમાં ૧૦૦ કે તેથી વધુ મેચ રમનારા ભારતના ઘણા ક્રિકેટર છે પરંતુ ગુજરાતની ટીમમાંથી રમ્યા હોય તેવો પાર્થિવ પ્રથમ ક્રિકેટર છે. આ ઉપરાંત પાર્થિવ પટેલે તેની તમામ મેચ એક જ એટલે કે ગુજરાતની ટીમમાંથી રમી છે જ્યારે અન્ય ખેલાડીઓમાંથી મોટાભાગનાએ ટીમો બદલી હતી.

પાર્થિવ પટેલ માત્ર ૧૦૦ રણજી મેચ રમવામાં જ નહીં પરંતુ અન્ય ઘણી બાબતોમાં ગુજરાતમાંથી પ્રથમ ક્રિકેટર છે. તેણે ૨૦૦૨માં ઈંગ્લેન્ડ સામે ટેસ્ટ મેચ રમીને તેમની કારકિર્દીનો પ્રારંભ કર્યો ત્યારે ગુજરાત તરફથી તે એવો પ્રથમ વિકેટકીપર બન્યો હતા જે ભારત માટે ટેસ્ટ રમ્યો હોય. એ વખતે તે વિશ્વનો સૌથી યુવાન વયનો વિકેટકીપરનો રેકોર્ડ પણ સર્જી ચૂક્યો હતો. ૨૦૦૩માં તે ભારતની વર્લ્ડ કપ માટેની ટીમમાં પસંદ થયો હતો. આઈપીએલમાં પણ રમનારો તે ગુજરાતનો પ્રથમ ક્રિકેટર હતો. તે એવા જૂજ ખેલાડીમાં સ્થાન ધરાવે છે જે પહેલા ટેસ્ટ રમ્યા હોય અને ત્યારબાદ રણજી ટ્રોફી રમ્યા હોય. ટેસ્ટ રમ્યા બાદ પાર્થિવ પટેલે ૨૦૦૪માં ગુજરાત માટે રણજી ટ્રોફીમાં રમવાનો પ્રારંભ કર્યો હતો.

પાકિસ્તાનની ભારતને ધમકી: અમારે ત્યાં એશિયા કપ રમો બાકી અમે WCમાં નહીં આવીએ

કરાંચી

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના ચીફ એક્ઝિક્યુટિવ વસીમ ખાને તે અહેવાલોને નકાર્યા છે જેમાં કહેવામાં આવી રહ્યું હતું કે પાકિસ્તાને ટી૨૦ એશિયા કપના પોતાના આયોજનના અધિકારને છોડવાનો નિર્ણય કર્યો છે. તેમણે ધમકી આપી કે જો ભારત એશિયા કપ રમવા માટે નહીં આવે તો પાકિસ્તાન પણ ૨૦૨૧માં ભારતમાં રમાનારા ટી૨૦ વિશ્વકપમાં ભાગ લેવાનો ઈનકાર કરી દેશે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી)એ પાકિસ્તાનમાં ટી૨૦ સિરીઝ અને બે આઈસીસી ટેસ્ટ વર્લ્ડ ચેમ્પિયનશિપની મેચો માટે પોતાની ટીમને ત્રણ તબક્કામાં મોકલવા માટે રાજી થયા બાદ, તે સમાચાર આવવા લાગ્યા હતા કે પાકિસ્તાને સપ્ટેમ્બરમાં રમાનારા એશિયા કપના પોતાના આયોજનના અધિકાર બાંગ્લાદેશને આપી દીધા છે. વસીમે પાકિસ્તાન અખબાર ડોન સાથે વાતચીતમાં કહ્યું, 'આયોજન સ્થળમાં ફેરફાર પીસીબી કે આઈસીસીનો વિશેષાધિકાર નથી કારણ કે તેના પર કોઈ નિર્ણય એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી) જ લી શકે છે.'

પરંતુ ખાને સ્વીકાર્યું કે, ભારતની સાથે તણાવને કારણે પાકિસ્તાન એશિયા કપની યજમાની માટે બે સ્થાનો પર વિચાર કરી રહ્યું છે. ભારતે ૨૦૦૮થી પાકિસ્તાનનો પ્રવાસ કર્યો નથી જ્યારે તેણે રાજકીય અને રાજદ્વારી સંબંધોને કારણે ૨૦૦૭થી પાકિસ્તાનની સાથે પૂર્ણ દ્વિપક્ષીય સિરીઝ રમી નથી. પાકિસ્તાને સીમિત ઓવરોની સિરીઝ માટે ૨૦૧૨માં ભારતનો પ્રવાસ કર્યો હતો.

ઈશ સોઢીનો હુંકાર : અમે ભારત સામે વધુ આક્રમકતાથી બોલિંગ કરીશું

ઓકલેન્ડ

ન્યૂઝીલેન્ડ પ્રવાસની ભારતે વિજય સાથે શરૂઆત કરી છે. શુક્રવારે ભારતે પ્રથમ ટી-૨૦માં ઓકલેન્ડના ઈડન પાર્ક ખાતે ન્યૂઝીલેન્ડને ૬ વિકેટે હરાવ્યું હતું. ભારતે ૨૦૪ રનનો ટાર્ગેટ ૧૯ ઓવરમાં ચેઝ કર્યો હતો. બીજી ટી-૨૦ ૨૬ જાન્યુઆરીએ આ મેદાન પર જ રમાશે.

રાહુલે ૨૭ બોલમાં ૪ ફોર અને ૩ સિક્સની મદદથી ૫૬ રન કર્યા હતા. જ્યારે ઐયરે ૨૯ બોલમાં ૫ ફોર અને ૩ સિક્સ થકી ૫૮ ★રન કર્યા હતા. તેમજ કેપ્ટન વિરાટ કોહલીએ ૪૫ રનનું યોગદાન આપ્યું હતું. ન્યૂઝીલેન્ડ માટે ઈશ સોઢીએ ૨ વિકેટ, જ્યારે મિચેલ સેન્ટનર અને ટિકનેરે ૧-૧ વિકેટ લીધી હતી. બીજી ટી-૨૦ પહેલા ન્યૂઝીલેન્ડના બોલર ઈશ સોઢીએ હુંકાર કરતાં કહ્યું કે, રવિવારે બીજી ટી-૨૦માં અમે ભારત સામે વધુ આક્રમકતાથી બોલિંગ કરીશું.

લાઈવ મેચ દરમિયાન બેન સ્ટોકસે પિત્તો ગુમાવ્યો, ફેન્સને આપી ગાળ



જોહનિસબર્ગ

ઈંગ્લેન્ડનો ઓલરાઉન્ડર બેન સ્ટોક્સ એકવાર ફરી વિવાદોમાં ઘેરાયોછે. સ્ટોક્સે જોગનિસબર્ગમાં લાઈવ મેચ દરમિયાન દર્શકો માટે અભદ્ર ભાષાનો પ્રયોગ કર્યોહતો. ઈંગ્લેન્ડ અને આફ્રિકા વચ્ચે જોહનિસબર્ગમાં રમાઈ રહેલી ચોથી ટેસ્ટ મેચની પ્રથમ ઈનિંગમાં બેન સ્ટોક્સ માત્ર ૨ રન બનાવી આઉટ થયો હતો.

બેન સ્ટોક્સ બે રન પર આઉટ થયા બાદ નિરાશ થઈને ડ્રેસિંગ રૂમ તરફ આવતો હતો, પરંતુ ત્યારે એક દર્શકે બેન સ્ટોક્સને કંઈ કહ્યું ત્યારબાદ ઈંગ્લેન્ડના આ ઓલરાઉન્ડરે પોતાનો પિતો ગુમાવ્યો અને તેણે આ પ્રશંસકને ગાળ આપી હતી. હકીકતમાં, દર્શકે બેન સ્ટોક્સની તુલના પોપ સિંગર એડ શીરન સાથએ કરી, જેના પર તે ભડકી ગયો અને તેણે ગુસ્સામાં પ્રશંસકને કહ્યું, 'જે પણ કહેવું છે મેદાનની બહાર મારી પાસે આવ.....' મેચના લાઈવ બ્રોડકાસ્ટ દરમિયાન બેન સ્ટોક્સની વાતને વિશ્વએ સાંભળી. ત્યારબાદ સ્ટોક્સે ટ્વીટર પર પોતાના વર્તન માટે માફી માગી લીધી છે. સ્ટોક્સે લખ્યું, 'હું મારી અભદ્ર ભાષા માટે માફી માગુ છું, જેને લાઈવ બ્રોડકાસ્ટ પર બધાએ સાંભળી. જ્યારે હું આઉટ થઈને પરત આવી રહ્યો હતો તો દર્શકો તરફથી મારા માટે ખરાબ ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.'

ભારતીય મહિલા હોકી ટીમે ન્યૂઝીલેન્ડને ૪-૦થી હરાવ્યું

ઓકલેન્ડ

ચાલુ વર્ષે ટોક્યો ઓલિમ્પિક છે ત્યારે ભારતીય વિમેન્સ હોકી ટીમ પૂર્વ તૈયારીના ભાગરૂપે ન્યૂઝીલેન્ડની ટુર પર છે. ભારતીય મહિલા હોકી ટીમે ટુરની પ્રથમ મેચમાં જ કિવી મહિલા ટીમને ૪-૦થી માત આપીને વિજય સાથે પ્રવાસનો પ્રારંભ કર્યો છે. ભારતીય મહિલા હોકી ટીમની કેપ્ટન રાની રામપાલે આ મેચમાં બે ગોલ ફટકાર્યા હતા.

ભારતીય મહિલા હોકી ટીમે ન્યૂઝીલેન્ડ ડેવલપમેન્ટ ટીમ સામે ૪-૦ ગોલથી પ્રથમ મેચ જીતી લેતા શ્રેણીમાં ૧-૦ની લીડ મેળવી છે. રાની રામપાલના બે ગોલ ઉપરાંત ભારતીય હોકી પ્લેયર શર્મિલા અને નમિતા ટોપ્પોએ પણ એક-એક ગોલ માર્યા હતા. ન્યૂઝીલેન્ડ વિમેન્સ હોકી ટીમ ભારત સામે એકપણ ગોલ ફટકારી શકી નહતી. ભારતીય મહિલા ટીમની પ્રથમ હાફમાં ઠીકઠાક શરૂઆત રહી હતી અને ત્રીજા ક્વાર્ટરમાં કેપ્ટન રાની રામપાલે ગોલ ફટકારીને ખાતું ખોલાવ્યું હતું. ભારતે ૧-૦ની લીડ આગળ જાળવી રાખી સફળ પાસ કરીને બોલ પોતાના કબ્જામાં રાખ્યો હતો જો કે ગોલ કરવામાં મુશ્કેલી પડી હતી.

ત્યારબાદ ત્રીજા ક્વાર્ટરમાં શર્મિલાએ બીજો ગોલ ફટકારીને ટીમની લીડ આગળ વધારી હતી. ચોથા ક્વાર્ટરમાં કેપ્ટન રાનીએ પોતાના અનુભવને પગલે ટીમનો ત્રીજો અને પોતાનો બીજો ગોલ ફટકારીને ભારતીય હોકી ટીમને મજબૂત સ્થિતિમાં લાવી દીધી હતી. નમિતા ટોપ્પોએ અંતિમ ગોલ ફટકાર્યો હતો. ભારતીય વિમેન્સ હોકી ટીમના કોચ સોર્ડ મારજેને જણાવ્યું કે, 'પ્રારંભમાં અમારે સંઘર્ષ કરવો પડ્યો હતો પરંતુ ત્યારબાદ સંતુલિત રમત દાખવીને અમે અનેક તકો સર્જી હતી. અંતિમ બે ક્વાર્ટરમાં કિવી ટીમે નોંધપાત્ર દબાણ ઊભું કર્યું હતું છતા અમે અમારી સકારાત્મક રમત થકી ગોલ કરી શક્યા હતા.'

ટીમમાં ૧૬ ખેલાડીઓને રમાડવામાં આવી હતી અને આ રીતે ઓલિમ્પિક મુજબ જ ભારતીય મહિલા હોકી ટીમે પ્રથમ મેચ રમી હોવાનું કોચે જણાવ્યું હતું. કેટલીક નવી બાબતો પણ અપનાવવામાં આવી હતી અને આગામી સમયમાં વધુ તાલીમ અને અનુભવથી ટીમ વધુ સફળતાઓ પ્રાપ્ત કરી શકશે તેવો આશાવાદ કોચે વ્યક્ત કર્યો હતો.

મેચ બપોરે ૧૨:૨૦ વાગ્યે શરૂ થશે, ભારત ૧-૦થી આગળ

ભારત અને ન્યૂઝિલેન્ડ વચ્ચે આજે બીજી ટી-૨૦ મેચ

ઓકલેન્ડ

ભારતીય ટીમે ન્યૂઝિલેન્ડ સામે ટી ૨૦ સિરીઝની શરૂઆત જીત સાથે કરી હતી. પાંચ મેચની સિરીઝમાં ભારત પ્રથમ મેચ પોતાના નામે કરી છે. ટીમ ઈન્ડિયા કેપ્ટન વિરાટ કોહલની ઈરાદો હવે બીજી ટી૨૦ પોતાના નામે કરવાનો હશે. આ મેચમાં પ્લેઈંગ ઈલેવનમાં કોહલી એક બદલાવ કરી શકે છે.

ભારત અને ન્યૂઝિલેન્ડ વચ્ચે પાંચ મેચોની ટી૨૦ સિરીઝનો બીજો મુકાબલો પણ ઓકલેન્ડમાં રમાશે. ટીમ ઈન્ડિયાના પ્લેઈંગ ઈલેવનમાં બદલાવ થવાની શક્યતા છે તે મુજબ શાર્દુલ ઠાકુરની જગ્યાએ ફાસ્ટ બોલર નવદીપ સૈનીનું નામ છે.

ભારતીય ટીમની ઓપનિંગની જવાબદારી રોહિત અને રાહુલ પર હશે. ગત મેચમાં બંનેએ સારી શરૂઆત કરી હતી. રાહુલ આ મેચમાં ઓપનિંગ બેટ્સમેનની સાથે વિકેટકીપરની ભૂમિકામાં પણ હશે. મિડલ ઓર્ડરમાં ફરી એક વાર કોહલીની સાથે શ્રેયસ અય્યર અને મનીષ પાંડે જોવા મળશે.

ઓલરાઉન્ડરની ભૂમિકામાં રવીંદ્ર જાડેજા અને શિવમ દુબે જોવા મળશે. બંને બોલરની સાથે સાથે બેટિંગ ટીમ ઈન્ડિયાને ઉપયોગી સાબિત થશે.

કાશઅમીર બાદ આસામને ભારતથી અલગ કરવાની વાત કરતાં ખળભળાટ

આસામને ભારતથી અલગ કરવું અમારી જવાબદારીઃ જેએનયુના વિદ્યાર્થીનો વિડીયો વાયરલ

ન્યુ દિલ્હી

હજી જેએનયુનો ભારત તેરે ટુકડે હોંગેપ વીડિયોને લઈને વિવાદ સમ્યો નથી ત્યાં ફરી એકવાર જેએનયુમાં જ નાગરિકતા સંશોધન કાયદાના વિરુદ્ધ પ્રદર્શન કરી રહેલા શાહીન બાગના પ્રદર્શનકારીઓ પૈકી એક જેએનયુના વિદ્યાર્થીનો એક ભડકાઉ નિવેદન કરતો વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોને લઈને દેશભરમાં ખળભળાટ મચી જવા પામ્યો છે અને રાજકારણ ગરમાયું છે.

વીડિયોમાં જેએનયુ વિદ્યાર્થી શરજિલ ઈમામ પૂર્વોત્તર અને આસામને ભારતના નક્શા પરથી દૂર કરી દેવાનું ભડકાઉ નીવેદન કરે છે. સોશિયલ મીડિયા પર આ વીડિયો ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે. જેમાં કાશ્મીર બાદ હવે આસામને ભારતથી જુદુ પાડી દેવાની વાત કરવામાં આવી રહી છે.

નાગરિકતા સંશોધન કાયદાને લઈને દેશમાં કેટલીક ઠેકાણે વિરોધ પ્રદર્શનો થઈ રહ્યાં છે. દિલ્હીનો શાહીન બાગ છેલ્લા કેટલાક દિવસથી આ કાયદાના વિરોધનું કેન્દ્ર બન્યો છે. અહીં પ્રદર્શનકારીઓ રસ્તા પર જ અડ્ડો જમાવીને બેસી ગયા છે. પરંતુ હવે તેમાં જેએનયુ નામનું તત્વ પણ ભળ્યું છે.

અહી વિરોધ પ્રદર્શન દરમિયાન જેએનયુનો વિદ્યાર્થી શરજિલ ઈમામ કહે છે કે, આપણી પાસે સંગઠિત લોકો હોય તો આપણે આસામને હિંદુસ્તાનથી હંમેશા માટે અલગ કરી શકીએ છીએ. જો કદાચ કાયમ માટે આવું શક્ય ન બને તો ૨-૩ મહિના માટે તો કામચલાઉ ધોરણે આસામને અને પૂર્વોત્તર રાજ્યોને આ હિંદુસ્તાનથી અલગ કરી જ શકીએ છીએ. રેલવે ટ્રેક પર એટલો કાટમાળ નાખો કે તેને દૂર કરતા જ આ લોકોને ૨-૩ મહિના થઈ જાય. આસામને આ દેશથી અલગ કરવું આપણી જવાબદારી છે.

આ વીડિયોને લઈને રાજકારણમાં પણ ભારે ગરમાવો આવી ગયો છે. ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ કહ્યુ હતું કે શાહીન બાગનું ષડયંત્ર આખી દુનિયા સામે આવી ગયું છે. શું આ દેશદ્રોહ નથી? શાહીન બાગને તૌહીન બાગ કહેવું જોઈએ. શાહીન બાગમાં એન્ટિ નેશનલ વાતો કરવામાં આવી અને આસામને ભારતથી આઝાદ કરવાની વાત કરવામાં આવી.

મહાત્મા ગાંધી આજે હોત તો તે પણ

શાહીનબાગમાં ધરણાં પર બેસતઃ દિગ્વિજય સિંહ

ભોપાલ

ભોપાલમાં એક કાર્યક્રમમાં દરમિયાન કોંગ્રેસના નેતા અને પૂર્વ સીએમ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહે મોદી સરકારને નાગરિકતા કાયદો, એનઆરસી અને આર્ટિકલ ૩૭૦ના મુદ્દે ઘેરી. તેમણે કહ્યું કે, મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિ પર અમે આજે તે બધુ જ જોવું પડી રહ્યું છે જે મહાત્મા ગાંધીજી ક્યારેય સ્વિકારશે નહી. ગાંધીજી હોત તો તે પણ શાહીનબાગમાં ધરણાં પર બેસત.

કાર્યક્રમ દરમિયાન તેમણે કહ્યું કે, આર્ટિકલ ૩૭૦ હટાવવાથી કાશ્મીરના લોકોમાં અંધવિશ્વાસ પેદા થયો છે. આજે કેટલાંક લોકો ગાંધીના હત્યારાઓને રાષ્ટ્રભક્ત કહી રહ્યાં છે.

હિંદુ મુસ્લિમ એકતા માટે ગાંધીએ ઘણું કર્યું છે પરંતુ આજે ગાંધીને હિંદુ વિરોધી સાબિત કરવાના પ્રયાસ કરે છે.

દિગ્વિજય સિંહે કહ્યું કે, ગાંધીએ સરળતાની સાથે સામાન્ય જનતાને કોંગ્રેસ સાથે જોડ્યા અને ગાંધીએ હિંસાનું કોઈ પગલું સ્વિકાર નહોતા કરતા, જો ગાંધીજી આજે દેશમાં હોત તો દેશની સ્થિતિ આજ જેવી ના હોત. નાગરિકતા કાનૂન અને એનઆરસી આંદોલન આજે રાજકિય પક્ષો અને પુરુષના હાથોમાંથી નિકળીને મહિલાઓ અને બાળકોના હાથમાં પહોંચી ગયું છે. આજ કાલ શિક્ષકોને ગાંધી અને રાષ્ટ્રવાદ વિશે જાણકારી નથી.

પ્રદર્શનની જગ્યાએ શાહીન બાગ નહીં, દિશાહીન બાગ છેઃ ભાજપ લાલઘૂમ

ન્યુ દિલ્હી

'આસામને ભારતથી અલગ કરી દઈશું'વાળા વાયરલ વિડીયો પર રાજનીતિ તેજ થઈ ગઈ છે. ભારતીય જનતા પાર્ટીએ આ વિડીયોને શાહીન બાગનો ગણાવતા કહ્યું કે ત્યાં ભારતનાં ટુકડાઓ કરવાનું ષડયંત્ર થઈ રહ્યું છે. બીજેપી તરફથી સંબિત પાત્રાએ શનિવારનાં પ્રેસ કોન્ફરન્સ કરી. તેમણે કહ્યું કે પ્રદર્શનની જગ્યાએ શાહીન બાગ નહીં, પરંતુ દિશાહીન બાગ છે, તૌહીન બાગ છે. પાત્રાએ રાહુલ ગાંધી અને અરવિંદ કેજરીવાલ પર પણ નિશાન સાધ્યું છે.

પ્રેસ કોન્ફરન્સમાં સંબિત પાત્રાએ એક કવિતા સંભળાવી – મૈં શાહીન બાગ છું, જી હા મૈં શાહીન બાગ હું. હાથ મે તિરંગા, મન મે દંગા, અમન ચૈન કો ડસનેવાલા મૈં ઝહરીલા નાગ હું, મૈં શાહીન બાગ હું. મહિલાઓ કી આડ મે, નફરત કે આડ મે હર શહર લાલ ચૌક હું, મૈ પાક-પરસ્તો કા સબ્જબાગ હું, મૈં શાહીન બાગ હું. હો કત્લેઆમ, હો સડક જામ, મેરા મકસદ હૈ દેશ જલે. મૈં નફરત કી છુપી આગ હું, મૈં શાહીન બાગ હું.

નીતિશ કુમાર માટે પોતાના મુસીબત બને છેઃ સુશીલ મોદી

ભાજપ-જેડીયુમાં ડખ્ખા...!! સુશીલ મોદી-પ્રશાંત કિશોર વચ્ચે વાક્યુદ્ધ

લોકોને ચરિત્ર પરિણામ આપવામાં સુશીલ મોદીનો કોઈ જોડ નથીઃ પ્રશાંત કિશોર

પટના

બિહારમાં નાગરિકતા સંશોધન કાયદો અને એનઆરસીને લઈને ચાલી રહેલા ગતિરોધની વચ્ચે જેડીયૂનાં ઉપાધ્યક્ષ અને ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોર અને બિહારનાં ડેપ્યૂટી સીએમ સુશીલ કુમાર મોદીની વચ્ચે શાબ્દિક જંગ તેજ થઈ ગઈ છે. બીજેપી નેતા સુશીલ મોદીએ કહ્યું કે, નીતિશ કુમારની સાથે એ વિડમ્બના થાય છે કે પોતાની ઉદારતાવશ તેઓ જેને જમીનથી ઉઠાવે છે તેઓ જ તેમના માટે મુસીબત બને છે. તો પીકેએ સુશીલ મોદીનાં નિવેદન પર વળતો પ્રહાર કરતા કહ્યું કે લોકોને કેરેક્ટર સર્ટિફિકેટ આપવામાં સુશીલ મોદીનો કોઈ વિકલ્પ નથી, જ્યારે તેઓ ખુદ નીતિશ કુમારની ટીકા કરી ચુક્યા છે.



સુશીલ મોદીએ ટ્વિટ કરીને કહ્યું કે, 'નીતિશ કુમારની સાથે એ વિડમ્બના છે કે પોતાની ઉદારતાવશ તેઓ જેને જમીનથી ઉઠાવે છે તેઓ જ તેમના માટે મુસીબત બને છે.' તેમણે કહ્યું કે, 'તેમણે કેટલાકને પોતાની ખુરશી આપી, કેટલાકને રાજ્યસભાનાં સભ્ય બનાવ્યા, કેટલાકને બિનરાજકીય ગલીઓમાંથી ઉઠાવીને સંગઠનમાં ઊંચો હોદ્દો આપ્યો, પરંતુ આ તમામ લોકોએ થેંકલેસ થવાથી પાછળ જોયું નહીં. રાજનીતિમાં હંમેશા બધુ યોગ્ય નથી હોતુ.'

આના જવાબમાં પીકેએ સુશીલ મોદીનો જૂનો વિડીયો ટ્વિટ કરીને કહ્યું કે, 'લોકોને ચરિત્ર પરિણામ આપવામાં સુશીલ મોદીનો કોઈ જોડ નથી. જુઓ, પહેલા બોલીને જણાવી રહ્યા હતા અને હવે ડેપ્યૂટી સીએમ બનાવી દેવામાં આવ્યા તો લખીને આપી રહ્યા છે. તેમની ક્રોનોલોજી તદ્દન ક્લિયર નથી.' સુશીલ મોદી આ જુના વિડીયોમાં નીતિશ કુમાર પર દગો આપવાનો આરોપ લગાવી રહ્યા છે. એવું બીજીવાર થયું છે કે જ્યારે નીતિશ કુમારનાં અત્યંત નજીક ગણાતા સુશીલ કુમાર મોદી પર પીકેએ હુમલો કર્યો છે. સુશીલ મોદી અને પીકેની વચ્ચે આ ટ્વિટ વૉર પવન વર્માનાં વિદ્રોહી તેવર બાદ થયું છે.

કોલેજનો એક ડ્રેસ કોડ હશે, જેમાં માત્ર શનિવારે જ છૂટ મળશે

બિહારની જેડી વિમેન્સ કોલેજે બુરખા પર પ્રતિબંધ મૂક્યોઃ નિયમ તોડનારને ૨૫૦નો દંડ

પટના

બિહારના પટનામાં આવેલી જેડી વિમેન્સ કોલેજમાં વિદ્યાર્થીનીઓને બુરખો પહેરવા પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. કોલેજ પ્રશાસને ડ્રેસ કોડ વિશે નવો નિયમ લાગુ કર્યો છે. આ નિયમ પ્રમાણે દરેક વિદ્યાર્થીનીઓએ એક નક્કી કરેલો ડ્રેસ જ પહેરવો પડશે. માત્ર શનિવારે જ વિદ્યાર્થીનીઓને ફ્રી ડ્રેસની છૂટ આપવામાં આવશે. જોકે આ દિવસે પણ તેઓ બુરખો નહીં પહેરી શકે. જો વિદ્યાર્થીનીઓ નિયમનું ઉલ્લંઘન કરશે તો તેમને રૂ. ૨૫૦નો દંડ કરવામાં આવશે.

કોલેજના નવા નિયમો પર વિદ્યાર્થીનીઓએ વિરોધ વ્યક્ત કર્યો છે. તેમનું કહેવું છે કે, બુરખો પહેરવાથી કોલેજને શું તકલીફ છે. આ નિયમ થોપવાની વાત છે. આ મામલે પ્રાચાર્ય ડૉ. શ્યામા રાયનું કહેવું છે કે, અમે આ જાહેરાત પહેલાં પણ કરી હતી. નવા સેશનની શરૂઆતમાં જ વિદ્યાર્થીઓને આ વિશે જણાવવામાં આવ્યું હતું. અમે આ નિયમ વિદ્યાર્થીનીઓમાં એકરૂપતા લાવવા માટે કર્યો છે. શનિવારના દિવસે તેઓ અન્ય ડ્રેસ પહેરી શકશે. શુક્રવાર સુધી તેમને ડ્રેસ કોડમાં આવવું પડશે.

પટના હાઈકોર્ટના સીનિયર વકીલ પ્રભાકર ટેકરીવાલનું કહેવું છે કે, જો કોલેજમાં ડ્રેસ કોડ નક્કી છે તો તેનું પાલન થવુ જરૂરી છે. વકીલ પણ કોર્ટમાં તેમના ડ્રેસ કોર્ડનું પાલન કરે છે. કોર્ટમાં કોઈ મુસ્લિમ મહિલા બુરખો પહેરીને નથી આવતી. જોકે કોલેજ મામલે તેનો વિરોધ કરવો યોગ્ય નથી. કાયદામાં પણ તેને ગેરકાયદે ન ગણાવી શકાય.

આવતા અઠવાડિયે સતત ત્રણ દિવસ બંધ રહેશે બેન્કો

બે દિવસ દેશવ્યાપી હડતાળ અને ત્રીજા દિવસે રવિવાર હોવાથી આર્થિક વ્યવહારોમાં સંકટ

ન્યુ દિલ્હી

આગામી અઠવાડિયે બેંકોમાં હડતાળ રહેતા બેંકિંગ સેવાઓ મુદ્દે ગ્રાહકો આર્થિક વ્યવહારો કરવામાં મુશ્કેલીનો સામનો કરે એવી સંભાવનાઓ વ્યકત કરવામાં આવી રહી છે. આગામી ૩૧ જાન્યુઆરીથી શરુ થતી હડતાલ બે દિવસ માટે રહેશે, પરંતુ બીજી ફેબ્રુઆરીએ રવિવાર હોવાને કારણે બેંક સતત ત્રણ દિવસ માટે બંધ રહેશે. હડતાલ મામલે એસબીઆઇએ સ્પષ્ટતા કરી હતી કે બધી જ શાખાઓમાં સામાન્ય કામકાજ ચાલુ રાખવાના સંભવ પ્રયત્ન કરવામાં આવ્યા છે,પરંતુ હડતાલને કારણે તેની પર આંશિક અસર પડશે.

ઉલ્લેખનીય છે કે બેંક કર્મચારીઓના સંગઠનોએ વેતનમાં સુધારાને લઈને વાતચીત નિષ્ફળ જતા ૩૧ જાન્યુઆરી અને પહેલી ફેબ્રુઆરીએ દેશવ્યાપી હડતાળ બોલાવી છે. એસબીઆઇ મુજબ ઇન્ડિયન બેંક્સ એસોસિએશને જાણકારી આપી હતી કે યૂનાઇટેડ ફોરમ ઓફ બેંક યૂનિયન, જેમાં ૯ પ્રમુખ સંગઠનો જાડાયેલા છે, તેમણે ૩૧ જાન્યુઆરી અને પહેલી ફેબ્રુઆરીએ બેંક કર્મચારીઓની હડતાળ બોલાવી છે.

૯ સંગઠનો હેઠળ ઓલ ઇન્ડિયા બેંક એમ્પ્લોયઝ એસોસિએશન, ઓલ ઇન્ડિયા બેંક ઓફિસર્સ કન્ફેડરેશન, નેશનલ કન્ફેડરેશન ઓફ બેંક એમ્પ્લોયિઝ, ઓલ ઇન્ડિયા બેંક ઓફિસર્સ એસોસિએશન, બેંક એમ્પ્લોયિઝ ફેડરેશન ઓફ ઇન્ડિયા, ઇન્ડિયન નેશનલ બેંક એમ્પ્લોયિઝ ફેડરેશન, ઇન્ડિયન બેંક ઓફિસર્સ કોંગ્રેસ, નેશન ઓર્ગેનાઇઝેશન ઓફ બેંક વર્કર્સ અને નેશન ઓર્ગેનાઇઝેશન ઓફ બેંક ઓફિસર્સ સંગઠન સામેલ છે.

ભારતે બેલાસ્ટિક મિસાઈલ-૪નું સફળ પરીક્ષણ કર્યું

ભારત ન્યુક્લિયર ટ્રાયડની ક્ષમતા હાંસલ કરી લેવા તૈયાર

વિશાખાપટ્ટનમ્

ભારતે સબમરીનથી ઝીંકવામાં આવતી બેલાસ્ટિક મિસાઈલ કે-૪નુ આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતેથી વધુ એક પરીક્ષણ કરવામાં આવ્યુ છે. એક પછી એક બે સફળ પરીક્ષણ બાદ ભારતે દુશ્મન દેશના પરમાણુ હુમલા બાદ પોતાના જવાબી હુમલાની ક્ષમતામાં અનેક ગણો વધારો કરી લીધો છે. આશરે ૩૫૦૦ કિલોમીટર સુધી પ્રહાર કરવાની ક્ષમતા ધરાવનાર આ મિસાઈલનુ પરીક્ષણ કરવામાં આવ્યા બાદ ભારતની તાકાતમાં પણ અનેક ગણો વધારો થઈ ગયો છે. આ મિસાઈલની હદમાં સમગ્ર પાકિસ્તાન અને અડધાથી વધુ ચીનના હિસ્સા આવી ગયા છે.

ન્યુક્લિયર બોમ્બ લઈ જવામાં સક્ષમ કે-૪ મિસાઈલ સ્વદેશી ટેકનિકથી બનાવવામાં આવી રહી છે. આ મિસાઈલ પરમાણુ સબમરીન અરિહંતમાં ગોઠવવામાં આવનાર છે. કે-૪ અને બ્રહ્મોસની જોડીથી હવે ભારત પોતાના દુશ્મનોને યોગ્ય જવાબ આપવા માટે તૈયાર છે. આ સફળ પરીક્ષણ બાદ ભારત ન્યુક્લિયર ટ્રાયડની દિશામાં એક પગલુ રહેલુ છે. ભારતને હવે ન્યુક્લિયર ટ્રાયડ એટલે જમીન, હવા અને દરિયામાં પ્રહાર કરી શકે છે. કોઇ પણ જગ્યાએ પરમાણુ મિસાઈલ ઝીંકવાની ક્ષમતા છે. પાણીની નીચે સબમરીનથી ઝીંકવામાં આવેલી મિસાઈલો પરમાણુ હુમલા થવાની સ્થિતીમાં જવાબી હુમલા માટે સૌથી સારા હથિયાર તરીકે ગણવામાં આવે છે. વર્ષ ૧૯૯૮માં પરમાણુ બોંબનુ પરીક્ષણ કરવામાં આવ્યા બાદ ભારત ન્યુક્લિયર ટ્રાયડની ક્ષમતા વિકસિત કરવા પર કામ કરી રહ્યુ છે.

વિદેશી ડિપ્લોમેટ્સને કાશ્મીર જવાની મંજૂરી આપવામાં આવેઃ અમેરિકી પ્રતિનિધિ

વૉશિંગ્ટન

અમેરિકાએ કહ્યું કે વિદેશી ડિપ્લોમેટ્સને કોઇ પણ પ્રકારની અડચણ વિના કાશ્મીર જવાની મંજૂરી આપવામાં આવે અને છેલ્લા ૫ મહિનામાં નજરકેદ રાખવામાં આવેના નેતાઓને તાત્કાલિક મુક્તિ સુનિશ્ચિત થાય.આ વાત એશિયાઇ મામલાઓના અમેરિકન પ્રતિનિધિ એલિસ વેલ્સે શનિવારે કહી હતી. ૧૬ દેશના ડિપ્લોમેટ્સે કાશ્મીરનો પ્રવાસ કર્યો હતો. વેલ્સે ભારતની આ પહેલની પ્રશંશા કરી હતી.

વેલ્સે તાજેતરમાં જ રાયસીના ડાયલોગમાં સામેલ થવા દિલ્હી પહોંચ્યા હતાં. તેમણે કહ્યું- ભારતના પ્રવાસ દરમિયાન મને નાગરિકતા સંશોધન કાયદાને લઈને ઘણી વાતો સાંભળવા મળી. અહીં જે કંઇ ચાલી રહ્યું છે તેને હું એક લોકતાંત્રિક પ્રક્રિયા કહીશ. અહીં લોકો રસ્તાઓ પર છે. તેને લઈને રાજકારણ, મીડિયા અને કોર્ટમાં ચર્ચા ચાલી રહી છે. હું કાયદા અંતર્ગત તમામની સમાન સુરક્ષાના સિદ્ધાંતની વકાલત કરું છું.

અમેરિકા, આર્જેન્ટિના, બાંગ્લાદેશ, વિયેતનામ અને માલદીવ સહિત ૧૬ દેશના ડિપ્લોમેટ્સે ૧૫ અને ૧૬ જાન્યુઆરીએ જમ્મૂ-કાશ્મીરનો પ્રવાસ કર્યો હતો. આ દરમિયાન તેમણે અનુચ્છેદ ૩૭૦ હટાવ્યા બાદની પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.

દિલ્હી વિધાનસભા ચૂંટણીના મુદ્દે ટ્વીટ કરીને મિશ્રા ફસાયા

ચૂંટણી પંચ સખ્તઃ કપિલ મિશ્રાના પ્રચાર પર ૪૮ કલાકનો પ્રતિબંધ મૂક્યો

ન્યુ દિલ્હી

દિલ્હી ભાજપના નેતા કપિલ મિશ્રાએ વિધાનસભા ચૂંટણી સંદર્ભે કરેલા વિવાદિત ટ્વીટ બદલ ચૂંટણી પંચે ૪૮ કલાકનો પ્રચાર પ્રતિબંધ ફરમાવ્યો છે. દિલ્હીની મોડલ ટાઉન વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવારે દિલ્હી વિધાનસભા ચૂંટણીનો જંગ ભારત વિરુદ્ધ પાકિસ્તાનનો હોવાનું કહીને એક ટ્વીટ કરી હતી. આ ટ્વીટની દિલ્હી મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરીએ ગંભીર નોંધ લીધી હતી અને ચૂંટણી પંચને કપિલ મિશ્રાની ફરિયાદ કરી હતી.

મુખ્ય ચૂંટણી કમિશનર સહિત બે અન્ય ચૂંટણી કમિશરે સહી કરેલા આદેશમાં જણાવ્યું છે કે, કપિલ મિશ્રા પર શનિવાર સાંજે ૫ વાગ્યાથી પ્રચારનો ૪૮ કલાકનો પ્રતિબંધ મૂકવામાં આવે છે.

શુક્રવારે ભાજપના નેતા મિશ્રાએ ટ્વિટર પર વિવાદિત ટ્વીટ કરી હતી. આ મામલે ચૂંટણી પંચે ટ્વટિરને રજૂઆત કરીને કપિલ મિશ્રાની ટ્વીટ હટાવવા જણાવ્યું હતું. આ અંગે કલમ ૧૨૫ હેઠળ કપિલ મિશ્રા સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ આજે ચૂંટણી પંચે મિશ્રા પર ચૂંટણી પ્રચાર કરવા માટે બે દિવસનો પ્રતિબંધ લાગુ કરતો આદેશ આપ્યો છે.

મિશ્રાએ ૮ ફેબ્રુઆરીના દિલ્હીમાં (વિધાનસભા ચૂંટણીમાં મતદાનની તારીખ) ભારત વિરુદ્ધ પાકિસ્તાનનો મુકાબલો થશે તેવું ટ્વીટ કરાયું હતું. દિલ્હી વિધાનસભા ચૂંટણી આપ, ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ત્રીપાંખીયો જંગ જોવા મળી રહ્યો છે.

વાયુસેનાના બાયોફ્યુલ સંચાલિત ટ્રાન્સપોર્ટ વિમાને લેહ ખાતે સફળતાપૂર્વક ઉતરાણ કર્યું

લેહ

ભારતીય વાયુસેનાએ બાયોફ્યુલ સંચાલિત ટ્રાન્સપોર્ટ વિમાનને સફળતાપૂર્વક ચીની સરહદ પાસે લેન્ડ કરાવ્યું હતું. એએન-૩૨ પ્રકારના આ વિમાનના બળતમાં જોકે ૧૦ ટકા ઈથેનોલનો ઉપયોગ કરાયો હતો. હજુ સુધી સંપૂર્ણપણે બાયોફ્યુલ દ્વારા ચાલતા હોય એવા વાહનો તૈયાર થયા નથી.

બાયોફ્યુલનો ઉપયોગ બળતણમાં અમુક ટકા તરીકે જ કરવામાં આવે છે એટલે કે ટાંકીમાં રહેલા પેટ્રોલ,ડીઝલ કે એવિએશન ફ્યુલમાં બાયોફ્યુલ મિક્સ કરી દેવામાં આવે છે.

ભારત સરકાર ૨૦૨૦ સુધીમાં બળતણનો ખર્ચ ૪ અબજ ડૉલર સુધી ઘટાડવા માગે છે માટે રેલવે, અન્ય વાહનો, નાગરિક વિમાનો વગેરેમાં બાયોફ્યુલના વપરાશનો પ્રયોગ થઈ રહ્યો છે.

પરંપરાગત બળતણ પેટાળમાં મળતા પેટ્રોલિયમમાંથી તૈયાર થાય છે જ્યારે બાયોફ્યુલ શેરડી કે જેટ્રોફા જેવા પાકોમાંથી તૈયાર થાય છે. માટે એ પર્યાવરણને ખાસ નુકસાન કરતા નથી.

વિમાને લેહની એર સ્ટ્રીપ પર ઉતરાણ કર્યું હતું, જે ૧૧,૫૦૦ ફીટ ઊંચાઈ પર છે. આટલી ઊંચાઈ પર ઉતરાણ કરવું અને ફરી ઊડવું એ પોતે એક મોટી ચેલેન્જ છે. વાયુસેનાએ એ ચેલેન્જ નવા બળતણ સાથે પાર પાડી દેખાડી હતી. એ માટે જોકે વાયુસેના છેલ્લા બે વર્ષથી તૈયારી કરતી હતી. એએન-૩૨ એ રશિયન બનાવટનું ટ્રાન્સપોર્ટ વિમાન છે.

ગેસ, ખાણ, સાઈબર સુરક્ષા સહિત અનેક ક્ષેત્રોમાં સહયોગ વધારવા હસ્તાક્ષર થયા

ભારત અને બ્રાઝિલ વચ્ચે ૧૫ સમજૂતી પર હસ્તાક્ષર



ન્યુ દિલ્હી

બ્રાઝીલના રાષ્ટ્રપતિ જેયર બોલસોનારો ચાર દિવસના સત્તાવાર પ્રવાસ પર આજે નવી દિલ્હી પહોંચ્યા છે. તેઓ આવતીકાલે યોજાનારા ગણતંત્ર દિવસ સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે ભાગ લેશે. બ્રાઝીલના રાષ્ટ્રપતિ બન્યા બાદ બોલસોનારોનો આ સૌ પ્રથમ ભારત પ્રવાસ છે. તેમની સાથે કેબિનેટના આઠ પ્રધાન અને એક મોટું વ્યાપારી પ્રતિનિધિ મંડળ પણ નવી દિલ્હી આવ્યું છે. રાષ્ટ્રપતિ બોલસોનારો અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે પ્રતિનિધિમંડળ સ્તરની બેઠક યોજાઈ હતી અને તેમની ઉપસ્થિતિમાં બન્ને દેશ વચ્ચે મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડિંગ પર હસ્તાક્ષર થયા હતા.

ગેસ, ખાણ, સાઈબર સુરક્ષા જેવા અનેક ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે કુલ ૧૫ જેટલી સમજૂતી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ પ્રસંગે વિદેશ પ્રધાન એસ.જયશંકર અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોવાલ પણ ઉપસ્થિત હતા.આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે અમારી પરસ્પરની ભાગીદારીને વધુ મજબૂત કરવા માટે એક વ્યાપક કાર્ય યોજના તૈયાર કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૩માં બન્ને દેશ વચ્ચે રાજકીય સંબંધોનું પ્લેટીનિયમ જુબિલી વર્ષ હશે. અત્રે ઉલ્લેખનીય છે કે બ્રાઝીલના રાષ્ટ્રપતિ જેયર મેસિયસ બોલસોનારો ગત વર્ષ સત્તા પર આવ્યા હતા.

વડાપ્રધાન મોદીએ આ અંગે જણાવ્યું હતું કે, પ્રજાસત્તાક દિવસે થનાર પરેડમાં બ્રાઝિલના રાષ્ટ્રપતિ જેયર બોલસોનારો વિશેષ અતિથિ તરીકે હાજર રહેવાના છે. તે બદલ હું તેમનો આભાર માનું છું કે, તેમને આપણું આમંત્રણ સ્વીકાર્યું.

ઉલ્લેખનીય છે કે, બ્રાઝિલના રાષ્ટ્રપતિ જેયર બોલસોનારો રાષ્ટ્રપતિ ભવન પહોચ્યાં હતાં. જ્યાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે અને વડાપ્રધાન મોદીએ તેમનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું.

શિયા વક્ફ બોર્ડના અધ્યક્ષનો ઓવૈસી બંધુઓને જડબાતોડ જવાબ

હિન્દુસ્તાનનો ઈતિહાસ મુગલોના ૮૦૦ વર્ષના શાસન પૂરતો નથી, હજારો વર્ષ જૂનો છે

ન્યુ દિલ્હી

શિયા સેન્ટ્રલ વક્ફ બોર્ડના અધ્યક્ષ વસીમ રિઝવીએ ઓવૈસી બંધુઓની આકરી ટીકા કરતાં કહ્યું હતું કે આ લોકો ભૂલી જાય છે કે હિન્દુસ્તાનનો ઈતિહાસ માત્ર મુગલોના ૮૦૦ વર્ષના શાસન પૂરતો નથી, હજારો વર્ષ જૂનો છે.

અમારા બાપદાદાઓએ લાલ કિલ્લો, ચાર મિનાર અને કુતુબ મિનાર બંધાવ્યો હતો એવા અકબરુદ્દીન ઓવૈસીના વિધાનની ટીકા કરતાં વસીમ રિઝવીએ કહ્યું કે આ મુઘલોની ઔલાદ કહે છે કે અમારા બાપદાદાઓએ પોતાની લૈલા માટે તાજમહાલ બનાવ્યો.


આ લોકોને શી ખબર કે હિન્દુઓની ઉદારતાને કારણે કાશી, બનારસ, હરિદ્વાર કે મથુરા જેવાં તીર્થસ્થાનોમાં મસ્જિદો ઊભી છે. તમે મક્કામાં એક મંદિર બાંધી શકશો કે? ખોટ્ટેખોટ્ટો બકવાસ શા માટે કરો છો. મુઘલ બાદશાહો લૂંટારા હતા. તેમણે હિન્દુઓને બાનમાં રાખીને લૂંટો ચલાવી અને હિન્દુ ધર્મસ્થાનો તોડીને મસ્જિદો બનાવી. એ લોકો શાસક નહીં, લૂંટારા હતા.

રિઝવીએ કહ્યું કે ઓવૈસી જેવા લોકો કટ્ટરપંથી મુસ્લિમોના અસલી ચહેરા છે જેને કારણે આખી દુનિયામાં મુસ્લિમો આતંકવાદી તરીકે બદનામ થઈ રહ્યા છે.

હિન્દુસ્તાનનો ઈતિહાસ તો હજારો વર્ષ જૂનો છે. હિન્દુસ્તાન રામની ધરતી છે અને હિન્દુઓ સહિષ્ણુ છે એટલે હિન્દુ તીર્થસ્થાનોમાં મસ્જિદો ઊભી છે. તમે કોઈ ઈસ્લામી દેશમાં કે મક્કા મદીનામાં મંદિર બાંધી શકવાના છો?

સરકાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખર્ચ પર ધ્યાન આપી રહી છે જેનાથી અર્થવ્યવસ્થાનો ગ્રોથ વધશે

ગ્રોથ વધારવા માટે માળખાગત સુધારા અને નાણાંકીય ઉપાયોની જરૂર છેઃ શક્તિકાંત દાસ



મુંબઈ

આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું છે કે, નાણાકીય નીતિની કેટલીક મર્યાદાઓ હોય છે તેથી ગ્રોથ વધારવા માટે માળખાગત સુધારા અને નાણાકીય ઉપાયોની જરૂર છે. ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ, ટુરિઝમ, ઈ-કોમર્સ, સ્ટાર્ટઅપ્સ અને ગ્લોબલ સપ્લાય ચેનનો હિસ્સો બનવાના પ્રયાસોને પ્રાથમિકતા આપવી જોઈએ.

દિલ્હીના સેન્ટ સ્ટીફન કોલેજના કાર્યક્રમમાં તેમણે જણાવ્યું હતું કે, ગત કેટલાક મહિનામાં અનેક દેશોમાં ગ્રોથ ટ્રેન્ડમાં ફેરફારને કારણે મધ્યસ્થ બેંકોની નાણાકીય નીતિઓમાં ફેરફાર કરી રહી હતી. આ અનિશ્ચિતતાને જોતા આરબીઆઈએ પણ પોતાની આકારણીમાં સતત ફેરફાર કર્યા. આનાથી દેશના જીડીપી ગ્રોથમાં થયેલા ઘટાડાનો અંદાજ લગાવવા અને ગ્રોથ વધારવા માટે રેપો રેટ ઘટાડવાના નિર્ણય લેવામાં મદદ મળશે.

૪-૬ ફેબ્રુઆરીએ આરબીઆઈની મોનેટરી પોલિસી કમિટિ યોજાશે

આરબીઆઈના ગવર્નરે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખર્ચ પર ધ્યાન આપી રહી છે, આનાથી અર્થવ્યવસ્થાનો ગ્રોથ વધશે. પરંતુ રાજ્યોએ પણ ખર્ચ વધારીને ગ્રોથમાં યોગદાન આપવું જોઈએ. દેશના સંભવિત ગ્રોથનો અંદાજ લગાવવો કેન્દ્રીય બેંક માટે એક મોટો પડકાર છે. તેમ છતાં માગમાં ઘટાડો, પુરવઠો અને મોંઘવારીના દરને ધ્યાનમાં રાખીને વિચાર રાખવામાં આવ્યો જેથી સમય પર યોગ્ય નીતિઓ લાગુ કરી શકાય.

આરબીઆઈની મોનેટરી પોલીસી કમિટી (એમપીસી)ની આગામી બેઠક ૪-૬ ફેબ્રુઆરીએ યોજાશે.

કાશ્મીર મુદ્દે હતાશ ઈમરાન ખાનનો નવો ઢોંગ, ભારત વિરૂદ્ધ અભિયાન ચલાવશે



ઈસ્લામાબાદ

કાશ્મીર મુદ્દે આંતરરાષ્ટ્રીય સ્તરે બરાબરની લપડાક ખાધા બાદ હવે પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને ટ્વિટ કરીને વિરોધ નોંધાવ્યો છે. તેમણે એક ટ્વિટ કરી દુનિયા ભરમાં પાકિસ્તાનીઓને એકજુથ થવાની અપીલ કરી છે.

ઈમરાન ખાને મોદી સરકારને ફાસિસ્ટ ગણાવતા ટ્વિટ કર્યું છે કે- હું ઈચ્છું છું કે પાકિસ્તાનીઓ ઘર (વતન) અને વિદેશોમાં ૫ ફેબ્રુઆરીએ ૮૦ લાખ કાશ્મીરીઓના સમર્થનમાં એકજુથતા દેખાડે. જેમને (કાશ્મીરીઓને) ૯ લાખ ભારતીય સૈનિકો દ્વારા દબાવવામાં આવી રહ્યાં છે. છેલ્લા ૬ મહિનાથી મોદીની ફાસિસ્ટ સત્તા દ્વારા તેમને દબાવવામાં આવી રહ્યાં છે. આ અગાઉ પણ અનેકવાર ઈમરાન ખાન પાકિસ્તાનીઓના સમર્થનમાં લોકોને એકત્ર થવાનું આહવાન કરી ચુક્યા છે.

સ્વિત્ઝરલેંડના શહેર દાવોસમાં આયોજીત વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દરમિયાન એક વાતચીતમાં ઈમરાન ખાન બરાબરના ભેરવાઈ ગયા હતા. જ્યારે તો કાશ્મીર અને ભારતના મુસલમાનોનો રાગ આલાપી રહ્યાં હતાં તે દરમિયાન જ પત્રકારે તેમને સ્પષ્ટ સંભળાવી દીધું હતું કે, તમે ઉઈગુર મુસલમાનો વિષે એટલે નથી જાણવા માંગતા કારણ કે ચીન સાથે તમારા આર્થિક સંબંધો છે.

બાંદીપોરામાં લશ્કરના ૪ આતંકી ઝડપાયા, ત્રાલમાં જૈશનો કમાન્ડર ઠાર

શ્રીનગર

ઉત્તર કાશ્મીરના બાંદીપોરા જિલ્લા સ્થિત હાજિન વિસ્તારમાં સેના અને પોલીસની સંયુક્ત કાર્યવાહીમાં લશ્કર-એ-તૈયબાના ચાર આતંકવાદીની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસે શનિવારે આ વિશે માહિતી આપી છે. પોલીસે આતંકવાદી પાસેથી હથિયાર અને દારૂ ગોળો જપ્ત કર્યો જેમાં ૨ પિસ્ટલ, ૨ યુબીજીએલ, ૬ યુબીજીએલ ગ્રેનેડ, 10 AK-47 મેગઝીન અને AK-47ના ૫૧૨ રાઉન્ડ જપ્ત કર્યા છે.

જમ્મુ અને કાશ્મીર પોલીસે કેસની તપાસ શરૂ કરી દીધી છે. ધરપકડ કરાયેલા આતંકવાદીઓ પાસે તેમના સહયોગીઓ વિશે પૂછપરછ કરવામાં આવી રહી છે.

૩૧ જાન્યુઆરીએ બ્રેક્સિટ નક્કી

યુરોપિયન યુનિયનમાંથી બહાર થવાની સમજૂતી પર બ્રિટન વડાપ્રધાને હસ્તાક્ષર કર્યા

લંડન

યુકેના વડાપ્રધાન બોરિસ જોનસે યુરોપિયન યુનિયનમાંથી બહાર થવાની સમજૂતી પર હસ્તાક્ષર કરી દીધા છે. જોનસને ડીલ પર હસ્તાક્ષર દરમિયાન કહ્યું કે, આ એક શાનદાર સમય છે. ૨૦૧૬ના લોકમતનું પરિણામ અંતે લાગુ થવાનું છે. આશા છે કે આનાથી બંને વચ્ચે વર્ષોથી ચાલતા વિવાદ અને ભેદભાવમાં ઘટાડો થશે. માનવામાં આવે છે કે, ઈયુમાંથી બહાર આવવાની તૈયારીઓ પૂરી થઈ ગઈ છે. સમજૂતી પછી જોનસન સરકાર ૩૧ જાન્યુઆરી સુધી બ્રેક્સિટ ડીલ પૂરી કરી શકે છે.

એક દિવસ પહેલાં જ યુરોપિયન યુનિયનના નેતાઓએ પણ યુકેને બહાર કરવાના દસ્તાવેજો પર હસ્તાક્ષર કર્યા હતા. હવે ૨૯ જાન્યુઆરીએ બ્રિટિશ સાંસદમાં યુરોપથી બહાર થવા માટેની સમજૂતી પર ચર્ચા અને વોટિંગ કરવામાં આવશે. યુરોપની સંસદમાં પણ આ જ દિવસે યુકેને બહાર કરવા માટે વોટિંગ કરાશે. જોકે આ માત્ર પ્રતીકાત્મક રહેશે. યુરોપના મોટા ભાગના નેતા યુકેને ઈયુમાંથી બહાર કરવા માટે સમર્થન કરી ચૂક્યા છે.

૩૧ જાન્યુઆરી પછી ૧૧ મહિનાનો ટ્રાન્ઝિકશન પીરિયડ રાખવામાં આવ્યો છે. આ દરમિયાન બ્રિટન યુરોપીય સંઘના સભ્ય નહીં રહે, પરંતુ તેના નિયમોનું પાલન કરશે અને બજેટમાં યોગદાન આપશે. ટ્રાન્ઝિકશન પીરિયડ એટલા માટે રાખવામાં આવ્યો છે જેથી બ્રિટન અને ઈયુની વેપાર સમજૂતી સહિત ભવિષ્યમાં સંબંધો વિશે વાત કરી શકે. ટ્રાન્ઝિકશન પીરિયડ ૧ ફેબ્રુઆરીથી શરૂ થશે.

આજે દેશભરમાં ૭૧મા

નમંત્રવામાં આવ્યાં છે. તેઓ ચાર દિવસના સત્તાવાર પ્રવાસ પર આજે શનિવારે નવી દિલ્હી પહોંચ્યા હતા તેઓ આવતીકાલે યોજાનારા ગણતંત્ર દિવસ સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે ભાગ લેશે. બ્રાઝીલના રાષ્ટ્રપતિ બન્યા બાદ બોલસોનારોનો આ સૌ પ્રથમ ભારત પ્રવાસ છે. ૨૬મીએ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે રાજપથ પર ઉપસ્થિત રહીને ભારતની લશ્કરી તાકાત નિહાળવાની સાથે ઈન્ડિયા ગેટ ખાતે અમર જવાન જ્યોતિ સ્થળે ભારતના શહિદોને શ્રધ્ધાંજલિ પણ અર્પણ કરશે. દિલ્હી પોલીસ ઉપરાંત વિવિધ સુરક્ષા એજન્સીઓએ ગણતંત્ર દિવસે આતંકી હુમલાની શક્યતાને ધ્યાનમાં રાખીને સમગ્ર સ્થળને અભેદ કિલ્લામાં ફેરવી નાંખ્યું છે. પરેડની વિશેષતામાં આ વખતે અપાચે અને ચિનૂક પ્રકારની ખાસ ફાઈટર હેલિકોપ્ટરો ઉપરાંત રફાલ વિમાન પણ જોવા મળશે.

પ્રજાસત્તાક દિવસ એ લોકશાહી પર આધારિત આપણા પ્રજાસત્તાકનાં આદર્શોને યાદ રાખવાની તક છે. ભારતનું બંધારણ ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ ના રોજ અમલમાં આવ્યું, તેથી ૨૬ જાન્યુઆરીને પ્રજાસત્તાક દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ગણતંત્ર દિનની પૂર્વ સંધ્યાએ એટલે કે આજે સાંજે રાષ્ટ્રપતિ કોવિંદે રાષ્ટ્ર જોગ સંબોધન કર્યું હતું. તેમણે દેશવાસીઓને ૭૧મા પ્રજાસત્તાક દિન પર અભિનંદન આપ્યા હતા..

૨૬ જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ રાજપથ ઉપર તિરંગો ફરકાવશે. સામાન્ય રીતે ૧૫ ઓગસ્ટે લાલ કિલ્લા પર વડા પ્રધાન ધ્વજ ફરકાવે છે. પરંતુ. રાષ્ટ્રપતિ બંધારણીય વડા હોય છે, તેથી પ્રજાસત્તાક દિવસ પર રાષ્ટ્રપતિ ધ્વજ ફરકાવે છે.

પ્રજાસત્તાક દિનની પરેડ ૨૬ જાન્યુઆરીએ સવારે ૯.૫૦ કલાકે શરૂ થશે. પરેડ સંબંધિત કાર્યક્રમોની શરૂઆત સવારે ૯ વાગ્યે ઈન્ડિયા ગેટથી થશે. પરેડમાં કોઈ અવરોધ ન આવે તે માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. સલામતી ચક્રને ચાર ભાગોમાં વહેંચવામાં આવ્યો છે. પરેડ લાલ કિલ્લાના ગ્રાઉન્ડથી વિજય ચોક, રાજપથ, ઈન્ડિયા ગેટ, તિલક માર્ગ, બહાદુર શાહ ઝફર માર્ગ, નેતાજી સુભાષ માર્ગ, લાલ કિલ્લા ચોક સુધી પહોંચશે. આ સમય દરમિયાન, સેન્ટ્રલ સચિવાલય, ઉદ્યોગ ભવન, પટેલ ચોક, રેસકોર્સ, મંડી હાઉસ અને પ્રગતિ મેદાનના છ મેટ્રો સ્ટેશન બંધ રહેશે.

આ વર્ષે પરેડમાં કંઈક નવું આકર્ષણ બનવાનું છે - જેમાં અપાચે એટેક હેલિકોપ્ટર આકાશમાં જોવા મળશે, ચિનૂક હાવલિફ્ટ હેલિકોપ્ટર પણ ઉડશે, સીડીએસ, સીઆરપીએફની મહિલા હિંમત ટીમ ત્રણેય દળોના વડા સાથે રવાના થશે.

પ્રજાસત્તાક દિનની ઉજવણી માટે દિલ્હી પોલીસે વિસ્તૃત સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દીધો છે.દિલ્હી પોલીસની સ્વાત ટીમોને ખાસ તહેનાત કરવામાં આવશે અને વ્યૂહાત્મક રીતે તૈનાત કરવામાં આવશે. રાજપથ ખાતે મુખ્ય સ્થળને સુરક્ષિત કરવા ઉપરાંત રાષ્ટ્રપતિ ભવન ખાતે એટ હોમ સમારોહ માટે પૂરતી સુરક્ષા અને ટ્રાફિકની વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રજાસત્તાક દિન નિમિત્તે તમામ જિલ્લામાં પોલીસ ખડે પગે રહેશે.

૨૬ જાન્યુઆરીએ મલ્ટિલેયર સિક્યુરિટી ગોઠવી દેવામાં આવી છે. દિલ્હી પોલીસ ટીમો ત્રણ સ્તરે સુરક્ષા વ્યવસ્થાની કાળજી લેશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે પ્રથમ ટીમનું કામ નવી દિલ્હીની બોર્ડર સીલ કરવાનું છે. બે વધારાના ડીસીપી તેનું નિરીક્ષણ કરશે.

બીજા સ્તરની ટીમ સ્થળ પર આવનારા લોકોની તપાસ કરશે. વાહનોની તપાસ કરવામાં આવશે, ત્રીજા સ્તરમાં શારીરિક ચેકિંગ કરવામાં આવશે. મળતી માહિતી મુજબ ચોથા સ્તરમાં વીઆઈપી માટે દિલ્હી પોલીસનું સિક્યુરિટી યુનિટ છે. તેમજ સુરક્ષા માટે સ્વાટ ટીમ પણ તૈનાત છે. તેમજ ૫૦૦ એક્સ-રે મશીન પણ લગાવવામાં આવી રહ્યા છે.

મળતી માહિતી મુજબ એનએસજીની એસડબ્લ્યુજી ટીમ, સ્પેશિયલ સેલની સ્વાટ ટીમ, એનએસજીની એન્ટી ડ્રોન ટીમ પણ તહેનાત કરવામાં આવશે. પરેડ રૂટ પર ૧૦૦૦ થી વધુ સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે. કેટલીક જગ્યાએ ચહેરાની ઓળખ વાળા માન્યતા ખાસ સોફ્ટવેરવાળા કેમેરા લગાવવામાં આવ્યા છે. આવા ૧૦૦ થી વધુ કેમેરા અમુક ચોક્કસ સ્થળોએ લગાવવામાં આવ્યાં છે.

નાગરિકતા કાયદાની વિરુદ્ધ

કાયદાનો વિરોધ કરે છે. આ દિશામાં શનિવારે રાજ્ય સરકારે વિધાનસભામાં કાયદાની વિરુદ્ધ પ્રસ્તાવ રાખ્યો, જેને પસાર કરવામાં આવ્યો છે.

તમને જણાવી દઈએ કે કોંગ્રેસ શરૂઆતથી આ કાયદાનો વિરોધ કરી રહી છે. કોંગ્રેસ શાસિત રાજ્યોએ આ કાયદાને લાગૂ કરવાનો ઈનકાર કરી દીધો છે. આ દિશામાં પ્રથમ પગલું કેરલની લેફ્ટ સરકારે ઉઠાવ્યું હતું. લેફ્ટ સરકારે રાજ્યની વિધાનસભામાં આ કાયદા વિરુદ્ધ પ્રસ્તાવ પાસ કર્યો હતો. ત્યારબાદ કેપ્ટન અરમિંદર સિંહના નેતૃત્વ વાળી પંજાબ સરકારે પણ આ કાયદા વિરુદ્ધ પ્રસ્તાવ પાસ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે સીએએ હેઠળ પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશથી આપેલા કેટલાક ધર્મોના શરણાર્થિઓને નાગરિકતા આપવાની જોગવાઈ છે. કાયદા પ્રમાણે નાગરિકતા માત્ર તેને આપવામાં આવશે, જે ધાર્મિક પજવણીને કારણે ભારત આવ્યા હોય. સાથે ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ પહેલા ભારત આવેલા લોકોને નાગરિકતા આપવાનો નિયમ નક્કી કરવામાં આવ્યો છે. કોંગ્રેસનો આરોપ છે કે સરકાર ધાર્મિક આધાર પર નાગરિકતા આપી રહી છે, જે બંધારણની વિરુદ્ધ છે.

પાકિસ્તાની અને બાંગ્લાદેશી

જન્મદિને રાજ ઠાકરે ભાજપ સાથે હાથ મિલાવવાનો છે એવા શુક્રવારે પ્રગટ થયેલા અહેવાલોના સંદર્ભમાં આ કટાક્ષ કરવામાં આવ્યો હતો.

જો કે શિવસેનાએ પોતે મહારાષ્ટ્રમાં સરકાર રચવા સેક્યુલર કહેવાતા કોંગ્રેસ અને એનસીપી સાથે હાથ મિલાવીને પોતાના હિન્દુત્વવાદને થોડો હળવો કર્યો હતો.

રસપ્રદ વાત એ છે કે નાગરિકતા અંગેના નવા કાયદા અને નાગરિકોના રજિસ્ટરના મુદ્દે કોંગ્રેસ અને એનસીપી વિરોધ કરી રહ્યા છે જ્યારે શિવસેનાએ પાકિસ્તાની અને બાંગ્લા દેશી મુસ્લિમોને હાકી કાઢવાની વાત કરીને પોતાના બંને સાથીદારો કરતાં જુદો મત વ્યક્ત કર્યો હતો.

જમ્મુ-કાશ્મીરમાં મોટી

2G મોબાઈલ ઈન્ટરનેટ સેવા શરુ કરવામાં આવી છે. જમ્મુ-કાશ્મીર વહીવટી તંત્રના ગૃહવિભાગની એક અધિસૂચના પ્રમાણે, મોબાઈલ ફોન પર ટુ-જી સ્પીડની સાથે ઈન્ટરનેટ સુવિધા ૨૫ જાન્યુઆરીથી ચાલુ થઈ જશે. જો કે ઘાટીના લોકો સોશિયલ મીડિયા સાઈટોનો ઉપયોગ નહી કરી શકે. પોસ્ટપેડ અને પ્રીપેડ સિમ કાર્ડ પર ડેટાની સુવિધા ઉપલબ્ધ થશે.

આ આદેશમાં કહેવામાં આવ્યું છે કે, મોબાઈલ ફોન પર ટુ-જી ઈન્ટરનેટની સુવિધા ૩૧ જાન્યુઆરી સુધી યથાવત રહેશે અને પછી તેની સમીક્ષા કરવામાં આવશે. જમ્મુ-કાશ્મીરનો વિશેષ રાજ્યનો દરજ્જો સમાપ્ત કરીને રાજ્યને બે કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વિભાજિત કરવા સાથે ૫ ઓગસ્ટથી ઘાટીમાં ઈન્ટરનેટ અને મોબાઈલથી સંપર્ક પર રોક લગાવામાં આવી હતી.

અગાઉ 2G મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓને જમ્મુના ૧૦ જિલ્લાઓ અને કાશ્મીરના કુપવાડા અને બાંદીપોરા જિલ્લાઓમાં શરૂ કરવામાં આવી હતી. આ સિવાય જમ્મુ-કાશ્મીર વહીવટી તંત્રના પ્રમુખ સચિવ રોહિત કંસલે જણાવ્યું કે, તમામ પ્રી પેડ કનેક્શનોમાં વોઈસ કોલ અને એસએમએસ સેવાઓને શરૂ કરવામાં આવી છે.

તુર્કીમાં ભયાનક ભૂકંપ

કરવા માટે ખડેપગે છે. ભૂકંપમાં અનેક બિલ્ડિંગ્સ પણ જમીનદોસ્ત થઈ ગઈ છે જેના કારણે અનેક લોકો રસ્તા પર રઝળતા થઈ ગયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ભૂકંપના ઝાટકા સ્થાનિક સમય અનુસાર રાત્રે ૮.૫૫ વાગ્યે અનુભવાયા હતા. દેશમાં ભૂકંપના ૧૫ ઝાટકા અનુભવાયા હતા. જેના કારણે સ્થાનિક લોકોમાં ડરનો માહોલ ફેલાયો હતો.

ભૂકંપના ઝાટકા તુર્કીના પાડોશી દેશો સીરીયા, ઈરાક, જોર્જિયા, અર્મેનિયા અને લેબનાનમાં અનુભવાયા હતા. તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તઈપ એર્દોગને ટ્વીટર પર કહ્યું કે ભૂકંપના કારણે ઓછામાં ઓછું નુકશાન થાય તે માટે શક્ય તેવા તમામ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

ભીમા-કોરેગાંવ કેસની

આ હિંસાની તપાસ વ્યવસ્થિત રીતે કરી રહી છે. એમાં એનઆઈએની કશી જરૂર નથી. આ પગલું લઈને કેન્દ્ર સરકાર બંધારણ વિરોધી કામ કરી રહી છે એમ પણ દેશમુખે કહ્યું હતું.

જો કે અહીં એ નોંધવું રસપ્રદ છે કે એનસીપીના પ્રમુખ શરદ પવારે પોતે મહારાષ્ટ્રના હાલના મુખ્ય પ્રધાન શિવસેનાના ઉદ્ધવ ઠાકરેને પત્ર લખીને એવી વિનંતી કરી હતી કે ભીમા-કોરેગાંવ હિંસાની તપાસ કરવા માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેટિવ ટીમની રચના કરો. પરંતુ ઠાકરે કોઈ પગલું લે એ પહેલાં કેન્દ્ર સરકારે આ કેસ એનઆઈએને ટ્રાન્સફર કરી દીધો.

દર વરસે ભીમા કોરેગાંવમાં હજારો દલિતો એકઠા થાય છે અને સંમેલન જેવું યોજાય છે. ૨૦૧૮ના જાન્યુઆરીમાં અહીં ભારે હિંસા થઈ હતી. પૂણે પોલીસે એવો દાવો કર્યો હતો કે દલિત સમાજમાં ભડકામણા પ્રવચનો થયાં હતાં એટલે હિંસા ફેલાઈ હતી. જો કે પાછળથી તેલુગુ કવિ વરવર રાવ અને સુધા ભારદ્વાજ સહિત કેટલાક ડાબેરી નેતાઓ અને કાર્યકરોની ધરપકડ પણ થઈ હતી. મહારાષ્ટ્રના હાલના શાસક પક્ષના ઘટકો દ્વારા આ હિંસાની તપાસ કરવાની માગણી થઈ હતી.

ઈસ્કોન મંદિરમાં પ્રજાસત્તાક દિને ૬૦૦ કિલો વિદેશી ફુલોથી શ્રીકૃષ્ણનો અભિષેક થશે

અમદાવાદ

૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસ નિમિત્તે ઈસ્કોન મંદિરમાં વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. મંદિરમાં સાંજે ૭ વાગ્યેથી ૬૦૦ કિલોનાં પુષ્પનો અભિષેક કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ૧૫થી વધુ પ્રકારનાં ફુલોનો ઉપયોગ કરવામાં આવશે. ઈસ્કોન મંદિરમાં પુષ્પાભિષેક મહોત્સવની ઉજવણી વર્ષમાં એક જ વાર કરવામાં આવે છે.

ઈસ્કોન મંદિરમાં ભગવાનને પુષ્પથી બનેલાં વસ્ત્રો પહેરવામાં આવશે. જેને ફ્લાવર ડ્રેસ પણ કહેવામાં આવે છે. દર્શનાર્થીઓ સવારે ૭.૧૫થી રાતના ૮.૪૫ સુધી ફલાવર ડ્રેસનાં દર્શન કરી શકશે. આ અંગે ઈસ્કોન મંદિરનાં ઉપપ્રમુખ વિષ્ણુનામદાસજીએ જણાવ્યું કે, આ પુષ્પાભિષેક મહોત્સવમાં લીલી ડચ રોઝ, ઓર્ચિડ, કાર્નેશન, વયાઈટ સ્ટાર, ટેટીસ, જીપ્સી, મેરિગોલ્ડ, ઈન્ડિયન રોઝ જેવાં અનેક પ્રકારનાં ફુલોનો ઉપયોગ કરવામાં આવશે. પુષ્પાભિષેક મહોત્સવના દિવસે ફુલોની પાંખડીઓ અલગ પાડવા માટે ૫૦થી વધુ ભક્તો સવારથી સેવા આપશે. દર્શાનાર્થીઓ માટે પણ સંપુર્ણ વ્યવસ્થા કરવામાં આવી છે.

કૃષ્ણ ભગવાન બાળપણમાં બહુ જ નટખટ હતા અને વૃંદાવનની ગોપીઓનાં વ્હાલા હતા. ત્યારે એક દિવસે વૃંદાવનની ગોપીઓએ ભગવાન કૃષ્ણને વિવિધ પ્રકારનાં ફુલોથી શૃંગાર કર્યો હતો અને ફુલોનાં અલંકાર પહેર્યા હતા. તે દિવસથી પુષ્પાભિષેકનો ઉત્સવ મનાવવામાં આવે છે. તે દિવસે સવારની પુજામાં ભગવાનનો વિશેષ પંચમ અભિષેક પણ કરવામાં આવે છે. ઈસ્કોન મંદિરમાં સવારથી જ ભક્તોની ભીડ જોવા મળશે.

વડોદરા એલસીબીએ ૭૨ ખોખા દારૂ ઝડપ્યો, ૪ની ધરપકડ

વડોદરા

નેશનલ હાઈવે નંબર ૪૮ પર કરજણ ટોલનાકા નજીકથી એલસીબી દ્વારા વિદેશી દારૂ ભરેલી ૨ ગાડી સાથે ૪ આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા હતા. ૧૧ લાખથી વધારેનો મુદ્દામાલ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વડોદરા જીલ્લા એલસીબી પોલીસને પહેલાથી બાતમી મળી હતી. સુરત તરફથી બે અલગ અલગ ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો લઈને કેટલાક ઈસમો વડોદરા તરફ જઈ રહ્યા છે. પોલીસ અને એલસીબી દ્વારા આ વોચ ગોઠવવામાં આવી હતી.

નેશનલ હાઈવે નંબર ૪૮ પર કરજણ ટોલનાકા પાસે અગાઉથી મળેલી બાતમી જેવી ગાડી નિકળતા તેને અટકાવી હતી. પોલીસે તેમાં તપાસ કરતા ગાડીમાંથી વિદેશી દારૂની ભારતીય બનાવટની ૭૨ નંગ પેટીઓ મળી આવી હતી. પુછપરછમાં આ દારૂનો જથ્થો વડોદરાનાં બુટલેગર જુબેર મેમણને પહોંચાડવામાં આવવાનો હોવાનું સામે આવ્યું છે. હાલ તો એલસીબી દ્વારા ચારેય આરોપીઓ ઉપરાંત બંન્ને ગાડીઓ પણ જપ્ત કરવામાં આવી છે. કુલ મળીને ૧૧ લાખ ૭૫ હજાર ૨૫૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરીને આગળની તપાસ ચાલુ કરવામાં આવી છે.

દિલ્હીના દરબારને ફતેહ કરવા ગુજરાતના એક ડઝનથી વધુ નેતાઓ પ્રચાર કરશે

ગાંધીનગર

દેશની રાજધાની નવી દિલ્હીની વિધાનસભાની ચૂંટણી આગામી ફેબ્રુઆરી માસમાં યોજાશે. નવી દિલ્હીમાં કમળ ખીલે તે માટે હાલ ભાજપના હાઈકમાન્ડે કવાયત હાથ ધરી છે. ભાજપના સંત્રીથી લઈને મંત્રી સુધી તમામ નેતાઓએ હાલ દિલ્હીના દરબારને ફતેહ કરવા માટે કવાયત હાથ ધરી છે. ગુજરાત પ્રદેશ ભાજપના પણ એક ડઝનથી વધુ નેતાઓને દિલ્હી વિધાનસભાની જવાબદારી આપવામાં આવી છે.

ગુજરાતના કેન્દ્રીય મંત્રીથી લઈને રાજયના મુખ્યમંત્રી-નાયબ મુખ્યમંત્રી અને પ્રદેશ અધ્યક્ષ પણ દિલ્હીનો દરબાર જીતવા પ્રચાર મેદાનમાં ઉતરી ગયા છે. વર્તમાન સરકાર આમ આદમી પાર્ટીએ પણ દિલ્હીમાં ફરીથી સત્તા પર આવવા માટે પૂરજોશમાં પ્રચાર શરૂ કર્યો છે. બીજી તરફ ભાજપ પણ પોતાના સ્ટાર પ્રચારકો સાથે દિલ્હી વિધાનસભામાં આમ આદમી પાર્ટીને ટક્કર આપી રહી છે. ગુજરાતના કેન્દ્રીય મંત્રી પુષોત્તમ રૂપાલા, મનસુખ માંડવિયા, મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્ય મંત્રી નીતિન પટેલ પણ ચૂંટણી પ્રચારમાં જવાના છે.

ગુજરાત ભાજપ સંગઠનમાંથી પણ પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે પ્રચારમાં ગયા છે. ઉપરાંત પૂર્વ મંત્રી શંકર ચૌધરી અને સાંસદ સી.આર. પાટીલને પણ દિલ્હી વિધાનસભાની પ્રચાર-પ્રસારની જવાબદારી સોંપવામાં આવી છે. પ્રદેશ મહામંત્રી શબ્દશરણ બ્રહમભટ્ટ, જસવંત ભાભોર, સાંસદ પૂનમ માડમ પણ દિલ્હી વિધાનસભાની ચૂંટણીના પ્રચારમાં સક્રિય છે.

દિલ્હી ચૂંટણી પ્રચારમાં ગુજરાત ભાજપની જવાબદારી અંગે પ્રદેશ ભાજપ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાંથી દિલ્હી વિધાનસભાની ચૂંટણી પ્રચાર માટે કેન્દ્રીય મંત્રી, રાજ્યના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી તેમજ પ્રદેશ સંગઠન સહિત નેતાઓએ પ્રચાર કરવા જવાના છે. નોંધનીય છે કે ગત વિધાનસભામાં આમ આદમી પાર્ટીને ૬૭ બેઠકો મળી હતી. જયારે ભાજપને માત્ર ત્રણ બેઠક જ મળી હતી. જોકે, લોકસભાની ચૂંટણીમાં ભાજપને સાત સીટ મળી છે. દિલ્હીના ત્રણ કોર્પોરેશનમાં ભાજપનું શાસન છે.

ભીખાભાઈ જાજડિયાએ કોંગ્રેસનો હાથ છોડી એનસીપીની ઘડિયાલ પહેરી

સીદસર

શંકરસિંહ વાઘેલાની ઉપસ્થિતિમાં ખેસ પહેરી ભીખાભાઈ જાજડિયા કોંગ્રેસને બાય બાય કરી એનસીપીમાં જોડાયા છે. સીદસર ખાતે મળેલી બેઠકમાં ભીખભાઈ વિધીવત રીતે એનસીપીમાં જોડાયા હતા. માર્કેટિંગ યાર્ડમાં સીદસર ગામના રહેવાસી અને પાટીદાર સમાજના ભીખાભાઈ જાજડિયા લાંબા સમયથી કોંગ્રેસમાં છે. ટુંક સમયમાં આવી રહેલી મનપાની ચૂંટણી સમયે રાજકારણમાં પક્ષ પલટાની સ્થિતિઓ ઉભી થતી હોય છે. તેવામાં ભીખાભાઈ જાજડિયા પણ કોંગ્રેસને આવજો કહીને એનસીપીમાં જોડાયા છે.

શંકરસિંહ વાઘેલાની ઉપસ્થિતિમાં ભીખાભાઈ જાજડિયા એનસીપીમાં જોડાતા રાજકારણમાં ગરમાવો આવ્યો છે. ભીખાભાઈ જાજડિયા ખેડૂત વર્ગમાં મોટું ગજુ ધરાવે છે. તેઓ લાંબા સમય સુધી યાર્ડમાં ચેરમેન પણ રહેલા છે.શનિવારે ૨૫ તારીખે સીદસર ખાતે આવેલી ભીખાભાઈ જાજડિયાની શાળામાં ખેડૂતો સાથે વાર્તાલાપ ગોઠવવામાં આવ્યો છે. તેમાં મુખ્ય મહેમાન પદે શંકરસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા છે. ભીખાભાઈ શરદ પવારની મુલાકાત લઈ ચુક્યા છે. મનપાની ચૂંટણી એનસીપીને તૃત્વ કરીને ભીખાભાઈ જાજડિયા ચૂંટણીમાં ઉતરે તેવી ચર્ચા જાગી છે.

નાગરિકતા સંશોધન કાયદાના સમર્થનમાં ૫૫૧ ફુટ લાંબી ત્રિરંગાયાત્રા યોજાઈ

આણંદ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ દ્વારા અસંખ્ય લોકોને ન્યાય અને અધિકાર આપતા નાગરિકતા સંશોધન કાયદા-સીએએના સમર્થનમાં ૫૫૧ ફુટ લાંબા ત્રિરંગા સાથે ત્રિરંગા પદયાત્રાનો વલ્લભ વિદ્યાનગર ભાઈકાકા સ્ટેચ્યુ પાસેથી પ્રારંભ થયો હતો. આ પ્રસંગે પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ ઋત્વીજ પટેલે જણાવ્યું હતું કે આ કાયદાથી અનેક લોકોને અધિકાર પ્રાપ્ત થશે. ત્યારે કેટલાક મુઠ્ઠીભર લોકો આ કાયદાનો વિરોધ કરી રહ્યા છે.

સીએએના કાયદાનું સમર્થન કરવા માટે ત્રિરંગા સાથે રેલી યોજી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહને આ કાયદો પસાર કરવા બદલ અભિનંદન આપી તેઓનું સમર્થન કરવામાં આવ્યું છે. તેઓએ વધુમાં કહ્યું હતું કે કેરાલા જેવા રાજ્યોમાં પોતાની રાજકીય ખીચડી શેકવા માટે વિધાનસભામાં સીએએનો વિરોધ કરતો પ્રસ્તાવ પસાર કરાયો છે. આ પ્રસંગે જીલ્લા ભાજપ પ્રમુખ મહેશભાઈ પટેલ, પુર્વ સાંસદ દીપકભાઈ સાથી, પુર્વ સાંસદ દીલિપભાઈ પટેલ, સાંસદ મિતેષભાઈ પટેલ, યુવા મોરચાના જીલ્લા પ્રમુખ જગતભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં યુવાનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

દિલ્હીના દરબારને ફતેહ કરવા ગુજરાતના એક ડઝનથી વધુ નેતાઓ પ્રચાર કરશે

પંચમહાલ

પંચમહાલની મોરવા હડફની સ્કૂલની છેલ્લી બેન્ચ પર બેસીને વિદ્યાર્થી અને વિદ્યાર્થીની દ્વારા જે હરકત કરવામાં આવી છે તે ચોંકાવનારી છે. ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓએ જાહેરમાં તમામ વિદ્યાર્થીઓની સામે ચુંબન કર્યું હતું. તેમજ આ ચુંબનનો વીડિયો અન્ય વિદ્યાર્થીઓએ પોતાના મોબાઈલમાં ઉતાર્યો હતો. એટલું જ નહિ, કેટલાક વિદ્યાર્થીઓ પ્રોત્સાહન પણ આપી રહ્યાં હતા. 'ભાઈ ગોઠવાઈ ગયા છે, હજુ હજુ.... ૧૫ સેકન્ડ જ થઈ છે,... ૧૭... ૧૮... ૨૦.... ૨૧..... ' તો ક્લાસમાં બેસેલા અન્ય વિદ્યાર્થીઓ ખીખીયાટા કરી રહ્યાં છે. તો કેટલાક વિદ્યાર્થીઓ આ સીન જોઈ શરમમાં મૂકાયા હતા. આમ, વર્ગખંડમાં અન્ય વિદ્યાર્થીઓ પણ આ જોઈને ડઘાઈ ગયા હાત. સતત ૩૦ સેકન્ડ સુધી વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓએ ચુંબન કર્યું હતું, જે વાયરલ થયેલા વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે.

આ મામલો સામે આવતા જ પ્રિન્સીપાલે તાત્કાલિક પગલા લીધા હતા. તેઓએ તાત્કાલિક વાલી, શિક્ષકો તથા વિદ્યાર્થીઓને બોલાવ્યા હતા. આ વીડિયો અંગે પ્રિન્સીપાલ અશ્વિન પટેલે જણાવ્યું કે, ૧૯૯૫માં આ જૂનામાં જૂની સ્કૂલ ચાલે છે. અત્યાર સુધી આવું જ કંઈ બન્યું ન હતું. આ ઘટનાને અમે વખોડીએ છીએ. વિદ્યાર્થીઓના નિવેદન લઈશું. સ્ટાફના નિવેદન આજે લીધુ છે. આજે મેં વિદ્યાર્થીઓને બોલાવ્યા હતા, જેમાંથી એક વિદ્યાર્થી આવ્યો હતો. સોમવારે વાલી તથા અન્ય વિદ્યાર્થીઓને બોલાવીશું. રિશેષના સમયે જે કૃત્ય કર્યું તેમાં અમે કાર્યવાહી કરીશું. તેમજ પ્રિન્સીપાસે પણ સ્વીકાર્યું બીજા વિદ્યાર્થીઓ આવુ કરતા અચકાય તેવા પગલા ભરીશું.

રાજ્યમાં અકસ્માતની બે ઘટના: આબુ રોડ પર કાર અને ટ્રક વચ્ચે અકસ્માતમાં એકનું મોત

બે બાઈક સામસામે અથડાતા ત્રણનાં કમકમાટીભર્યા મોત

અમદાવાદ

રાજ્યમાં બે અલગ અલગ અકસ્માતની ઘટનાઓમાં ચાર લોકોએ જીવ ગુમાવ્યો છે. અમદાવાદના પીપળજ પાસે બે બાઈક વચ્ચેની ટક્કરમાં ૩ લોકોનાં કમકમાટીભર્યા મોત નિપજયા હતા. તો બનાસકાંઠામાં આબુ રોડ પર કાર અને ટ્રક વચ્ચે અકસ્માત થતાં એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું. જ્યારે ચાર લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જેઓને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

અમદાવાદના પીપળજ પાસે અકસ્માતની વાત કરીએ તો, અહીં પૂરપાટ ઝડપે જતાં બે બાઈકો સામસામે ધડાકાભેર ટકરાઈ હતી. ટક્કરની ભયાવહતાનો ખ્યાલ તમે એ વાતથી લગાવી શકો છો કે, આ અકસ્માતમાં ૩ જિંદગીઓ ખતમ થઈ ચૂકી હતી. જ્યારે હજુ પણ એક યુવક ઈજાગ્રસ્ત થતાં તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો છે. આ મામલે પોલીસે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

તો બનાસકાંઠામાં આબુ રોડ પર અકસ્માતમાં એકનું મોત નિપજ્યું હતું. કાર અને ટ્રક વચ્ચે થયેલાં આ જીવલેણ અકસ્માતમાં ૪ લોકોને ઈજા પહોંચી હતી. આબુ રોડ પર થયેલી આ ટક્કરને કારણે થોડીવાર માટે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બનાસકાંઠાના અમીરગઢ હાઈવે પર આરાસુરી પેટ્રોલ પંપ પાસે આ અકસ્માત સર્જાયો હતો.

ટેન્કરમાંથી ઓઈલ કાઢતા ૮ શખ્સો ઝડપાયા, ૬૧ લાખનો મુદ્દામાલ જપ્ત

વડોદરા

વડોદરા કરજણ હાઈવે પર આવેલા બામણગામ નજીક ઓરિઝોન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક ખાતેની ગ્રીન એન્વાયરમેન્ટ કોર્પોરેશન નામની કંપનીમાં ઓઈલ ઠાલવવાનું મોટું કૌભાંડ જિલ્લા એસ.ઓ.જીએ ઝડપી પાડ્યું છે.

રાત્રે પોલીસને મળેલી બાતમીના આધારે કંપનીમાં દરોડો પાડતા ટેકરમાંથી ફર્નેસ ઓઈલ કાઢતા શખ્સો ઝડપાયા હતા. પોલીસે ચાર ટેકર ફર્નેસ ઓઈલ સહિત ૬૧ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી ૮ વ્યક્તિની ધરપકડ કરી છે જ્યારે એક વ્યક્તિ ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં એવું જાણવા મળ્યું હતું કે આઈઓસી કંપનીમાંથી ફર્નેસ ઓઈલ ટેકરમાં ભરીને મુંબઈ તરફ પહોંચાડવાનું હતું પરંતુ ત્યાં નહીં પહોંચાડી રસ્તા વચ્ચે જ તેને વગે કરવાનું નક્કી કર્યું હતું. આ અંગે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

વીણા કુંવરની કિન્નર અખાડાના મહામંડલેશ્વર તરીકે નિમણૂંક

અમદાવાદ

પ્રયાગરાજ ખાતે શુક્રવારે મૌની અમાવસ્યા પ્રસંગે સંગમ સ્નાન બાદ શુભ મૂહુર્તમાં ગુજરાતના મહેસાણાની કિન્નર વીણા કુંવરને કિન્નર અખાડાની મહામંડલેશ્વર તરીકે ઘોષિત કરાઈ હતી. અખાડાના આચાર્ય મહામંડલેશ્વર સ્વામી લક્ષ્મીનારાયણ ત્રિપાઠીએ અન્ય પીઠાધિશ્વરો તથા મહંતોની ઉપસ્થિતિમાં આ ઘોષણા કરી હતી. માઘસ્નાનના મેળા દરમિયાન તેમણે પાંચ મહામંડલેશ્વર, એક ડઝન પીઠાધીશ્વર તથા મહંતની નિમણૂકની પણ જાહેરાત કરી હતી. હવે ટૂંક સમયમાં જ હરિદ્વાર ખાતે એક કાર્યક્રમમાં કિન્નર વીણા સહિત અન્ય તમામ મહામંડલેશ્વરોનો પટ્ટાભિષેક પણ કરવામાં આવશે.

મૌની અમાવસ્યાએ સવારના શુભ મૂહુર્તમાં કિન્નર અખાડાના મહામંડલેશ્વર તરીકે નિમણૂંક પામ્યા બાદ કિન્નર વીણા તેમજ આચાર્ય લક્ષ્મીનારાયણ અલોપીબાગ સ્થિત શંકરાચાર્ય મઠમાં પહોંચ્યા હતા. ત્યાં સ્વામી વાસુદેવાનંદ સરસ્વતીએ તેમને આશીર્વાદ આપ્યા હતા. ઉલ્લેખનીય છે કે જગદગુરુ સ્વામી વાસુદેવાનંદ સરસ્વતીએ દેશના તમામ રાજ્યો, શહેરો અને ગામોમાં કિન્નર અખાડાના ફેલાવા પર ભાર મૂક્યો છે. તેમનું માનવું છે કે, ઉપદેવતા સ્વરૂપમાં કિન્નરોના મહત્ત્વ વિશે લોકોને જાગૃત કરવા જોઈએ. જ્યારે આચાર્ય લક્ષ્મીનારાયણે કહ્યું હતું કે, વીણા કિન્નરની મહામંડલેશ્વર તરીકે નિમણૂંકથી સંગઠનને નવી તાકાત મળશે.

જ્વેલર્સની દુકાનમાં ફાયરીંગ વીથ લૂંટની ઘટનામાં ચાર લોકોની ધરપકડ

અમદાવાદ

અમદાવાદ શહેરનાં નવા વર્ષની શરૂઆતમાં જ ફાયરીંગ વીથ લૂંટની ઘટનાએ પોલીસની ઉંઘ હરામ કરી દીધી હતી. માત્ર પંદર દિવસમાં જ અમદાવાદમાં ફાયરીંગ વીથ લૂંટની બે ઘટનાઓ સામે આવતા જ ક્રાઈમબ્રાન્ચ સહિતનો સ્ટાફ દોડતો થઈ ગયો હતો. જોકે, હવે બાપુનગર બાદ ઓઢવ લૂંટ વીથ ફાયરીંગનાં ગુનાનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે. પોલીસએ ઓઢવ ફાયરીંગ વીથ લૂંટની ઘટનામાં ચાર આરોપીઓની ધરપકડ કરી છે.

આ ગેંગ મધ્યપ્રદેશની હોવાનું સામે આવ્યું છે. આ ગેંગ શહેરમાં લૂંટની ઘટનાને અંજામ આપવા માટે આવતી હોવાનું સામે આવ્યું છે. ૮મી જાન્યુઆરીએ ઓઢવ વિસ્તારમાં આવેલ રબારી વસાહત પાસે હીરાબા જવેલર્સમાં મોડી સાંજે લૂંટારૂઓ ત્રાટક્યાં હતાં. જવેલર્સમાં દુકાનદાર સહીત ચાર લોકો હાજર હતાં તે દરમિયાન બે લુંટારુઓ ગ્રાહકનાં સ્વાંગમાં આવ્યાં હતાં. દુકાનમાં હાજર લોકોએ ચેઈન બતાવતા જ અન્ય ત્રણ લૂંટારૂઓ ત્યાં આવી પહોંચ્યા હતા. દુકાનદાર પર એક રાઉન્ડ ફાયરિંગ કરી રૂપિયા ૩ લાખ ૫૧ હજાર રોકડા સહિત ૨૦૦ ગ્રામ સોનાની લૂંટ કરી ફરાર થઈ ગયા છે.

ફાયરિંગ કર્યા બાદ આરોપીઓએ દુકાનમાં હાજર અર્જુનભાઈ ને પણ રિવોલ્વર જેવું હથિયાર મારી ઈજા પહોંચાડી હતી. દુકાનનું શટર બહારથી બંધ કરી ફરાર થઈ ગયા હતા. જોકે, બહાર ઉભેલા લોકો પ્રતિકાર કરે તે પહેલાં લૂંટારૂઓએ હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કર્યા હતા. આ સમગ્ર ઘટનામાં બે વ્યક્તિઓને ઈજા પણ પહોચી હતી. હાલમાં ક્રાઈમબ્રાન્ચએ આ ગેંગની પૂછપરછ કરીને વધુ તપાસ શરૂ કરી છે. જોકે, તપાસ દરમિયાન અન્ય કેટલાક ગુનાનાં ભેદ પણ ઉકેલાય તેવી શક્યતા છે.

હુમલા કરતા આલિયા, માલિયા, જમાલિયાઓને વીણી વીણીને સાફ કર્યા : રૂપાણી

રાજકોટની આત્મીય કોલેજમાં આયોજીત યુવા સંમેલનમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી હાજર રહ્યા હતા. વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઈ અને અમિતભાઈએ એક ઝાટકે ૩૭૦ની કલમ હટાવી કાઢી નાખી અને કાશ્મીરમાં પહેલી વખત તિરંગો ઝંડો લહેરાશે અને ધ્વજ વંદન કાર્યક્રમ કાશ્મીરમાં કરાવવામાં આવશે. આલિયા માલિયા જમાલિયાઓ છાશવારે હુમલા કરતા હતા. એ આલિયા માલિયા જમાલિયાઓને વીણી વીણીને તેના ઘરમાં જઈ જઈને પુલવામાં હશે, એર સ્ટ્રાઈક અને સર્જીકલ સ્ટ્રાઈકથી ગોતી ગોતીને સાફ કરવામાં આવ્યા છે. વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, અમેરિકા અને ઈઝરાયેલ બાદ ભારત ત્રીજો દેશ છે જેની સામે કોઈ આંખ ઉંચી કરીને જોશે તો ઈંટનો જવાબ પથ્થરથી મળશે. આ દેશમાં કહેવાતા બિન સાંપ્રદાયિકતાના ઢોંગી લોકો આજે પણ આ વાતને પચાવી શકતા નથી. ભારતને ટુકડા કરવાની વાત કરતા હતા તે લોકો આજે પણ જેએનયુમાં ટુકડા ગેંગો પચાવી શકતા નથી. દેશમાં વિરોધના નાટકો કરી રહ્યા છે.

કપડાના શો રૂમમાં સાત લાખથી વધુની રોકડ ચોરનાર રાજસ્થાની ગેંગ ઝડપાઈ

રાજકોટ

રાજકોટ પોલીસ દ્વારા કાશ્મીરથી કેરળ સુધી અને મહારાષ્ટ્રથી નેપાળ સુધી ચોરી કરનારી રાજસ્થાનના બાંસવાડાની ગેંગ પકડી પડવમાં આવી છે. ગત તારીખ ૮ જાન્યુઆરીમાં રાજકોટના ધર્મેન્દ્ર રોડ પર આવેલી કપડાના શો રૂમમાં ચોરી થઈ હતી જેમાં સાત લાખથી વધુની રોકડ રકમની ચોરી થઈ હતી. આ ગેંગ રાજકોટમાં આવી અને ચોરી કરી ફરાર થઈ ગઈ હતી ત્યારે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આ ઈન્ટરનેશનલ ચોરી કરનારી ગેંગને સઘન તપાસ ચલાવીને પ્રજાસત્તાકદિનની પૂર્વ સંધ્યાએ દબોચી લેવામાં આવી છે.

ચોરીનો ભેદ ઉકેલવા રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા અલગ અલગ ટિમો બનાવી હતી. રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ચોરી થયેલા શોરૂમ ની આસપાસના સીસીટીવી કેમેરા અને ટેકમિકલ ટિમની મદદ લેવામાં આવી હતી. સીસીટીવી ફૂટેજમાં પોલીસ ને રાજસ્થાન પાર્સિંગની કાર જોવા મળી હતી જે કારના નંબર દ્વારા રાજસ્થાન પોલીસની મદદ લઈ કાર માલિકની તપાસ કરી બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જોકે હજી એક આરોપી પોલીસ પકડથી દૂર છે.

રામનો આ દેશ છે;
પ્રેમનો સંદેશ છે.
મસ્તિષ્કે આશીર્વાદ છે;
હિમાલય દરવેશ છે.
ચેતવાનો છે આ સમય;
ગદ્દાર કાળા મેશ છે.
ખોફનાક આ ખોફ છે;
કૃષ્ણનો પ્હેરવેશ છે .
રંગ લીલો ઝેરીલો ;
કેસરી આ ખેસ છે .
થાશે ગંગા અવતરણ ;
શિવજી વિશેષ છે .
યુદ્ધ શાંતિના ભોગે ??
ખેલ તો નિઃશેષ છે .
આર યા પાર છે ;
જંગ આ વિશેષ છે .
મા ના ચરણોમાં ''દિલીપ'';
મોત શૈયા પેશ છે.

- દિલીપ વી ઘાસવાળા (સુરત)

•

એક હૈયું સમર્પિત આજે થયું,
ભારતમાતાને ચરણે મેંએ ધર્યું,
શહીદોની વ્હાલી એ ધન્યધરા,
જગ આખામાં સંસ્કૃતિ ન્યારી,
એછે દેશની અનોખી સરવાણી,
વંદુ શતશત ભારતમાતા પ્યારી.
કાશ્મીર જેવું જ્યાં સ્વર્ગ મળ્યું,
રામકૃષ્ણની પવિત્ર ધરા મળવું,
મહાવીરને બુદ્ધનું અહિંસાસત્ય,
મળે ન જગમાં કોઈ જોડ મોંઘી,
સ્વતંત્ર એ ડંકો પ્રજાએ વગાડી,
વંદુ શતશત ભારતમાતા પ્યારી.
વિવિધતામાં એકતાનું જ વસવું,
એનું ન કોઈ કરણ હવે સહેલું,
હસતાંહસતાં પ્રાણ ત્યજતીએ,
શહીદોની સ્મારકની એ ભૂમિ,
જ્યાં તજે સહુ જિંદગી વ્હાલી,
વંદુ શતશત ભારતમાતા પ્યારી.

- ડો.રિદ્ધી મહેતા "અનોખી" અમદાવાદ

•

અમે બધા અનેક છતાં એક,
કારણ લક્ષ છે અમારું એક.
ઉત્તરમાં કાશ્મીર તણો તાજ,
છે જે મા ભારતીનો સિરસાજ.
વર્ષોથી વિરોનું લોહી ખૂબ રેડાયું,
જેથી એ સિર કદીય ન ઝુકીયુ.
પૂર્વમાં બંગાળ કરી ઉંચો નાદ,
બંગભગની એકતા કરાવે યાદ.
હૈયામાં હામ લઈ કરી લલકાર,
ઝીલે છે ત્યાં વિરો બધા પડકાર.
દક્ષિણમાં આવ્યો સમુદ્ર સંગમ,
જે કહે ભારતના બધા ધર્મનો મર્મ.
બન્યા પથદર્શક જે એકતાના,
એ કલામ સાહેબ હતા તે ભૂમિના,
પક્ષીમમાં આવ્યું છે ગુજરાત,
ગાંધી સરદાર ત્યાંના ઝવેરાત.
કોઠાસૂઝ ત્યાંની છે બહુ મહાન,
મા ભારતીની વધારે જગમાં શાન.

- કિશન પંડ્યા (કેશોદ)

•

ભારત મારો મહાન દેશ છે.
વિશ્વમાં અનેરુ સન્માન પામીયુ છે.
મારા દેશની સભ્યતા પુરાણી છે.
રામ કૃષ્ણ અર્જુનની ભૂમિ છે.
બુધ્ધ મહાવીરની સંસ્કૃતિ છે.
સહિષ્ણુતાથી ભારોભાર ભર્યું છે ?.
ભગતસિંહ સુખદેવની ધરા.છે
હસતાં હસતાં ફાંસો ઝીલ્યો છે.
સૈનિકોમા જોમ જુસ્સા ભર્યા છે.





વીર સિપાહીથી દેશ ખડો છે.
રક્ષાવીરો અણનમ ઊભા છે.
વીરો થકી અમે રક્ષાયેલા છે.
દેશ વિશ્વગુરુ બની રહ્યું છે.
મંગલયાનમા ડંકો વગાડ્યો છે.
ચંદ્રયાનમાં સિધ્ધિ પામી છે.
મારા દેશમાં નારી પૂજાય છે.
રમત ગમતમા પણ અવ્વલ છે.
ભારતનો જય જયકાર છે.
આ દેશ ભારત પર ગર્વ છે.

- જયા રાણા, સુરત

•

ભારત દેશની આજ ફેલાય છે શાન,
અનોખો ભારત અમારો એનું માન.
લડે છે ખરા સપૂતો બચાવવા દેશ,
ભારતીયો કાજે આપે પણ છે જાન.
રંગીન નજારો પણ દેખાય નકશામાં,
કરે છે નવા પ્રયાસો બચાવવા આન.
ઉત્તર દક્ષિણ પૂર્વ'ને પશ્ચિમ દિશાને,
આવરે આખા ભારતનું રાષ્ટ્રીય ગાન.
કહે બધા ગૌરવથી છીએ ભારતીયો,
જન્મ ભારત ભૂમિ પર એ મહા દાન.

- કાતરીયા વૈશાલી "વૈરીયા" (રાજુલા)

•

યાદ આવી રહ્યા છે મને એ દિવસો મહાન.
શાળામાં ભણાવ્યું હતું મારો દેશ છે મહાન.
જોયું હતું નકશામાં સ્થાન ભારતનું મહાન.
સંસ્કૃતિ તો ભારતની રહેશે સદાય મહાન.
રામાયણ મહાભારત જેવા શાસ્ત્રો મહાન.
ઋષિ-મુનિ તપસ્વીઓ ની આ ધરા મહાન.
રામરાજ્ય ની એ પરિકલ્પના પણ મહાન.
વસુધૈવ કુટુંબની એ પરિકલ્પના પણ મહાન.
ગાંધી સરદાર જેવા મહા પુરૂષ પણ મહાન.
અહિંસા ને અસહકારની લડત પણ મહાન.
શહીદ ભગતસિંહની ક્રાંતિ ગાથા પણ મહાન
સરહદે બધા સૈનિકોની કુરબાની પણ મહાન.
હિમાલય અને ગંગા જેવી ક્ષમતા પણ મહાન.
ધરતી પરનું સ્વર્ગ એવું કાશ્મીર પણ મહાન.
ભૂતકાળ તો ભારતનો રહ્યો છે સદાય મહાન.
સાથીઓ હવે ભવિષ્ય પણ બનાવીએ મહાન.
રાષ્ટ્ર પ્રેમને આપણા આ સિદ્ધ કરીએ મહાન.
દેશપ્રેમની આ મસાલ લઈને નીકળે તે મહાન.
આત્મ જ્યોત ના અજવાળાનું નૂર છે મહાન.
આવો સાથીઓ ભારતને બનાવી એ મહાન.
અસ્મિતા રહે અકબંધ એ પ્રાર્થના છે મહાન.

- ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

•

ધન્ય ધણી શુરાની જનની જેણે જન્મ્યા વીરો ભારતમાં
અમુલ્ય વારસો એ ધરાનો સમાયો ઉંડા એના થાનકમાં
લખ્યું જેણે શાસ્ત્રજ્ઞાન એ ઋષિઓનો ઘણો આભાર
શાસ્ત્રો છે ઘણા જૂના છતા વિજ્ઞાનનો છે મોટો આધાર
જપ તપ કરતા ઋષિમુનિને જન્મયા ઘણા દેવ -અસુર
પવિત્ર ધરા છે હિન્દની દીસંતુ જ્યાં દેવ-દાનવોનું નૂર
સુભાષ ગાંધી સરદાર જેવા થયા અનેક વીર અપાર
પરંપરા છે યુગોતણી જન્મ લેશે ઈશ એજ ધરા પર
મીરાબાઈ થઈ ભક્તનારી લક્ષ્મીબાઈ થઈ વીરાંગના
જન્મે એવી અનેકાનેક નારી દેશમાં થતા કોઈ દંગ ના
શત શત નમન હિન્દ ધરાને હર કાર્ય હોય દેશ કાજ
જનનીને વિનવે તેજલ હર જન્મ દેજે હિન્દમાંજ

- તેજલ વઘાસિયા (ઉમરાળી, જૂનાગઢ)

•

પ્રજાસત્તાક એકોતેરમાની આ ઘડી છે.
છતાં પણ આજ માતા ભારતી જો આ રડી છે.
વિચારો આજ પણ ગાંધી તણાં મૂકાય અમલે,
અહિંસાનું કરો ગૌરવ વિજયની એ કડી છે.
વહોરી'તી શહીદી જેમણે આ દેશ કાજે,
એ આઝાદી સહુની ગોળ કેરી ગાંગડી છે.
ભિતરમાં સાચવેલું જે જતનથી જીવની માફક,
એ સંસ્કારો અને એ સંસ્કૃતિ સર પાઘડી છે.
અહિંસા, સ્વાવલંબન, સત્ય ગુંથી લો જીવનમાં,
પછી જો લાગશે જીવન એ સુખની ગાંસડી છે.
પ્રજા માટે, પ્રજા દ્વારા, પ્રજા જનની થકી આ,
જે શાશન ચાલે છે એ વાતને જગે થાબડી છે.
હતો વિશ્વાસ એવો કે કદી એવું ય થાશે,
કે જવાળા કેસરી પુરવાર થાશે 'ફાંકડી છે.

- અલ્પા વસા "કાવ્યાલ્પ"

•

ભારતમાતા તને કયું સંતાન વ્હાલું?
પ્યારું પંજાબ કે કામણગારું કાશ્મીર,
મનસ્વી મહારાષ્ટ્ર કે મોજીલું મધ્યપ્રદેશ
ગર્વિલું ગુજરાત કે ગૌરવપૂર્ણ ગોવા
નાનકડું નાગાલેન્ડ કે અદકેરું અરુણાચલ
ઉલ્લાસથી ભરેલું ઉત્તરાખંડ કે હસતું હિમાચલ
બહાદુર બિહાર કે ઉદાર ઉત્તરપ્રદેશ
કામણગારૂ કર્ણાટક કે મનચલું મિઝોરમ
પુલકિત પશ્ચિમ બંગાળ કે સુંદર છત્તીસગઢ
રંગીલુ રાજસ્થાન કે કોમળ કેરળ
તેજીલું તમિલનાડુ કે ઉમંગી ઉડીસા
દબંગ દિલ્લી કે મતવાલું મિઝોરમ
હર્ષિત હરિયાણા ચાપલું ચંદીગઢ
અલ્લડ આસામ કે જિંદાદિલ ઝારખંડ
તોફાની ત્રિપુરા કે નટખટ તેલંગાણા
ભારતમાતા કહે સાંભળ ઓ ''વલસાડી વાદળ''
એકહોયકેઓગણત્રીસસંતાનતોમાનુંહોયરતન...!!!

- ભાવના પટેલ "વલસાડી વાદળ" ગાંધીનગર

•

મને વ્હાલુ મારૂ ભારત મને વ્હાલુ મારૂ ભારત
મને વ્હાલા અહિં નાં લોકો (૨)
લોંખંડી છે સરદાર ને અહિંસાવાદી છે ગાંધી
દુર કરી એ લોકો એ અંગ્રેજોની આંધી
વાત કરવી છે મારે અમર એ બલિદાન ની
સોને કી ચિડીયા ના આન બાન ને શાન ની
મને વ્હાલુ મારૂ ભારત મને વ્હાલુ મારૂ ભારત
મને વ્હાલા અહિં નાં લોકો (૨)
ઉત્તર માં હિમાલય શોભે છે ઉંચી એની શાન
દક્ષિણ માં મહાસાગર ગર્જી ને ગાય ગુણગાન
નિત નવા લોકો છે તોય બધા એક જ સમાન
કારણ કે અખંડ છે આ મારુ હિંદુસ્તાન
મને વ્હાલુ મારૂ ભારત મને વ્હાલુ મારૂ ભારત
મને વ્હાલા અહિં નાં લોકો (૨)
સંત શુરા ની ભૂમિ આ ભારત માટે દિધા માથા
એક એવા ભારત ની મારે ગાવી છે ગરવી ગાથા
સ્વચ્છ ભારત દેશ અમારો સ્વચ્છતા નો નારો
સૌથી સુંદર છે જગ માં ભારત દેશ અમારો
મને વ્હાલુ મારૂ ભારત મને વ્હાલુ મારૂ ભારત
મને વ્હાલા અહિં નાં લોકો (૨)
મુજને વ્હાલો લાગે છે ભારત દેશ પ્યારો
અલગ છે એ સૌથી લાગે સૌથી ન્યારો
બોલો સૌ સાથે એક લગાવી નારો
ઈંકલાબ જીંદાબાદ બને મહાન દેશ મારો
મને વ્હાલુ મારૂ ભારત મને વ્હાલુ મારૂ ભારત
મને વ્હાલા અહિં નાં લોકો (૨)

- મહેશ પરમાર "મોહિત" દાંતરડી (અમરેલી)

ઉત્કૃષ્ટ કામગીરી કરનાર રાજ્યનાં ૨૩ પોલીસ અધિકારીઓને સન્માનિત કરાશે

ગાંધીનગર

પોલીસની નોકરી દરમિયાન અનેક ટીકાઓ વચ્ચે પોલીસે પોતાનું કામ ઉત્તમ રીતે પાર પાડવાનું હોય છે, ગુજરાત પોલીસમાં ફરજ બજાવતા પોલીસ અધિકારીઓ અને જવાનોને તેમની કામગીરી માટે વિવિધ રીતે સન્માનીત કરવામાં આવે છે. તાજેતરમાં ભારત સરકારે ગુજરાત પોલીસમાં ઉત્કૃષ્ટ અને અતિ ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ૨૩ પોલીસ અધિકારીઓને સન્માનીત કર્યા છે જેમાં સીઆઈડી ક્રાઈમમાં ડેપ્યુટી પોલીસ સુપ્રીટેન્ડન્ટ તરીકે ફરજ બજાવતા શંકર ચૌધરીને ઉત્કૃષ્ટ કામગીરી માટે સન્માનીત કરવામાં આવશે.

આ ઉપરાંત પોલીસ ઈન્સપેકટર પરબત ગરચર, સબઈન્સપેકટર એલ એમ ગોહીલ, એસ એન શેલાર, અને આર એ સોંલકીનો સમાવેશ થાય છે. જયારે હેડ કોન્સ્ટેબલ, કિરીટ ચતુરજી, આરીફ પટેલ અને ઈશ્વર ચૌધરી પણ સન્માનના હકદાર બન્યા છે. જયારે પોલીસ કોન્સ્ટેબલ રણજીત બાવડા અને કે એમ વાઢિયાની પણ પસંદગી થઈ છે જયારે આસીસ્ટન્ટ સબઈન્સપેકટરમાં દિલીપસિંહ વાઘેલા અને વી એમ જાડેજા ઉત્કૃષ્ટ સેવા માટે સન્માનીત થશે. રાજય ગૃમચર સેવામાં ફરજ બજાવતા આઈ ઓ હિમંતસિંહ પરમાર તેમજ એઆઈઓ જગદીશ કાસુન્દ્રા, રાજીવ સૈની, રાજેન્દ્ર રાઠોડ અને વસંત મકવાણાનો પણ સમાવેશ થયો છે જયારે અતિ ઉત્કૃષ્ટ સન્માન માટે આસીસ્ટન્ટ સબઈન્સપેકટર અર્જુન પટેલ, અને કોન્સટેબલ વી એન વાલા અને ગુપ્તચર સેવાના આઈઓ દશરથસિંહ બારીયા, રમણલાલ મકવાણા, ચતુરભાઈ સોંલકી એઆઈઓ ઈફતેખાર પઠાણનો સમાવેશ થયો છે.

જયારે પ્રશંસનીય કામગીરી કરવા બદલ અજય પ્રવીણસિંહ જાડેજા (ડીવાયએસપી, જામનગર શહેર), જય કુમાર કાંતિલાલ પંડ્યા(એસીપી, પોલીસ કન્ટ્રોલરૂમ, સુરત કમિશનર ઓફિસ), શિવભદ્રસિંહ ઘનશ્યામસિંહ રાણા (ડીએસપી, નવસારી), અયુબખાન ઘાસુરા (ડી. વાય. એસપી, એસઆરપીએફ), ચંદ્રકાંત પટેલ (ડી. વાય. એસપી., એસઆરપીએફ, ગોધરા) બહાદુરસિંહ ચુડાસમા(ડીવાયએસપી, એસપી, ગાંધીનગર), અજય તળાજીયા(ડીવાયએસપી., મરિન ટાસ્ક ફોર્સ કમાન્ડર, એટીસ કેમ્પસ, અમદાવાદ) અને રિતેશ હસમુખભાઈ પટેલ (ડીવાયએસપી, મરિન ટાસ્ક ફોર્સ કમાન્ડર, એટીસ કેમ્પસ, અમદાવાદ), રાકેશ કુમાર રામ શંકર તિવારી(હેડ કોન્સ્ટેબલ, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ) સહિત ૧૯ પોલીસ કર્મીને રાષ્ટ્રપતિ પોલીસ મેડલથી સન્માનિત કરવામાં આવશે.

૧૫૦ કરોડના ખર્ચે બનેલા એરપોર્ટ જેવા બસપોર્ટનું સીએમનાં હસ્તે લોકાર્પણ

રાજકોટ

રાજ્ય સરકાર દ્વારા ૧૫૦ કરોડના ખર્ચે રાજકોટનું અદ્યતન બસપોર્ટ બનવવામાં આવ્યું છે. મલ્ટીપ્લેક્ષ અને મોલ સહિતની અનેક સુવિધાઓથી સજ્જ સૌરાષ્ટ્રનું સૌથી આધુનિક બસ સ્ટેન્ડનું મુખ્યમંત્રી વિજય રૂપાણી લોકાર્પણ કર્યું છે. રાજકોટમાં નવા બે બસ સ્ટેન્ડ બનાવવાની મુખ્યમંત્રી વિજય રૂપાણી જાહેરાત કરી છે. ભાવનગર રોડ પર અને જામનગર રોડ પર બસ સ્ટેન્ડ બનાવવાની જાહેરાત કરવામાં આવી છે.

રાજકોટ શહેરમાં એરપોર્ટ જેવા અત્યાધુનિક બસપોર્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. નવા બસ સ્ટેન્ડમાં મુસાફરો માટે ટિકિટ કાઉન્ટર અને પૂછપરછ કેન્દ્ર, ડિજિટલ ડિસ્પ્લે સાથે આવાગમનની માહિતી, યાત્રાળુ માહિતી કેન્દ્ર, વેરિએબલ સાઈન બોર્ડ, સીસીટીવી કેમેરા, વોલ્વો વેઈટિંગ રૂમ, વ્હિલચેર, લગેજ ટ્રોલી, કેન્ટીન/ રેસ્ટોરેન્ટ, ડોરમેટરી, બે માળનું અન્ડરગ્રાઉન્ડ પાર્કિંગ, રિટેલ સુપર માર્કેટ, શોપિંગ મોલ, ફૂડ કોર્ટ/પ્લાઝા, શો-રૂમ, ગેમઝોન અને સિનેમા સહિતની સુવિધા અને વ્યવસ્થા ઉભી કરવામાં આવ્યું છે.

આ બસપોર્ટમાં ૩૫૦થી વધુ દુકાનો પણ છે. નવા બસપોર્ટમાં મુસાફરોને મનોરંજન, ખાવા-પીવા, શોપિંગ જેવી અનેક વ્યવસ્થાઓનો લાભ મળશે. ગ્રાઉન્ડ ફ્લોર પર ૨૦ જેટલા પ્લેટફોર્મ બનાવાશે જ્યાં દરેક રૂટની બસોના ડિજિટલ બોર્ડ મૂકાશે. ગ્રાઉન્ડ ફ્લોર પરથી તમામ બસોનું સંચાલન થશે, જ્યારે ઉપર ચાર માળમાં ૩૫૦ જેટલી કોમર્શિયલ દુકાનો હશે. ગ્રાઉન્ડ ફ્લોરથી નીચે બે માળનું સેલર બનાવાયું છે જ્યાં એકસાથે ૧૦૦૦ જેટલા બાઈક અને ૩૦૦ જેટલી કાર પાર્ક થઈ શકશે.

ભાજપના પૂર્વ ગૃહમંત્રીની નારાજગી... કનસારા શુદ્ધિકરણ પ્રોજેક્ટ પર સવાલ ઉઠાવ્યા

ભાવનગર

ભાજપમાં હાલ નેતાઓ અને ધારાસભ્યોના નારાજગીની મોસમ ચાલી રહી છે. એક બાદ એક ધારાસભ્યો અને નેતાઓ પક્ષ સામે પોતાની નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. હવે એકાએક ભાજપમાં કેમ આ રીતે ભડકાઓ થઈ રહ્યા છે તેનું કારણ હજું જાણવા નથી મળ્યું. પણ આ વખતે ભાવનગરના પૂર્વ મંત્રી મહેન્દ્ર ત્રિવેદીએ કામ થતું ન હોવાનો આરોપ લગાવી નારાજગી વ્યક્ત કરી હતી.

પૂર્વ ગૃહમંત્રી મહેન્દ્ર ત્રિવેદીની પણ તંત્ર સામે નારાજગી વ્યક્ત કરતા કનસારા શુદ્ધિકરણ પ્રોજેક્ટ પર સવાલ ઉભા કર્યા છે. તેમણે જણાવ્યું છે કે, ૨૦૦૨માં આ પ્રોજેક્ટ માટે ૨૫ લાખ રૂપિયા ફળવાયા હતા. શુદ્ધિકરણ માટે સરકારે ૨૦૦૨માં ૨૫ લાખ રૂપિયા ફાળવ્યા હતા. પરંતુ કોઈ નક્કર કાર્યવાહી થઈ નથી. તેમણે આ મુદ્દે મનપા કમિશનર-જીપીસીબી સામે કોર્ટમાં ફરિયાદ કરી છે.

તો આ મામલે મહેન્દ્ર ત્રિવેદી અને વિભાવરી દવે વચ્ચે ગજગ્રાહની ચર્ચા પણ છે. મહેન્દ્ર ત્રિવેદી હાલ પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન છે. તેઓએ આ મામલે કહ્યું કે, ચાર તબક્કામાં કામ કરવાની રજૂઆત છે. મારા માટે કંસારાની સમસ્યા પ્રાથમિકતા છે. તંત્ર સામે નારાજગી નહીં ફરિયાદ છે.

ખેડૂતો માટે માઠા સમાચાર... ૨૭-૨૮ જાન્યુઆરીએ કમોસમી વરસાદની આગાહી

અમદાવાદ

ખેડૂતો માટે માઠા સમાચાર છે. સાયક્લોનિક સર્ક્યુલેશન ના કારણે હવામાન વિભાગે ૨૭ અને ૨૮ જાન્યુઆરીના સૌરાષ્ટ્રમાં સામાન્ય વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડોકટર જયંત સરકારે જણાવ્યું છે કે ૨૭ જાન્યુઆરીના રાજકોટ,પોરબંદર અને દ્વારકામાં કમોસમી વરસાદ થવાની સંભાવના છ. તો ૨૮ જાન્યુઆરીના વડોદરામાં સામાન્ય વરસાદની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

રાજયમાં ઠંડીથી રાહત મળવાની હવામાન વિભાગે આગાહી કરી હતી.અને શનિવારે લઘુતમ તાપમાન શુક્રવારની સરખામણીએ ૩ ડિગ્રી ઉંચુ નોંધાયુ છે. જેના કારણે ઠંડીનુ પ્રમાણ ઘટ્યુ છે.તો બીજી તરફ વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે.સાક્લોનિક સરક્યુલેશનના કારણે વાદળો ગુજરાત ઉપર આવી રહ્યા છે અને વાદળ છાયા વાતાવરણના કારણે ખેડૂતોની ચિંતામાં વધારો થઈી છે.ત્યારે અમદાવાદ શહેરમાં પણ વહેલી સવારથી વાદળછાયુ વાતાવરણ સર્જાયુ છે.

જોકે હવામાન વિભાગે જણાવ્યું કે લઘુતમ અને મહત્તમ તાપમાનમાં વધારો થશે જેના કારણે ઠંડીના પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો થશે અને તાપમાનમાં ૩ થી ૪ ડિગ્રીનો વધારો થશે. મહત્વપૂર્ણ છે કે ક્લાઈમેન્ટ ચેન્જની અસર ઋતુઓ પર થઈ રહી છે. જેના કારણે વારંવાર સિસ્ટમો સક્રિય થઈ રહી છે અને વાતાવરણમાં પલટો, કમોસમી વરસાદ,તાપમાનમાં અચાનક વધારો-ઘટાડો થઈ જવો.અને તેના કારણે સિઝન પાકને નુકસાન થાય છે અને પાકને નુકસાન થતા સિધી અસર માર્કેટમાં જોવા મળશે.

રાહુલ ગાંધી માર્ચમાં ગુજરાત પ્રવાસે, બેરોજગારીને લઈ મોદી સરકારને ઘેરશે

ગાંધીનગર

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી દેશની આર્થિક સ્થિતિ અને મંદીને લઈ ગુજરાતમાં આવીને સભાઓને ગજવશે. આગામી માર્ચ મહિનામાં કોંગ્રેસના પૂર્વ પ્રમુખ રાહુલ ગાંધી ગુજરાત આવશે. દેશમાં વધેલી બેરોજગારી અને સાંપ્રત મુદ્દાઓને સભા દ્વારા લોકો વચ્ચે મુકશે. એટલું જ નહીં, રાહુલ ગાંધી ૨૮ જાન્યુ.થી દેશભરમાં તબક્કાવાર સભા સંબોધશે. દેશની આર્થિક સ્થિતિ અને મંદીને લઈ રાહુલ ગાંધી દેશભરમાં મોદી સરકાર સામે પ્રહાર કરશે. આ માટે તેઓએ પ્લાનિંગ પણ કરી દીધું છે. ૨૮ જાન્યુઆરીથી તેઓ તબક્કાવાર દેશભરમાં ફરી ફરીને સભાઓને ગજવશે અને દેશની હાલની સ્થિતિ અંગે સરકાર વિરુદ્ધ પ્રચાર કરશે. તો આગામી માર્ચ મહિનામાં રાહુલ ગાંધી ગુજરાતમાં પણ બે સભાઓને સંબોધન કરશે. રાહુલ ગાંધીની ગુજરાત મુલાકાત માર્ચ મહિનામાં નક્કી થઈ છે. માર્ચ મહિનાના બીજા કે ત્રીજા અઠવાડિયામાં રાહુલ ગાંધી ગુજરાતના બે સ્થળોએ બે રેલીઓને સંબોધન કરશે. આ રેલીઓમાં રાહુલ ગાંધી દેશની આર્થિક સ્થિત અને મંદી જેવા મુદ્દાઓ પર કેન્દ્ર સરકારને ઘેરવાનો પ્રયાસ કરશે. તો દેશમાં વધી રહેલી બેરોજગારીને લઈ યુવાઓનો પણ સાથ મેળવવા માટે પ્રયાસ કરશે.

ગેરકાયદે વસવાટ કરતા લોકો પર સકંજો કસાયો, ૧૧ બાંગ્લાદેશીઓની ધરપકડ

અમદાવાદ

દેશમાં નાગરિકતા કાયદો અમલી બન્યા બાદ દેશભરમાં ગેરકાયદે વસવાટ કરતા લોકો સામે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે લાલ આંખ કરી છે. અમદાવાદ શહેરમાં ગેરકાયદેસર રીતે વસવાટ કરતા બાંગ્લાદેશીઓને ઝડપી લેવા એસઓજીના ડીસીપી ડૉ. હર્ષદ પટેલ અને એસપી બી.સી.સોલંકી દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં ભારતીય પુરાવા વિના અમદાવાદના ઈસનપુર ચંડોળા તળાવ પાસેના વિસ્તારમાં રહેતા ૧૧ બાંગ્લાદેશીઓની એસઓજી ક્રાઈમે ધરપકડ કરવામાં આવી છે.

અમદાવાદમાંથી દર વર્ષે આશરે ૫૦ જેટલા બાંગ્લાદેશીઓની ધરપકડ કરવામાં આવે છે અને તેમને ડિપોટ કરીને બાંગ્લાદેશ મોકલવામાં આવે છે. આમ છેલ્લા ૫ વર્ષમાં જોઈએ તો અમદાવાદમાંથી આશરે ૨૫૦ જેટલા બાંગ્લાદેશીઓને ડિપોટ કરીને પરત બાંગ્લાદેશ મોકલી દેવામાં આવ્યા છે. આ ઘટનામાં જાણવા મળી રહ્યું છે કે, ઓઢવ વિસ્તારમાં આવેલ શ્રમજીવીઓની વસાહતમાંથી ૧૧ બાંગ્લાદેશીને પોલીસે ઝડપી લીધા હતા. પોલીસ દ્વારા પકડવામાં આવેલા તમામ લોકો પાસે પાસપોર્ટ પણ ન હતા અને તે લોકો અમદાવાદમાં વાંસના સાવરણા—સાવરણી બનાવીને તેમજ છૂટક મજૂરી કામ કરીને વસવાટ કરતા હતા.

મહુવાના તરસાડીમાં છાપો મરાયો

ડુપ્લીકેટ શેમ્પુ અને વોશિંગ પાવડરનું ગોડાઉન ઝડપાયું

બ્રાન્ડેડ કંપનીના નામે નકલી માલ બનાવી બજારમાં વેચાતો હતો

સુરત

જિલ્લામાં મહુવાના તરસાડી ગામે એક ગોડાઉનમાં હિન્દુસ્તાન લીવર કંપનીના ડુપ્લિકેટ શેમ્પુ તેમજ કપડા ધોવાના પાઉડર બની રહ્યા હોવાની બાતમી મળી હતી. જેના આધારે કંપની સ્ટાફ અને સ્થાનિક પોલીસની ટીમે રેડ પાડી હતી. જેમાં ડુપ્લિકેટ શેમ્પુ તેમજ પાઉડર બનાવવાનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો.

મહુવા તાલુકાના તરસાડી ગામે હિન્દુસ્તાન લીવર કંપનીની વિવિધ પ્રોડક્ટ જેવી કે શેમ્પુ અને સર્ફ એક્સેલ પાઉડર સહિતની પ્રોડક્ટની ડુપ્લિકેટ પ્રોડક્ટ એક ગોડાઉનમા બનતી હોવાની બાતમી હિન્દુસ્તાન લિવર કંપનીના કર્મચારીને મળી હતી. જે બાતમી આધારે તેમણે ખરાઈ કરી બોમ્બે હાઈકોર્ટને જાણ કરી હતી અને તા.૨૪/૧/૨૦૨૦ને શુક્રવારના રોજ હિન્દુસ્તાન લીવર કંપનીના કર્મચારી અને બોમ્બે હાઈકોર્ટના સ્ટાફ દ્વારા મહુવા પોલીસની મદદ લઈ તરસાડી ગામે રાત્રે ગોડાઉનમાં રેડ પાડી હતી. પોલીસની રેડ દરમિયાન કેટલાક ઈસમો ગોડાઉનમા ડુપ્લિકેટ શેમ્પુ તેમજ પાઉડર બનાવી રહ્યા હતા. પોલીસ અને કંપની તેમજ હાઈકોર્ટના માણસોએ આ ગેરકાયદે ચાલતી પ્રવૃત્તિ બંધ કરાવી ડુપ્લિકેટ શેમ્પુ તેમજ પાઉડર અને તે ભરવા માટેના પાઉચ સહિત લાખો રૂપિયાનો મુદ્દામાલ સીલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ગૃહ કંકાસમાં ઠપકો આપતા પિતાને પુત્રએ ચપ્પુ માર્યું

સુરત

ડિંડોલીમાં ગઈકાલે રાત્રે માતા સાથે રકઝક કરતો પુત્રને પિતાએ ઠપકો આપ્યો હતો જેથી પુત્રએ પિતાના પેટમાં ચપ્પુ મારતા સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે.

નવી સિવિલ હોસ્પિટલની મળેલી વિગત મુજબ મૂળ મહારાષ્ટ્રના બુરહાનપુરના વતની અને હાલમાં ડિંડોલીમાં નવાગામ ખાતે મહાદેવ નગરમાં રહેતા ૫૪ વર્ષીય પ્રમોદભાઈ પુડલીકભાઈ ધનગર ટેમ્પામાં પાણીની બોટલ ડીલેવરી કરવાનું કામ કરે છે.રાત્રે ઘરમાં પ્રમોદ ભાઈને તેમના પુત્રએ પેટમાં ચપ્પુ માર્યું હતું જેથી તેમને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યા છે.

તેમના પરિવારના સભ્યોએ કહ્યું હતું કે પ્રમોદભાઈ નો પુત્ર ચેતન તેની માતા સાથે રકઝક કરતો હતો જેથી તેના પિતાએ તેને ઠપકો આપ્યો હતો જોકે પ્રમોદભાઈ અને તેના પુત્રએ પિતાને ઈરાદા પૂર્વક ચપ્પુ માર્યુ નથી.

એવું તેમની પ્રમોદની પત્નીએ કહ્યું હતું જેથી પિતા પુત્ર સામે પોલીસ ફરિયાદ કરવા માંગતા નથી એટલું જ નહિ પણ તેમની સામાન્ય ઈજા થઈ અને બીજી કોઈ તકલીફ થતી ન હોવાથી ઓપરેશન કરાવવાની પ્રમોદભાઈએ ડોક્ટરને ના પાડી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

હોમગાર્ડ જવાનની ગુંડાગીરી : યુવકને ચોર સમજી ઢોર માર મારી લૂંટી લેવાયો

સુરત

સુરતમાં હોમગાર્ડ જવાનો ની ગુંડાગર્દી સામે આવી છે. સચીન જીઆઈડીસી વિસ્તારમાં ટેમ્પો ચલાવતા સોનું નામના યુવકને ચાર જેટલા હોમગાર્ડના જવાનો એ બેરહમીપૂર્વક લાકડી વડે ફટકાર્યો છે. સોનું નામનો યુવક સચીન જીઆઈડીસી વિસ્તારમાં જ ટેમ્પો ચલાવી પોતાના પરિવારનું ગુજરાત ચલાવે છે. ગતરોજ સોનુ રાત્રીના દસ વાગ્યા દરમિયાન સચીન જીઆઈડીસી ખાતેથી પગપાળા જઈ રહ્યો હતો. જે વેળાએ ત્યાં હાજર ચાર જેટલા હોમગાર્ડના જવાનોએ સોનુને આંતરી ચોરીનો આરોપ મૂક્યો હતો. જ્યાં સોનુ પાસે રહેલા રોકડા રૂપિયા મોબાઈલ તેમજ લાયસન્સની લુંટ ચલાવી લાકડી વડે બેરહમીપૂર્વક ફટકારવામાં આવ્યો હતો.

જે બાદ યુવક બેભાન થઈ જતાં સ્થાનિક વ્યક્તિ દ્વારા સારવાર અર્થે સુરત નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. હોસ્પિટલ ખાતે લાવવામાં આવેલા સોનુંએ જણાવ્યું હતું કે, આ અંગે પોલીસ મથકમાં ફરિયાદ કરવા પણ ગયો હતો. પરંતુ સ્થાનિક પોલીસ મથકના કર્મચારીઓએ તેની સાથે ઉદ્ધતાઈભર્યું પરિવર્તન કરી ગાળો ભાંડી હતી. જ્યાં બાદમાં પોલીસ મથકેથી તગેડી મુકવામાં આવ્યો હતો. ઘટના ના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે.જે ફુટેજમાં હોમગાર્ડ જવાનો ની ગુંડાગરડી સ્પષ્ટ જોવા મળી રહી છે. ત્યારે આ ઘટના અંગે પોલીસના ઉચ્ચ અધિકારીઓ શુ તપાસ કરી કસુરવારો સામે પગલા ભરે છે તે જોવું રહ્યું.

ભયાનક આગથી ભયગ્રસ્ત બની ગયેલુ રઘુવીર ટેક્સટાઈલ માર્કેટ બિલ્ડિંગ સીલ

સુડાએ બિલ્ડિંગ સીલ કરી પ્રતિબંધિત બોર્ડ મારી દીધુ

સુરત

સારોલી રોડ પર મંગળવારે રઘુવીર સિલિયમ માર્કેટમાં લાગેલી ભીષણ આગ ૩૦ કલાક બાદ કાબુમાં આવી હતી. ભયંકર આગથી બિલ્ડિંગના સ્ટ્રક્ચરને મોટુ નુકસાન થયું હોવાથી સુડા દ્વારા માર્કેટમાં પ્રવેશ પર પ્રતિબંધ લગાવી સંપૂર્ણ માર્કેટને ભયજનક ઘોષિત કરી સીલ કરવામાં આવી છે.

સુડાના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગત મંગળવારે ૨૧મી જાન્યુઆરીના મળસ્કે સારોલી ખાતે આવેલી રઘુવીર સિલિયમ માર્કેટમાં ભીષણ આગ લાગી હતી. ૧૪ માળની ૩ વિંગની સમગ્ર માર્કેટમાં આગમાં સપડાઈ હતી. સુરત શહેર-જિલ્લા અને હજીરાના ફાયર ફાયટરો સહિત એનડીઆરએફ તેમજ સીઆઈએસએફની ટીમે આગ પર કાબુ મેળવવાનો પ્રયત્ન કર્યો હતો. ૩૦ કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવવામાં સફળતા મળી હતી. આગના લીધે માર્કેટની લગભગ તમામ દુકાનોને ભારે નુકસાન થયું હતું. મળસ્કે લાગેલી આગથી કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નથી. તમામ દુકાનો બંધ હોવાથી જાનહાનિ તો ટળી પરંતુ કરોડો રૂપિયાનો માલ અને અબજો રૂપિયાના બિલ્ડિંગ સ્ટ્રક્ચરને ભારે નુકસાન થયું હતું. સુડાના ચેયરમેન બંછાનિધિ પાની દ્વારા રઘુવીર સિલિયમ માર્કેટનું બીયુ સર્ટી બિલ્ડિંગ યુઝ સર્ટીફિકેટ રદ કરવાની સાથે માર્કેટનો પ્લાન પણ રદ કરવામાં આવ્યો હતો. આગથી બિલ્ડિંગનું સ્ટ્રક્ચર ભયજનક થયું હોવાથી દુકાન માલિકો સહિત કોઈને પણ અંદર પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. સુડા મુખ્ય કારોબારી અધિકારી દ્વારા માર્કેટની આગળ બેનર લગાવીને માર્કેટને સીલ કરવામાં આવી હોવાનો મેસેજ આપવામાં આવ્યો છે. આગનું કારણ તપાસવા માટે આગામી દિવસોમાં વિવિધ એજન્સીઓ નિરીક્ષણ કરશે.

સહારા ટ્રસ્ટ અને GNS દ્વારા ૨૬મીએ ભરૂચમાં શાનદાર રંગારંગ કાર્યક્રમનું આયોજન

ભરૂચના આંગણે આજે રૂડો અવસરઃ ૨૪ અગ્રણીઓનું "ભરૂચ રત્ન"થી સન્માન કરાશે

ગાંધીનગર

જાણીતી સેવાભાવી સંસ્થા સહારા મેમોરિયલ ચેરિટેબલ ટ્રસ્ટ અને દેશની જાણીતી મલ્ટી લેંગ્વેજ વાયર ન્યૂઝ એજન્સી જી. એન. એસ. (GNS) દ્વારા ભરુચ જિલ્લાના ગૌરવવંતા નાગરિકોને જિલ્લાનું વિશેષ સન્માન આપવામાં આવશે જેને "ભરુચ રત્ન" એવું નામ આપવામાં આવ્યું છે જેમાં વિવિધ ક્ષેત્રે વિશેષ યોગદાન આપનારા નાગરિકોને આ સન્માનથી નવાજવામાં આવશે. જેમાં કુલ ૨૪ નાગરિકો નું સન્માન થશે. જેમાં સૌથી નાની વયની દિકરી ખુશી ચુડાસમાથી લઈને ૮૦ વર્ષના વરિષ્ઠ પત્રકાર મહેન્દ્ર ગાંધી નો સમાવેશ થાય છે,

ભરૂચના સિનિયર પત્રકાર વસીમ મલેક દ્વારા આ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દક્ષિણ આફ્રિકાથી વિશેષ મેહમાન તરીકે હોલિવૂડની સોહામણી અભિનેત્રી અને મોડેલ મેરી લુઈસ પણ વિશેષ



હોલીવુડની અભિનેત્રી મેરી લૂઈસને મિસ્ટર વર્લ્ડ અસ્ફાક બેંડવાલા એંવોર્ડથી સન્માનિત કરીને પુરસ્કાર સુપરદ કરવામાં આવશે

ઉપસ્થિત રહેશે. જેમને મિસ્ટર વર્લ્ડ અસ્ફાક બેંડવાલા એંવોર્ડથી સન્માનિત કરીને પુરસ્કાર સુપરદ કરવામાં આવશે. વિવિધ ક્ષેત્રે આ સન્માન લેનાર ગૌરવવંતા નાગરિકો નીચે મુજબ છે

ભરુચ રત્ન મેળવનાર ગૌરવવંતા ભરૂચવાસીઓ

રમત ગમત

૧. મુનાફ પટેલ (ક્રિકેટર ભારતીય ક્રિકેટ ટીમ)

૨. અસ્ફાક બેંડવાલા (સાઉથ આફ્રિકામાં રહીને મિસ્ટર વર્લ્ડ બન્યા હાલ હોલિવૂડ કલાકાર અને મોડલ)

૩.ખુશી ચુડાસમા (નાની ઉમરમાં રાઈફલ શૂટિંગમાં નેશનલ ક્વોલિફાઈ કર્યું)

સામાજિક કાર્ય

૧.રશ્મિ કંસારા (બ્લડ ડોનેશન નું ઉમદા કાર્ય છેલ્લા ૨૦ વર્ષ થી)

૨.અતુલ મુલાણી (ભૂખ્યા ને ભોજન નામથી સંસ્થા ચલાવી દરરોજ ૩૦૦ થી વધુ ગરીબો ને ખાવાનું આપે છે)

૩.દિક્ષા વાનિયા (રસ્તાઓ પર નીકળી ને ગરીબોને નાસ્તો ,ખાવાનું ,કંબલ વિતાન વગેરે)

૪.મહમ્મદ ફાંસીવાલા "મરણોપરાંત " (આરોગ્ય ક્ષેત્રે ઉમદા કાર્ય)

૫.ફૈસલ પટેલ (એચએમપી ફાઉન્ડેશન નામથી સંસ્થા ચલાવી ગરીબો ની સેવા)

૬..રાકેશ ભટ્ટ (સેવા યજ્ઞ સમિતિ દ્વારા લોકસેવા)

ભારતીય સેના

૧. શહીદ યુસુફ ખીલજી "મરણોપરાંત " (વર્ષ ૨૦૦૪ માં કારગિલ યુધ્ધ માં શહીદ)

ઉદ્યોગ ક્ષેત્રે

૧.અશોક પંજવાની (પર્યાવરણ બાબતે સારું કાર્ય અને દરરોજ ૧૫૦૦૦ જેટલા કર્મચારીઓ ને મફત ભોજન)

૨.ડી આનંદપુરા (અંકલેશ્વર ઓદ્યોગીક વિસ્તાર માં સિહફાળો)

૩.એમ એસ જોલી (ઉદ્યોગ અને ફિલ્મ ક્ષેત્રે)

રાજનીતિ અને લોકસેવા

૧. એહમદ પટેલ (રાજનીતિ ક્ષેત્રે ભારતભર માં ભરુચનું નામ રોશન કર્યું

૨.મનસુખ વસાવા (સતત ૬ વાર લોકસભા સાંસદ બન્યા)

૩.છોટુભાઈ વસાવા (આદિવાસી સમાજ ના નેતા સતત ધારાસભ્ય બન્યા)

અભ્યાસ ક્ષેત્રે

૧. ડો સુનિલ ભટ્ટ (નરેન્દ્ર મોદી પર પીએચડી કરનાર પેહલા ભારતીય)

૨.ડો.ખુશ્બુ પંડયા (શોશ્યલ મીડિયા પર પીએચડી કરનાર પેહલા ભારતીય)

૩.ડો. અશ્વિન કાપડિયા (ભરૂચના પેહલા વ્યક્તિ જેઓ યુનિવર્સિટી ના વાઇસ ચાન્સેલર રહ્યા)

આરોગ્ય ક્ષેત્રે

૧.ડો સુકેતુ દવે (છેલ્લા ૨૦ વર્ષ થી મનમેળાપ કરીને સેવા આપનાર)

ફિલ્મ અને કલાજગત ક્ષેત્રે

૧.ડો તરુણ બેક્કર (ભરુચ માં રહીને ઘણી ફિલ્મો માં કામ કર્યું અને એજ વિષય પર પીએચડી કર્યું હાલ નિર્માતા દિગ્દર્શક છે)

૨. ઈમરાન બાદશાહ (સીદી નું આફ્રિકા ધમાલ નૃત્ય ને દુનિયા ના વિવિધ દેશો માં પ્રદર્શન કર્યું)

પત્રકારત્વક્ષેત્રે

૧.મહેન્દ્ર ભાઈ ગાંધી (યુવાની થી જૈફ વાય ની વયે પણ પત્રકારત્વ ,ગાંધીવાદી વિચારધારા સાથે)

સીએસ ફાઉન્ડેશનના પરિણામમાં ૨ સુરતી વિદ્યાર્થીઓ ઝળક્યા

સુરત

ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા દ્વારા ગત ડિસેમ્બર ૨૦૧૯માં લેવામાં આવેલી સીએસ ફાઉન્ડેશન પરીક્ષાનું પરીણામ શનિવારે જાહેર કરવામાં આવતા સુરતના બે વિદ્યાર્થીઓ ટોપ ૫૦ રેંકમાં ઉતીર્ણ થયા છે.

સીએસ ફાઉન્ડેશનનું સમગ્ર દેશનું પરિણામ ૬૭.૧૪ ટકા આવ્યું છે જ્યારે સુરતનું પરિણામ ૬૦.૫૫ ટકા રહ્યું છે. સુરતની તેજસ્વી વિદ્યાર્થીની નિશિ ચેતન શાહે સમગ્ર દેશના ટોપ ૫૦ વિદ્યાર્થીઓમાં ૧૭મો રેંક પ્રાપ્ત કરીને સુરતનું ગૌરવ વધાર્યું છે જ્યારે અફીફા ઈસ્માઈલ ડુમસીઆ સમગ્ર દેશના ટોપ ૫૦ વિદ્યાર્થીઓમાં ૨૨માં સ્થાને રહી છે.

નિશિ શાહ સુરતમાં પ્રથમ સ્થાને રહી છે જ્યારે અફીફા ઈસ્માઈલ ડુમસીઆ સુરત સેન્ટરમાં ચોથા સ્થાને રહી છે. નિશિએ ૪૦૦માંથી ૩૩૦ માર્ક્સ મેળવીને સુરતનું ગૌરવ વધાર્યું છે જ્યારે અફીફાના ૩૨૦ માર્ક્સ આવ્યા છે. બે વિદ્યાર્થીઓ મેદાન મારી ગયા છે.

દક્ષિણ ગુજરાતમાં વાદળછવાયા તાપમાન વધી જતા ઠંડીમાં રાહત

સુરત

આજે સવારથી જ સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે હવામાનમાં અચાનક પલટો આવતા ઠંડીથી રાહત મળી હતી. બપોરે ૧૨ વાગ્યા સુધી સૂર્ય દેવતાના દર્શન ન થતા શહેર કોઈ હિલ સ્ટેશનમાં ફેરવાયુ હોય તેવો નજારો સવારના સમયે જોવા મળ્યો હતો.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર આજે શહેરનું અધિકતમ તાપમાન ૩૧ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૬.૨ ડીગ્રી નોંધાયું છે. સવારથી જ શહેરમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે હિલ સ્ટેશન જેવો માહોલ સર્જાયો હતો. બપોરે ૧૨ વાગ્યા સુધી સૂર્ય દેવતાના દર્શન થયા ન હતા. બપોરે ૧ વાગ્યાના સુમારે સૂર્યદેવતા દેખાયા હતા. વાતાવરણમાં આવેલ પલટો અને વાદળછાયુ હવામાનથી ઠંડીમાં હંગામી રાહત મળી છે. ઉત્તર દિશાથી ફુંકાતી શીત લહેર બંધ થતા તાપમાનમાં વધારો નોંધાયો છે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનતમ તાપમાન ૧૫.૫ ડીગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૧૨.૬ ડીગ્રી નોંધાયું હતું. વલસાડમાં પણ ન્યુનતમ તાપમાન ૧૬ ડીગ્રી નોંધાયું છે. દક્ષિણ ગુજરાતમાં આજે વાદળછાયા વાતાવરણની અસરથી ઠંડીમાં નજીવી રાહત મળી છે. આગામી દિવસોમાં ફરી શીત લહેરની અસર સર્જાય તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

પ્રવાસનમંત્રી ચાવડાના હસ્તે ધ્વજવંદન કરાશે

પ્રવાસન અને મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જવાહરભાઈ ચાવડા તા.૨૬મી જાન્યુ.- પ્રજાસત્તાક દિને સવારે ૯.૦૦ વાગ્યે સુરત જિલ્લાના માંગરોળ તાલુકા મથકે સરકારી ગોડાઉનની પાછળ આયોજિત જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક ઉજવણી સમારોહમાં ઉપસ્થિત રહી ધ્વજવંદન કરાવશે. કાર્યક્રમ પૂર્ણ થયે જૂનાગઢ જવા રવાના થશે.

આહવા ખાતે નેશનલ ચાઈલ્ડ ડે નિમિત્તે વ્હાલી દિકરી દિવસની ઉજવણી

ડાંગની સ્ત્રી શક્તિને ઉજાગર કરીએ: જિલ્લા વિકાસ અધિકારી વઢવાણિયા

આહવા

ડાંગ જિલ્લાની તાલુકા શાળા આહવા ખાતે આજે તા.૨૪/૦૧/૨૦૨૦ ના રોજ ઈ.ચા.કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.કે.વઢવાણિયાના અધ્યક્ષ સ્થાને નેશનલ ચાઈલ્ડ ડે નિમિત્તે વ્હાલી દિકરી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

દિકરીના જન્મને વધામણી કરવી જોઈએ એમ જિલ્લા વિકાસ અધિકારીશ્રી એ ચ.કે.વઢવાણિયાએ ઉપસ્થિત તમામ લોકોને જણાવ્યું હતું કે હાલમાં જ દિકરીઓનો જન્મદર ઓછો થઈ રહ્યો છે. જે માટે સરકારશ્રી પણ ચિંતિત છે. માતૃવંદના,કસ્તુર બા પોષણ સહાય યોજના,હાલમાં જ લોંચ થયેલી વ્હાલી દિકરી યોજના જેવી વિવિધ યોજનાઓનો આશય દિકરીઓનું પ્રમાણ વધે તે છે. વ્હાલી દિકરી યોજના ઓગષ્ટ-૨૦૧૯ માસથી અમલી બની છે. રૂા.બે લાખથી ઓછી આવક ધરાવતા વાલીને આ યોજનાનો લાભ મળી શકે છે. જેમાં દિકરી પુખ્ત વયની થાય ત્યાં સુધીમાં રૂા.૧,૧૦,૦૦૦ ની સહાય તેમના માં-બાપને આપવાની જોગવાઈ છે.ડાંગની સ્ત્રી શક્તિને ઉજાગર કરીએ. સ્ત્રીઓ સમાજમાં માનભેર જીવી શકે તે માટે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં પણ ૩૩ ટકા અનામત આપી છે. સ્ત્રી શિક્ષણનું પ્રમાણ વધે તે માટે આપણે જાગૃત બનીએ.

દહેજ પ્રતિબંધક અધિકારીશ્રી એસ.ડી.સોરઠિયાએ શાબ્દિક પ્રવચનમાં જણાવ્યું હતું કે આજે રાષ્ટ્રિય દિકરી દિવસ છે. જ્યાં નારીનું પૂંજન થાય ત્યાં દેવતાઓનો વાસ છે. આપણને આ દિવસ ઉજવણી કરવાની જરૂર એટલા માટે પડી કે દિવસે વિદસે દિકરીઓનું પ્રમાણ સમાજમાં ઓછુ થતું જાય છે. આપણે સૌ દિકરીઓનું સન્માન કરીએ, સમાજમાં દિકરીઓનું સાતત્યપૂર્ણ અસ્તિત્વ ટકાવી રાખવા તથા બાળલગ્ન અટકાવવા સહિયારા પ્રયાસ હાથ ધરીએ. દિકરીઓનું સામાજીક સ્થાન ઉંચુ આવે તથા શિક્ષણમાં ડ્રોપઆઉટ રેશિયો ઘટે તેવા સંદેશ સાથે આપણે સૌએ સાથે મળીને કામ કરવાનું છે. વ્હાલી દિકરી યોજના અંતર્ગત ડાંગમાં ૭૧૮ દિકરીઓને લાભ આપવામાં આવ્યો છે. દિકરીઓના જન્મદરના પ્રમાણમાં સમગ્ર રાજ્યમાં ડાંગ બીજા નંબરે છે.

વસીમ બિલ્લાનો ટીકટોક વીડિયો વાયરલ...

દો ટકે કી જાન લેને કે લીયે ૯ એમએમકી ગોલી નહીં પડ઼ ઈંચ કા જીગરા ચાહિયે

સુરત

નવસારીમાં છાપરા રોડ ઉપર મણીનગર સોસાયટી નજીક જીમમાંથી બહાર નીકળી ઘરે જઈ રહેલા માથાભારે વસીમ બિલ્લાની કાર રોકી ચાર જણાં પાંચ રાઉન્ડ ફાયરિંગ કરી બે બાઈક પર ફરાર થઈ ગયા હતા. આ ઘટનામાં વસીમ બિલ્લાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. મૃતક વસીમ બિલ્લા પહેલા ફિલ્મમાં માણેક ઈરાની (બિલ્લો) સાથે કામ કર્યું હતું અને તેના જેવી જ બોડી હોય તેને ત્યારબાદ વસીમ મિર્ઝા નહી પરંતુ વસીમ બિલ્લા તરીકે ઓળખતા હતા. કસરતી બોડી અને સારી ઊંચાઈને કારણે બોલીવુડમાં સાઈડ કલાકાર તરીકે પણ કામ કર્યું હતું. તેને બોડીનું અભિમાન આવી જતા તે સુરતમાં આવી નાસીર ગેંગમાં જોડાઈને ખંડણી અને મારામારીનું કામ કરતો હતો. જેમાં વ્હોરા સમાજનાં અગ્રણી બદરી લેસવાળા ઉપર તેના ઘરે જઈને હુમલો કર્યો હતો. ભૂતકાળમાં સરદાર માર્કેટ ખાતે લીબું અને ધાણાનાં વેપારીને ૨૦ લાખની ખંડણી બાબતે ધમકી આપી હતી ત્યારે તે ઝડપાઈ ગયો હતો. છેલ્લા ત્રણ માસથી નવસારીમાં તડીપાર તરીકે રહેતો હતો.

વસીમ મિર્ઝા ઉર્ફે વસીમ બિલ્લા નામના યુવાન ઉપર ગોળીબાર થતા આ કારની આસપાસનો વિસ્તાર કોર્ડન કરી લીધો હતો. પાંચ રાઉન્ડમાં એક મિસ ફાયર થયાનું પણ જણાયું હતું. વસીમના શરીરમાંથી ૨ કારતૂસ મળી ૩ આરપાર થઈ ગઈ હતી. પોલીસે આસપાસનાં સીસીટીવી કેમેરા અંગે પણ માહિતી મેળવી વધુ તપાસ કરી રહ્યા છે.



સગીર છોકરીને ભગાડી જનાર યુવક સામે વરાછા પોલીસ મથકમાં અપહરણની ફરિયાદ નોંધાઈ હોવા છતાં ઘણાં દિવસોથી પોલીસ આરોપીને શોધી નહીં શકતા પરિવાર અને તેમના સગા સંબંધીઓએ આજે સવારે વરાછા પોલીસ મથકે ઘેરાવ કરી આરોપીને તાકીદે ઝડપી પાડવાની માંગણી કરી હતી.

છોકરીને ભગાડી જનારને પકડવામાં પોલીસ નિષ્ફળ : પોલીસ મથકે ઘેરાવ

સગીર છોકરીના પરિવારજનો અને સમાજના લોકો ઉમટી પડ્યા

સુરત

વરાછાની કિશોરીને ભગાડી જનાર યુવક અને તેના મળતીયા સગા સામે કોઈ જ કાર્યવાહી નહીં કરનાર વરાછા પોલીસ સ્ટેશને કિશોરીના પરિવારજનોએ ધસી જઈ ભારે હોબાળો મચાવ્યો હતો.

વરાછા વિસ્તારની કિશોરીને લગ્ન કરવાની લાલચ આપી ભગાડી જનાર કમલેશ જોધાભાઈ ભાલીયાની વિરૂદ્ધ વરાછા પોલીસ દ્વારા કોઈ જ પ્રકારની કાર્યવાહી કરવામાં નહીં આવતા પરિવારે પો.કમિશનરે આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી.

પો.કમિશનરને અપાયેલી આવેદનપત્રમાં પરિવારે જણાવ્યું હતું કે, આરોપી કમલેશના બનેવીના ઘરેથી ફરિયાદીની દિકરીના આધાર કાર્ડ, જન્મનું પ્રમાણપત્ર સહિતના દસ્તાવેજો પણ મળી આવ્યા હતા. તેમજ આરોપી કમલેશના મામા સરપંચ રામભાઈ ભીખાભાઈ પરમાર પણ ફરિયાદીની દિકરી ભગાડી જવામાં ભૂમિકા ભજવી છે. આરોપીઓ વિરૂદ્ધના તમામ પુરાવા મળ્યા હોવા છતાં પણ વરાછા પોલીસ દ્વારા કોઈ જ પ્રકારની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી નથી. ત્યારબાદ આજે સવારે વરાછા પોલીસ સ્ટેશને કિશોરીના પરિવારજનો એકત્રિત થઈ ભારે હોબાળો મચાવ્યો હતો.



રઘુવીર ટેક્સટાઈલ માર્કેટની ભયાનક આગ બાદ માર્કેટના જોખમી એલિવેશન અંગે માર્કેટના સંચાલકો સજાગ બન્યા છે. મિલેનિયમ માર્કેટ-૨નું એલિવેશન ઉતારી લેવાની કામગીરી માર્કેટના સંચાલકો દ્વારા સ્વૈચ્છીક રીતે શરૂ કરી દેવામાં આવી હતી.

મિલેનિયમ માર્કેટ-૨નું એલિવેશન સ્વૈચ્છીક રીતે ઉતારી લેવાનું શરૂ

રઘુવીર માર્કેટની ભયાનક દુર્ઘટના બાદ જોખમી એલિવેશન અંગે જાગૃતિ આવી

સુરત

ગત મંગળવારે સારોલી ખાતે રઘુવીર સિલિયમ માર્કેટમાં લાગેલી આગ બાદ બચાવ અને રાહત કામગીરી માટે માર્કેટના આગળના ભાગે આકર્ષણ માટે બનાવવામાં આવેલ એલિવેશન ફાયર ફાયટરોને નડતરરૂપ સાબિત થયુ હતું. ત્યારબાદ સુડા ચેરમેને બિલ્ડરો, માર્કેટ એસો. સંચાલકો સાથે બેઠક યોજી એલિવેશન દૂર કરવાની અપીલ કરી હતી. આજે મિલેનિયમ-૨ માર્કેટનું એલિવેશન ઉતારવાની કામગીરી શરૂ થઈ છે.

આંજણા ગરનાળા પાસે રઘુવીર માર્કેટના બાજુમાં આવેલ મિલેનિયમ ટુ માર્કેટ એસોસિએશન દ્વારા એલિવેશન દૂર કરવા માટે સ્વયંભુ કામગીરી હાથ ધરવામાં આવી છે. માર્કેટોને આકર્ષણરૂપ બનાવવા માટે બિલ્ડરો દ્વારા એલિવેશન કરવામાં આવે છે. આ એલિવેશનના લીધે જો ભવિષ્યમાં માર્કેટમાં આગનો બનાવ બને તો ફાયર ફાયટરોને આગ પર કાબુ મેળવવા માટે ભારે જહેમત ઉઠાવી પડશે અને તેથી આગ સમયસર કાબુમાં આવવાના બદલે વિલંબ થશે. આગથી સુરક્ષા માટે એલિવેશન નડતરરૂપ સાબિત થયુ હોવાથી આજે મિલેનિયમ-૨ની કમિટી દ્વારા એલિવેશન સ્વૈચ્છીક રીતે દૂર કરવાની કામગીરી હાથ ધરી છે.

જમવાના પૈસા માંગતા ચાઈનીઝ લારીવાળાને બેફામ ફટકારાયો

લારી પર મફત જમવા આવેલા ત્રણ યુવકોનું તોફાન

સુરત

ખટોદરા પોલીસ મથકની હદમાં એટલાન્ટા બિઝનેસ હબ પાસે આવેલી ચાઈનીઝની લારી પર જમવા ગયેલા ત્રણ ઈસમો પાસે નાણાં માંગતા ઉશ્કેરાઈ જઈ ચાઈનીઝની લારી ચલાવતા યુવકને પટ્ટા વડે માર મારી ફરાર થઈ ગયા હતા. ખટોદરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

અલથાણ-કેનાલ રોડ ખાતે આવેલ સેન્ટોસા હાઈટ્સમાં ડીમ્પી આહુજા રહે છે. તે પોતે ચાઈનીઝની લારી એટલાન્ટા બિઝનેશ હબપાસે ચલાવે છે. ગતરોજ આ વિસ્તારમાં રહેતા આયુષ બોબી ખત્રી નામનો ઈસમ તેના મિત્રો સાથે ચાઈનીઝ ફુડ ખાવા માટે ગયો હતો. ત્યારે લારીવાળાએ નાણાંની માંગણી કરતા ઉશ્કેરાઈ ગયેલા ત્રણ ઈસમોએ પટ્ટો કાઢી માર મારી ફરાર થઈ ગયા હતા. ખટોદરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

નર્મદાના ગુરુ-શિષ્યોએ જીમ્નાસ્ટીકસમાં જીલ્લાનું નામ રોશન કર્યું



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના ગુરુ અને શિષ્યોએ જીમનાસ્ટીકસની સ્પર્ધામાં રાજય કક્ષાએ રાજપીપળા શહેર અને જિલ્લાનું નામ રાજય કક્ષાએ રોશન કર્યું છે અને સમાજમાં એક આદર્શ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

ગુજરાત જીમનાસ્ટીકસ એસોસિએશન દ્વારા તારીખ ૧૭/૧૮/૧૯ આયોજિત વાસમપોર (મરોલી) મૂકામે યોજાયેલ રાજય કક્ષાની સ્પર્ધામાં નર્મદા પોલીસ જવાન સતીશકુમાર વાઘના સુપુત્ર ટ્રેમપોલિયમ જીમ્નાસ્ટીકસમાં દેવ સતીશકુમાર વાઘે સબ જુનિયર વિભાગમાં સતત બીજા વર્ષે સિલ્વર મેડલ મેળવ્યો અને વૈભવ સતીશકુમાર વાઘની ૪ ક્રમે રહી રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી થઈ.જ્યારે તેઓના કોચ અને ગુરુ એવા બીપીનચંદ્ર બાબુભાઈ વસાવાએ સિનિયર વિભાગમાં ગોલ્ડ મેડલ મેળવ્યો તો એમની દીકરી રિધ્ધિ બીપીનચંદ્ર વસાવાએ સબ જુનિયર વિભાગમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો અને ઉત્સવ તડવીએ બ્રોન્ઝ મેડલ મેળવી નર્મદા જિલ્લાનું નામ રોશન કર્યું છે.

નર્મદા LCB એ આમલી ગામથી ઈંગલિશ દારૂ તેમજ મો.સા.મળી ૧૯ હજારના મુદ્દામાલ સાથે એકને ઝડપી પાડ્યો



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા પોલીસ વડા હિમકર સિંહ (IPS)ના માર્ગદર્શન અને સુચના હેઠળ એ. એમ. પટેલ,પોલીસ ઈન્સ્પેક્ટર એલ. સી. બી. પોલીસ સ્ટાફ મારફતે જીલ્લામાં પ્રોહીબીશન ની બદી નાબુદ કરવા સ્ટાફને આપેલ સુચના અનુસાર એ.એસ.આઈ.રવિંદ્ર ભાઈની મળેલ બાતમીના આધારે કનુભાઈ બાબર ભાઈ વસાવા રહે. ડાભવણ, તા. ડેડીયાપાડા જી.નર્મદા નો રાજનભાઈ પુનીયાભાઈ વસાવા રહે.થાણા ફળીયા પ્રતાપનગર તા.નાંદોદ જી.નર્મદા નાને ત્યાં દારુ આપવા જતા કુલ્લે ભારતીય બનાવટનો ઈગ્લીશ દારુના ક્વાટરીયા નંગ ૮૫ કિ.રૂ.૮૫૦૦/- તથા મોસા-૧ કિ.રૂ.૧૦,૦૦૦/- તથા મો.ફોન નંગ -૧ કિ.રૂ. ૫૦૦ મળી કુલ.૧૯,૦૦૦/- ના મુદ્દા માલ સાથે પકડાઈ જઈ તથા આ દારૂ ભુપેંદ્રભાઈ ઉર્ફે ભુપો ભંગાભાઈ પાડવી રહે. નવાપાડા,તા.અક્કલકુવા જી.નંદુરબાર નાઓ પાસેથી લાવેલ હોવાનું જણાવતા આ ત્રણેય આરોપી વિરૂધ્ધ રાજપીપળા પો.સ્ટે.માં ગુનો રજીસ્ટર કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી.

દેશી દારૂના જથ્થા સાથે એક બુટલેગર ઝડપાયો

સુરત

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ ઓરિસ્સાના ગંજામ જિલ્લાના વતની અને ઉધના ઝુંપડપટ્ટી ખાતે રહેતા ગોપાલ ઉદય પ્રધાનના મકાનમાં પોલીસે દરોડા પાડી દેશી હાથ બનાવટનો દારૂ કિંમત રૂા.૧૮ હજાર કબજે કરી બુટલેગરની ધરપકડ કરી હતી. જ્યારે પોલીસે હેમંત ઉર્ફે ટીનીયો ગોહિલ તથા અન્ય એક વ્યક્તિને વોન્ટેડ જાહેર કર્યા હતા. પોલીસે પ્રોહિબીશન એક્ટનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જુદા જુદા બે યુવકોની આત્મહત્યા

સુરત

સરથાણા અને ચોકબજારની હદમાં આવેલા જુદા જુદા વિસ્તારોમાં બે યુવકોએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હોવાનો બનાવ પોલીસ મથકમાં નોંધાતા પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કામરેજ તાલુકાના લસકાણા ગામ ખાતે વિપુલભાઈ રાવલીયા રહે છે. ૨૩ વર્ષના આ યુવકે કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. જ્યારે બીજો અકસ્માત મોતનો બનાવ ચોક બજાર પોલીસ મથકની હદમાં નોંધાયો હતો. વેડરોડ વિષ્ણુનગર ખાતે હર્ષદ સરતાનપરા રહે છે. છેલ્લા ચારેક વર્ષથી તેઓ માનસિક રીતે બીમાર રહેતા હોય તેમણે પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. બંને બનાવોમાં સરથાણા તથા ચોકબજાર પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ હાથ ધરી છે.

નર્મદામાં તાલુકા કક્ષાના પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં નાંદોદના ૧૫ શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરાશે

આ ૧૫ શિક્ષકોમાં ગણિત વિજ્ઞાન વિષયના ૪ ખાસ શિક્ષકોનું પણ સન્માન થશે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લા માં ૭૧ માં પ્રજાસત્તાક દિનની ઉજવણીના કાર્યક્રમમાં તાલુકા કક્ષાના કાર્યક્રમમાં નાંદોદ તાલુકાના પ્રતિભાશાળી શિક્ષકોનું સન્માન કરવામાં આવશે તેમ શિક્ષણ વિભાગના એક પત્ર દ્વારા જાણવા મળ્યું છે.

આ વર્ષે નાંદોદ તાલુકાનો તાલુકા કક્ષાનો ૭૧ માં પ્રજાસત્તાક દિનની ઉજવણીનો કાર્યક્રમ શ્રી નર્મદા આશ્રમશાળા રાજપરા, નાવરા મુકામે રાખવામાં આવ્યો હોય આ કાર્યક્રમમાં શિક્ષણ વિભાગની સુચના મુજબ નાંદોદ તાલુકાના પ્રતિભાશાળી શિક્ષકોનું સન્માન કરાશે. જેમાં

તા.૨૬ જાન્યુઆરીએ ૭૧માં પ્રજાસત્તાક દિને સન્માન થનાર નાંદોદ તાલુકાના પ્રતિભાશાળી શિક્ષકોના નામ : સ્મિતાબેન પટેલ, ભવાનભાઈ વસાવા, નિમીષાબેન વસાવા, અનિલભાઈ મકવાણા, હિંમતભાઈ દિયોરા, નમિતાબેન મકવાણા, દિલાવરભાઈ વસાવા, દર્શનાબેન ચૌધરી,અંકિતા કુમારી ગોહિલ,મનીષાબેન પટેલ, વસીમખાન મોગલ, રૂચી બેન ત્રિવેદી,ડિમ્પલબેન સેરશીયા,પ્રશાંતકુમાર ચૌહાણ તથા રીટાબેન ગોહિલનો સમાવેશ થાય છે.

જાણવા મળ્યા મુજબ જિયોરપાટી પ્રા.શાળામાં ફરજ બજાવતા ગણિત વિજ્ઞાનના શિક્ષક પ્રશાંત ચૌહાણ પોતાનો રવિવારની રજાનો દિવસ પણ બાળકોના ભાવિ માટે બગાડી વધારાના કલાસ લઈ બાળકો માટે સતત ચિંતિત રહેતા હોવાનું જાણવા મળ્યું છે.

રિંગરોડ ઓવરબ્રીજ પર ઓટોરિક્ષા પલટી : શાકભાજીના વેપારીનું મોત

ગંભીર અકસ્માતમાં ઓટોરિક્ષા ચાલકનો આબાદ બચાવ

સુરત

માન દરવાજા ઓવરબ્રિજ પર રિક્ષા પલટી મારી ગઈ હતી. જેથી તેમાં સવાર શાકભાજીના વેપારી રાજેશ શાહને ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું ટુંકી સારવારમાં મોત નીપજ્યું હતું. જ્યારે આ ઘટનામાં રિક્ષા ચાલકનો આબાદ બચાવ થયો હતો. મળતી માહિતી પ્રમાણે, પાંડેસરા વિસ્તારમાં આવેલા ભક્તિનગરમાં રાજેશ કૈલાશ શાહ(ઉ.વ.૪૦)પરિવાર સાથે રહેતો હતો અને શાકભાજીનો વેપાર કરતો હતો.આજે વહેલી સવારે રાજેશ સરદાર માર્કેટમાંથી શાકભાજી લઈને રિક્ષામાં પરત ફરી રહ્યો હતો. દરમિયાન માન દરવાજા ઓવરબ્રિજ પર રિક્ષા પલટી મારી ગઈ હતી. જેના પગલે લોકો એકઠા થઈ ગયા હતા. રિક્ષામાં સવાર રાજેશ ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં ૧૦૮ મારફતે સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જયારે રિક્ષા ચાલકનો આબાદ બચાવ થયો હતો. રાજેશનું સિવિલ હોસ્પિટલમાં ટુંકી સારવાર દરમિયાન મોત નીપજતા પરિવારનો શોકનો માહોલ છવાયો છે. રાજેશના મોતના પગલે ત્રણ સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી છે.

નેશનલ ટેબલ ટેનિસ માટે મેન્સ અને વિમેન્સ ગુજરાત ટીમ જાહેર

સુરત

૨૭મી જાન્યુઆરીથી હૈદરાબાદ ખાતે યોજાનારી પ્રતિષ્ઠિત ૮૧મી સિનિયર નેશનલ અને ઈન્ટર સ્ટેટ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ માટે દસ ખેલાડીની ગુજરાતની મેન્સ અને વિમેન્સ ટીમ રવાના થઈ હતી. ભાવનગરના જિજ્ઞેશ જયસ્વાલ મેન્સ અને સ્ટેટ ચેમ્પિયન ફેનાઝ છિપીયા અનુક્રમે મેન્સ અને વિમેન્સ ટીમની આગેવાની લેશે.

હૈદરાબાદ જવા રવાના થતાં અગાઉ તમામ ખેલાડીએ ગાંધીધામ ખાતેના કચ્છ ડિસ્ટ્રિક્ટ ટેબલ ટેનિસ એસોસિયેશનના ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પલેક્સ ખાતે યોજાયેલા પ્રિ નેશનલ કેમ્પમાં હાજરી આપી હતી.

ગયા વર્ષે સિલ્વર મેડલ જીતનારી મેન્સ ટીમ આ વખતે પણ ગુજરાતને મેડલ અપાવે તેવી અપેક્ષા છે. ગુજરાતના પ્રદર્શનમાં બરોડાના ડાબોડી ખેલાડી માનુષ શાહ અને કચ્છનો ઈશાન હિંગોરાણી મહત્વના ખેલાડી બની રહેશે.

દરમિયાન ગયા વર્ષે મેડલ ચૂકી ગયેલી વિમેન્સ ટીમ આ વખતે નેશનલ્સમાં મેડલ જીતવાનો આત્મવિશ્વાસ ધરાવે છે. ગુજરાતની ટીમનો મદાર ફેનાઝ છિપીયા પર રહેલો છે. છેલ્લા કેટલાક સમયથી તે નિયમિત રીતે રમી રહી છે. સિંગલ્સમાં તેની ઉપર જવાબદારી રહેશે અને જરૂર પડશે તો તે ડબલ્સમાં પણ ભાગ લેશે.

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

આર્મીમાં ફરજ બજાવતા પતિની અંતિમક્રિયામાં ભાગ લેવા પત્નીએ હેલ્પલાઈનના દ્વાર ખખડાવ્યા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

ગોધરા પાસેના એક ગામમાંથી એક મહિલા નો હેલ્પલાઈન પર ફોન આવેલ કે તેના પતિનું અવસાન થયું છે અને તેમની અંતેષ્ટિમા મારી સાસરી વાળા ભાગ લેવા દેતા નથી મારા પતિના અંતિમ સંસ્કારમા મારે જવુ છે જે માટે ૧૮૧અભયમ મહિલા હેલ્પલાઈનમા ફોન કરતા ગોધરા અભયમ રેસ્ક્યુ વાને મહિલાના સાસરીયા ઓને સમજાવી અંતેષ્ટિમા સામેલ કરવામાં સફળતા મેળવી હતી.

આ મહિલાના મહિલાના પતિ આર્મીમા ફરજ બજાવતા હતા જેમણે સંતાન ન હોવાથી બંને પતિપત્ની વચ્ચે અવાર નવાર ઝગડા થતા હતા છેલ્લા એક વર્ષથી મહિલા તેમના પિયરમા રહેતા હતા. ટૂંકી માંદગી બાદ પતિનું મૃત્યુ થતા મહિલા તેના માતા પિતા સાથે સાસરીમા આવતા તેના સાસરિયાઓ એ તેની સાથે ઝગડો કરી તેને કાઢી મુકતા મહિલા એ અભયમને જાણ કરી કે પોતાના પતિની અંતિમ વિધિમા સામેલ થવા મદદ કરવા વિનતી કરી હતી, અભયમ ટીમ સાસરીમા પહોંચી ત્યારે વાતાવરણ તંગ હતું જેથી સમય સુચકતા વાપરી અભયમ ઘૂવારા પોલીસ કન્ટ્રોલ મા જાણ કરી પોલીસ બોલાવવામાં આવી ત્યાર બાદ સાસરિયા સાથે વાત કરી મહિલાને પતિની અંતિમ વિધિમા ભાગ લેવા દીધો હતો. ત્યારબાદ મહિલાએ જણાવેલ કે પોતાના પતિની મિલ્કત પડાવી લેવા મારા સાસરી વાળા એ આયોજન કરી મારા પતિ બીમાર પડ્યા તેની જાણ પણ મને કરી નથી અભયમ ટીમે તેમને આશ્વાસન આપી કાયદાકીય માર્ગદર્શન આપ્યું કે પતિનું પેન્શન તથા તેમની સ્થાવર, જંગમ મિલ્કતમા તે કાયદેસર વારસદાર છે અને સાસરીમા પણ રહી શકે છે આ માટેની જરૂરી કાર્યવાહી કરવા માહિતી આપી જેથી મહિલા એ અભયમ ટીમનો ખુબ આભાર માન્યો હતો.

ભરૂચ સીવીલ હોસ્પિટલમાં થયેલ ચોરીનો ભેદ ઉકલતી ભરૂચ શહેર "એ" ડીવીઝન પોલીસ સ્ટેશન સર્વેલન્સ ટીમ



ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તરફથી મિલકત સબંધી ગુનાઓનો ભેદ ઉકેલવા સુચના મળતા ડી.પી.વાઘેલા નાયબ પોલીસ અધિક્ષક ભરૂચ એ આપેલ માર્ગદર્શન આધારે ભરૂચ શહેર "એ" ડીવી. પોલીસ ઈન્સપેક્ટર એ.કે. ભરવાડની દોરવણી હેઠળ પો.સ.ઈ. કે.એચ.સુથાર તથા સર્વેલન્સ ટીમે પેટ્રોલીગ દરમ્યાન બાતમીના આધારે એક ઈસમ નામે ચિરાગભાઈ મોહનભાઈ પટેલ ઉ.વ.૨૬ રહે. મક્તમપુર,ચિમન ટેકરી, તા.જી.ભરૂચ પાસેથી કોપર પાઈપના ટુકડા સાથે મળી આવતા પુછપરછ દરમ્યાન "ચારેક મહીના પહેલા ભરૂચ સીવીલ હોસ્પીટલ માં લગાવેલ A.C.ના કોપરના પાઈપ કાપી ચોરી કરેલાનું જણાવતા ભરૂચ શહેર "એ" ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ફસ્ટ ૧૦૯/૨૦૧૯ IPC કલમ ૪૫૭, ૩૮૦ મુજબનો ગુનો શોધી કાઢી કિંમત રૂ.૨૦૦૦/- ના મુદામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

નાંદોદના સિસોદરા ગામમાં ઉધાર મચ્છી લેવા બાબતે બબાલ થતા છરા વડે જીવલેણ હુમલો

ઉધાર મચ્છી માંગતા ગ્રાહકને વેચનારે ઉધાર આપવાની ના પાડતા બોલા ચાલી બાદ મચ્છી કાપવના છરા વડે ઘા મારી ગંભીર ઈજા બાદ જાન થી મારી નાંખવાની ધમકી આપી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જીલ્લાના નાંદોદ તાલુકાના સિસોદરા ગામમાં ઉધાર મચ્છી ન આપનાર યુવાન પર જીવલેણ હુમલો કરી જાન થી મારી નાંખવાની ધમકી આપી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર સિસોદરા ગામમાં રહેતા રાહુલ રાજેશભાઈ ભીલ ગામમાં મચ્છી



વેચતો હોય ત્યાં ગામનો ઘનશ્યામ કાશીભાઈ વસાવા મચ્છી લેવા રાહુલની દુકાને ગયો ત્યાં ઉધાર મચ્છી માગતો હોય જેથી રાહુલે તેને જણાવ્યું કે તુ અગાઉ પણ ઉધાર મચ્છી લઈ ગયો છે જેના રૂપિયા હજુ સુધી આપ્યા નથી.જેથી તને મચ્છી નહિ મળે તેમ કહેતા ઘનશ્યામ એકદમ ઉશ્કેરાઈ જઈ ગમેતેમ ગાળો બોલી,હુ ક્યા મચ્છીના રૂપિયા નથી આપવાનો હુ ગામ છોડી નાશી નથી જવાનો તેમ કહી ગમેતેમ બોલતો હોય જેથી ગાળો બોલવાની ના પાડતા એ એકદમ ઉશ્કેરાઈ જઈ ઝપાઝપી કરી રાહુલનો જ મચ્છી કાપવાનો છરો લઈ તે રાહુલને મારી નાખવાના ઈરાદે જીવલેણ હુમલો કરી જમણા હાથના કાડા ઉપર તથા કોણીના ભાગે તથા છાતીના ભાગે મચ્છીના છરા વડે ઘા કરી ગંભીર ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હોય રાહુલના પિતાએ ઘનશ્યામ વિરુદ્ધ ફરિયાદ કરતા આમલેથા પોલિસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સેન્ટ્રલ ઝોને બાકી વેરો નહીં ભરાતા ૨૧ મિલ્કતો સીલ કરી

સુરત

સુરત મહાનગર પાલિકાનાં આકારણી અને વસુલાત વિભાગ સેન્ટ્રલ ઝોન ધ્વારા બાકી મ્યુનિસિપલ વેરા બાબતે સઘન ઝુંબેશ તા.૧૩/૦૧/૨૦૨૦ થી તા.૨૦/૦૧/૨૦૨૦ દરમ્યાન હાથ ધરતાં બાકી મિલ્કતદારો પૈકી વોર્ડ નં-૧ થી વોર્ડ નં.૧૨ માં આવેલ વિસ્તારો નાનપુરા મેઈન રોડ, સગરામપુરા, સલાબતપુરા, બેગમપુરા, હરીપુરા, મહિધરપુરા, સ્ટેશન રોડ, સૈયદપુરા, નાણાવટ, શાહપોર માં આવેલ ૨૧ મિલ્કતોને સીલ કરવામાં આવેલ તેમજ સદર વેરા વસુલાત ઝુંબેશ દરમ્યાન કુલ રૂ.૭૦,૧૫,૧૭૭/- વસુલ કરવામાં આવેલ છે.

તેમજ તા.૨૧/૦૧/૨૦૨૦ થી તા.૨૩/૦૧/૨૦૨૦ સુધી માં સેન્ટ્રલ ઝોનની કુલ ૭૯ મિલ્કતોને સીલ કરવામાં આવેલ છે. જેથી જે કરદાતાનો યુ.ટેક્ષ બાકી હોય તેઓએ નળ કનેકશન, ડ્રેનેજ કનેકશન તથા મિલ્કત સીલ થવાની કાર્યવાહીથી બચવા અનુરોધ કરવામાં આવે છે.

બ્યુટીપાર્લર ચલાવતી યુવતીને માર મરાયો

સુરત

સંજયનગર લીંબાયત ખાતે નજીવી બાબતે ઝઘડો કરી ગાળો બોલી બ્યુટીપાર્લરનું કામ કરતી એક યુવતીને માર મારી આરોપી ફરાર થઈ ગયો હોવાનો બનાવ લીંબાયત પોલીસ મથકમાં નોંધાયો હતો.

લીંબાયત શાંતિનગર સાંઈપૂજન રેસીડેન્સી ખાતે નીલમ કમલેશભાઈ રહે છે. આરોપી દિપક સંતોષ પાટીલ પોતાની દુકાન પર હતો. ત્યારે નિલમ ત્યાંથી પસાર થતી હતી. આ દરમ્યાન દિપકે તેને તુ મારી સામે કેમ જોયા કરે છે ? તેમ જણાવી ગાળો બોલી ગાલ પર બે થપ્પડો મારી ફરાર થઈ ગયો હતો. ઉધના પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીની એન્ડ્રોઈડ એપ્લીકેશન લોન્ચ કરાઈ સ્ટેચ્યુ ઓફ યુનિટીની ટિકીટ બુક કરાવવી હવે આસાન

ટોલ ફ્રી નંબર જાહેર-૧૮૦૦-૨૩૩-૬૬૦૦.સવારે ૭ થી સાંજનાં ૬ સુધી કાર્યરત રહેશે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

દેશનાં ઘડવૈયા શ્રી સરદાર વલ્લભ ભાઈ પટેલની વિશ્વની સૌથી ઉંચી ૧૮૨ મીટરની પ્રતિમાં દેશ-વિદેશનાં પ્રવાસીઓની પહેલી પસંદ બની છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી પર વિશ્વભરમાંથી આવતા પ્રવાસીઓ માટે અત્રે શ્રેષ્ઠતમ સુવિધાઓ ઉપલબ્ધ છે.દિન-પ્રતિદીન શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટનાં માર્ગદર્શન હેઠળ વહીવટદાર કચેરી દ્વારા પ્રવાસીઓની સરળતા માટે સુવિધાઓ વધારી રહી છે.

હવે સ્ટેચ્યુ ઓફ યુનિટીની ટીકીટ બૂકિંગ સહિતની સુવિધાઓ એન્ડ્રોઈડ મોબાઈલધારકો માટે ઉપલબ્ધ થઈ છે.તો આ સાથે અત્રે મુલાકાતે આવતા પ્રવાસીઓ મુંઝવતા પ્રશ્નોનાં નિરાકરણ માટે ટોલ ફ્રી નંબર જાહેર કરાયો છે. ૧૮૦૦-૨૩૩-૬૬૦૦ નંબર પરથી તમામ પ્રશ્નોનું નિરાકરણ મળી શકશે,જે સવારે ૮ થી સાંજનાં ૬ સુધી કાર્યરત રહેશે.

મોબાઈલ એપ્લિકેશનથી પોતાનાં પસંદગીની તારીખ અને સમયે ટિકીટ બૂકિંગ કરાવ્યા બાદ PDF ફોર્મેટમાં ક્યુઆર કોડ ટિકીટ મોબાઈલ પર મળી જશે,અને ખાસ આ ટિકિટની પ્રિન્ટ કરાવવાની કોઈ જ જરૂર નથી.પ્રવેશ સ્થળે માત્ર મોબાઈલમાં રહેલ સોફ્ટ ટિકીટ બતાવવાથી જ ક્યુઆર કોડ સ્કેન થશે અને પ્રવાસીને સરળતાથી પ્રવેશ મળી શકશે.

એપ્લીકેશન કેવી રીતે ડાઉનલોડ થઈ શકે?

ગૂગલ પ્લે સ્ટોરમાં જઈને STATUE OF UNITY OFFICIAL એપ્લિકેશન ડાઉનલોડ કરવાની રહેશે અને બાદમાં OTP જનરેટ થશે, ત્યારબાદ આપ આ એપ્લીકેશન નો ઉપયોગ કરી શકાશે.

BASIC SECURITY NETWORK (P) LTD.
GRARDIG & INVESTIGATION & MANPOWER SUPPLY
104, Bansidhar Complex, Nr. Asian Paints, GIDC Estate, Ankleshwar-393 002
Ph. 02646-225209, 227609 - Mobile : 99740 90048
email : vspbasic_1948@yahoo.co.in
CORP. OFFICE
6/3, Ravi Chambers, Nr. Relief Cinema, Ahmedabad - 380 001
Fax/Ph. (079) 5505274

Suresh Singh
Propriter
Ph. (0) 252223
Ph. : 222560
NATIONAL SECURITY FORCE & LABOUR SUPLIERS
All Category Labour Supplier
F/48, 1st Floor, Uma Complex, Opp. Bank Of baroda Nr. S.A. Motors, GIDC, Ankleshwar - 393 002

Aaiswarya Prints
Dyeing & Printing Mills P. LTD.
Block No. 72, Vareli, Taluka Palsana, Dist. SURAT-395 327

EVERY DAY IS SAFETY DAY
SAFETY HAS NO HOLIDAY
Ph : 0261 - 2397478
JALARAM
SECURITY SERVICES
Plot No. 1004, Road No.87, G.I.D.C., Sachin Surat - 394230
KRISHNA BHAVAN, 1 ST FLOOR, LAXMINAGAR AT.POST.KUMBHARIA, DIST:SURAT

Wishing a all a very Happy Republic day
Transpek Industry Limited
Transpek
Creative Chemistry
Reg.Office: 6th floor,Marble Arch Race Course Circle Vadodara-390 007,Gujarat(India)
Works: At.& Post:Ekalbara.Taluka:Padra Dist.: Vadodara-391440,Gujarat(India)

One Stop Shop for Investment
Equity
Derivetives
Commodities
Mutual Fund
Insurance
DEVASHISH
YOUR MONEY MANAGER
Devashish Securities Pvt. Ltd.
Head Office: O/7, Rose plaza, St. Rd., Bardoli -394601, Ph.no.02622 220914, 306914.
Our Presence : Vyara, Navsari, Surat, Unai, Bharuch, Kamrej, Ankleshwer, Songadh

With Best Compliments from
GANESH SECURITY SERVICES
7 Ground Floor, B, Block,Shivam Tower Kesharba Market, Gotalawadi, Katargam, Surat. Ph.: 253509

Flt. Lt. K.P. Sharma
Proprietor (MBA)
M : 9825328953
H. I. S. S.
HINDUSTAN INTELLIGENCE SECURITY SERVICES
GUJARAT (R.O.) : Building No-2, B/h BSNL Telephone Exchange Andada, Indraprasth Township, Andada, Ankleshwar Distt. Bharuch.
E-mail : hissdelhi@rediffmail.com

પ્રજાસત્તાક દિનની હાર્દિક શુભેચ્છા સહ...
Indane
ઉત્સવ ઈન્ડેન
ભરૂચમાં ઈન્ડેન ગેસના નવા કનેકશનનું વિતરણ ચાલુ
સરકાર માન્ય સબસીડીવાળા ઘર વપરાશના ડોમેસ્ટીક નવા ગેસ કનેકશન તથા હોટલ, ફેબ્રીકેટર્સ, ફેકટરી, કેટર્સના વપરાશના કોમર્શીયલ નવા કનેકશન તાત્કાલીક મેળવવા માટે મળો.
ઉત્સવ ઈન્ડેન, ભરૂચ રૂતવા ફલેટ પાસે, ગોદીરોડ,
ફોન. ૨૬૨૬૪૦, ૨૬૨૬૬૦, ૯૯૨૫૦ ૨૧૯૦૩, ૯૯૨૫૦ ૩૭૯૦૪